RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 363 Dt. 08-07-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો


Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં હાઈકોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# ૩૮ દોષિતોને ફાંસી, ૧૧ની આજીવન કેદ

## ૨૬ જુલાઈ, ૨૦૦૮ના રોજ થયેલા ૨૧ સિરિયલ બ્લાસ્ટમાં ૫૬ લોકોના થયા હતા મોત

## મૃતકોના પરિવારને ૧૦-૧૦ લાખનું વળતર આપવા આદેશ




અમદાવાદ, તા. ૭

અમદાવાદમાં ૨૦૦૮ના સિરિયલ બ્લાસ્ટ કેસમાં ગુજરાત હાઈકોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે ૩૮ દોષિતોની ફાંસીની સજા અને ૧૧ દોષિતોને આજીવન કેદની સજા યથાવત રાખી હતી. આ કેસ દેશના સૌથી ગંભીર આતંકી હુમલાઓમાંનો એક છે જેમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યો હતો અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. આ સાથે જ હાઈકોર્ટે તમામ પીડિતોને વળતર આપવાનો પણ આદેશ આપ્યો છે.

અમદાવાદમાં ૨૦૦૮માં થયેલા બોમ્બ વિસ્ફોટમાં માર્યા ગયેલા ૫૬ લોકોના પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે. ઉપરાંત ૨૦૦ થી વધુ ઘાયલોને ૧-૧ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે.

આતંકવાદી હુમલાના ૧૪ વર્ષ પછી, ૨૦૨૨માં વિશેષ અદાલતે ૪૯ દોષિતોમાંથી ૩૮ દોષિતોને ફાંસીની સજા જાહેર કરી હતી, જ્યારે ૧૧ દોષિતોને આજીવન કેદની સજા સંભળાવવામાં આવી હતી.

વિશેષ અદાલતે ગ્રઅડગ્ર અને ઈંડઈ કલમ ૩૦૨ ની જોગવાઈઓ હેઠળ સજા સંભળાવી હતી. વિશેષ અદાલતે આ કેસને 'રેયર ઓફ રેયરેસ્ટ' ગણાવ્યો હતો. ખાસ વાત એ છે કે દેશના ઈતિહાસમાં આ પહેલો એવો કેસ છે જેમાં એક પણ કેસમાં સૌથી વધુ લોકોને ફાંસીની સજા સંભળાવવામાં આવી હોય. આ પહેલા પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યાના કેસમાં ૨૬ લોકોને ફાંસી આપવામાં આવી હતી.

૨૬ જુલાઈ ૨૦૦૮ના રોજ સાંજે ૬.૩૦ કલાકે અમદાવાદમાં વિવિધ સ્થળોએ સિરિયલ બ્લાસ્ટ થયા હતા. લગભગ ૭૦ મિનિટની અંદર ૨૧ વિસ્ફોટ થયા. આ વિસ્ફોટોમાં ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા જ્યારે ૫૬ લોકોએ જીવ ગુમાવ્યો હતો.

આતંકવાદીઓએ શહેરના સૌથી વ્યસ્ત વિસ્તારો જેવા કે મણિનગર, બાપુનગર, હાટકેશ્વર, સારંગપુર, નરોડા અને કાલુપુરને ટાર્ગેટ કર્યા હતા. બોમ્બને અત્યંત ક્રૂરતાપૂર્વક સરકારી બસો, પાર્ક કરેલી સાયકલ અને કારમાં ગોઠવવામાં આવ્યા હતા, જેથી વધુમાં વધુ નુકસાન થઈ શકે.

### મણિનગર, બાપુનગર, હાટકેશ્વર, સારંગપુર, નરોડા અને કાલુપુરને ટાર્ગેટ કર્યા હતા

### ૪૯ લોકો દોષિત

ક્રાઈમ બ્રાન્ચની ટીમે દેશભરમાં ઓપરેશન ચલાવીને કુલ ૮૫ આતંકવાદીઓની ધરપકડ કરી હતી, જેમાં મુફ્તી અબુ બશર અને સફદર નાગોરી જેવા મુખ્ય કાવતરાખોરો સામેલ હતા. સુરતમાં પણ આ જ સમયે લગભગ ૧૭ જીવતા બોમ્બ મળી આવ્યા હતા, જે ડિફ્યુઝ કરીને મોટી દુર્ઘટના અટકાવવામાં આવી હતી. ૭૮ આરોપીઓ સામે કેસ ચલાવવામાં આવ્યો હતો. ફેબ્રુઆરી ૨૦૨૨માં સ્પેશિયલ કોર્ટે ૪૯ લોકોને દોષિત ઠેરવ્યા હતા, જેમાં ૩૮ આરોપીઓને ફાંસીની સજા આપવામાં આવી હતી. ભારતીય ન્યાયિક ઈતિહાસમાં આ એક ઐતિહાસિક અને રેકોર્ડબ્રેક નિર્ણય હતો.

### ૧૧૫૦થી વધુ સાક્ષીના નિવેદન, ૬૭૦૦ પાનાનો વિસ્તૃત ચુકાદો

સુનાવણી દરમિયાન કોર્ટમાં ૧૧૫૦થી વધુ સાક્ષીઓના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. આ પછી, ૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ, વિશેષ અદાલતે ૬૭૦૦ થી વધુ પાનાંનો વિગતવાર ચુકાદો જારી કર્યો હતો. વિશેષ અદાલતના આ ચુકાદાને દોષિતોએ ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો. આ અંગે લાંબી સુનાવણી બાદ હાઈકોર્ટે મંગળવારે પોતાનો ચુકાદો સંભળાવતા નીચલી અદાલતના આદેશને યથાવત રાખ્યો હતો.

### ૧૪ વર્ષ સુનાવણી બાદ વિશેષ અદાલતનો ઐતિહાસિક ચુકાદો

ઉલ્લેખનીય છે કે, ૨૦૦૮માં અમદાવાદમાં થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં હુમલાખોરોએ શહેરના અનેક ભીડભાડવાળા વિસ્તારોને નિશાન બનાવ્યા હતા. તેમા બસો, બજારો અને હોસ્પિટલોનો પણ સમાવેશ થાય છે. વિસ્ફોટ બાદ અમદાવાદ અને સુરત માંથી પણ અનેક બોમ્બ મળી આવ્યા હતા. ઈન્ડિયન મુજાહિદ્દીને આ હુમલાની જવાબદારી લીધી હતી. તપાસ એજન્સીઓના જણાવ્યા અનુસાર, ૨૦૦૨ના ગુજરાત રમખાણોનો બદલો લેવાના ષડયંત્ર હેઠળ આ વિસ્ફોટ કરવામાં આવ્યા હતા.આ કેસમાં પોલીસે ૭૮ લોકોને આરોપી બનાવ્યા હતા અને ૩૫ જુદા જુદા કેસ નોંધ્યા હતા. આ કેસોની સુનાવણી માટે એક વિશેષ અદાલતની રચના કરવામાં આવી હતી.

# અપર મિડલ ઈન્કમ ક્લબમાં હવે ગુજરાત

## ગુજરાતે મહારાષ્ટ્ર, હરિયાણા અને કેરળને રેસમાં પાછળ છોડ્યા

અમદાવાદ, તા. ૭

દેશના અર્થતંત્રના વિકાસની સાચી હદ રાષ્ટ્રીય સરેરાશથી આગળ વધીને રાજ્યના પ્રદર્શનની તપાસ કરીને માપી શકાય છે. તાજેતરમાં, તેના તાજેતરના અહેવાલમાં, વિશ્વ બેંકે શ્રીલંકા, વિયેતનામ અને ફિલિપાઇન્સ જેવા દેશોને તેમની સુધારેલી આવકના આધારે ઉચ્ચ-આવક શ્રેણીમાં પ્રમોટ કર્યા છે.

જ્યારે આ જ મેટ્રિકનો ઉપયોગ કરીને ભારતની તપાસ કરવામાં આવે છે, ત્યારે ખૂબ જ રસપ્રદ ચિત્ર ઉભરી આવે છે. ૨,૭૬૦ (એટલાસ પદ્ધતિ) ની રાષ્ટ્રીય માથાદીઠ આવક સાથે, ભારત ''નીચલી-મધ્યમ આવક'' દેશ રહે છે.

આ આંકડો નીચલી-મધ્યમ આવક માટે ૨,૪૮૮ ની વૈશ્વિક સરેરાશ કરતા થોડો વધારે છે. જો કે, મનીકંટ્રોલ રિપોર્ટ મુજબ, પાંચ રાજ્યોએ અપવાદરૂપે સારું પ્રદર્શન કર્યું છે, જે વિશ્વ બેંકના ''ઉચ્ચ-મધ્યમ આવક'' કટઓફ ૪,૬૩૬ ને વટાવી ગયું છે.

આ સમજવા માટે, વિશ્વ બેંકના મેટ્રિકને સમજવું મહત્વપૂર્ણ છે. બેંક ૧,૧૭૫ થી ઓછી આવક ધરાવતા લોકોને ''ઓછી આવક'', ૧,૧૭૫ થી ૪,૬૩૫ ની આવક ધરાવતા લોકોને ''નીચલી-મધ્યમ આવક'', ૪,૬૩૬ થી ૧૪,૩૭૫ ની આવક ધરાવતા લોકોને ''ઉચ્ચ-મધ્યમ આવક'' અને ૧૪,૩૭૫ થી વધુ આવક ધરાવતા લોકોને ''ઉચ્ચ-આવક'' માને છે.

રાજ્યવાર ડેટા જોતાં, દિલ્હી ૬,૨૧૭ ની માથાદીઠ આવક સાથે દેશમાં આગળ છે, ત્યારબાદ કર્ણાટક (૫,૫૭૯), તેલંગાણા (૫,૪૦૭), તમિલનાડુ (૫,૩૨૯) અને ગુજરાત (૪,૭૩૪) આવે છે. પાંચેય રાજ્યોએ વિશ્વ બેંકના ઉચ્ચ-મધ્યમ આવકના માપદંડને વટાવી દીધો છે.

જો આપણે આ રાજ્યોની તુલના વિશ્વના અન્ય દેશો સાથે કરીએ, તો દિલ્હીનું અર્થતંત્ર આજે દક્ષિણ આફ્રિકા (૬,૨૭૦), ફીજી (૬,૨૩૦) અને મંગોલિયા (૬,૨૧૦) જેવા દેશોને હરીફ કરે છે.

દરમિયાન, કર્ણાટક અને તેલંગાણાની પ્રતિ વ્યક્તિ આવક ઈન્ડોનેશિયા (૫,૧૨૦) અને વિયેતનામ (૪,૯૭૦) કરતાં વધી ગઈ છે.

આ એક નોંધપાત્ર સિદ્ધિ છે, કારણ કે ૧૯૯૪ માં, કોઈ પણ મુખ્ય ભારતીય રાજ્ય આ આવક કૌંસની નજીક પણ નહોતું આવ્યું.

છેલ્લા ત્રણ દાયકાના વિકાસનું વિશ્લેષણ કરીએ તો, મધ્યમ આવક ધરાવતા રાજ્યોએ સૌથી ઝડપી વિકાસ કર્યો છે. ૧૯૯૪-૯૫ થી, તેમની અર્થવ્યવસ્થામાં ૩૬.૭ ગણો વધારો થયો છે.

દરમિયાન, સૌથી ધનિક રાજ્યોના જૂથમાં ૨૮.૩ ગણો અને સૌથી ગરીબ રાજ્યોમાં માત્ર ૨૬.૬ ગણો વધારો થયો છે.

આ ત્રીસ વર્ષોમાં, ઘણા રાજ્યોનું નસીબ સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. ઉત્તર પ્રદેશ અને ઓડિશાની પ્રતિ વ્યક્તિ આવક લગભગ સમાન હતી, પરંતુ આજે, ઓડિશાના લોકો ઉત્તર પ્રદેશ કરતા ૭૫ ટકા વધુ કમાય છે. તેવી જ રીતે, આસામ, જે એક સમયે ઝારખંડના સ્તરે હતું, હવે ઝારખંડ કરતા ૪૮ ટકા વધુ માથાદીઠ આવક ધરાવે છે.

પંજાબને સૌથી વધુ નુકસાન થયું છે. ૧૯૯૪-૯૫માં દેશમાં સૌથી વધુ કમાણી કરતું રાજ્ય પંજાબ હવે રાજસ્થાનના સ્તરે આવી ગયું છે અને સાત અન્ય રાજ્યોથી પાછળ રહી ગયું છે.

# દમાસ્કસમાં શ્રેણીબદ્ધ વિસ્ફોટ

## ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનના હોટલની બહાર બોમ્બ ફૂટ્યો



નવીદિલ્હી, તા. ૭

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની સીરિયા મુલાકાત દરમિયાન સીરિયાની રાજધાની દમાસ્કસમાં એક શક્તિશાળી વિસ્ફોટ થયો હતો. અહેવાલ છે કે મેક્રોનની હોટલ નજીક આ વિસ્ફોટ થયો હતો. સુરક્ષા સૂત્રોનું કહેવું છે કે ફ્રાન્સના રાષ્ટ્રપતિએ વિસ્ફોટ સાંભળ્યો ન હતો. ફ્રેન્ચ રાષ્ટ્રપતિએ સીરિયાના રાષ્ટ્રપતિ અહેમદ અલ-શારા સાથે મુલાકાત કરી હતી. બશર અલ-અસદની સરકારને હટાવ્યા પછી સીરિયા રાજકીય સ્થિરતા અનુભવી રહ્યું હતું, પરંતુ આ વિસ્ફોટથી ત્યાં સુરક્ષા પગલાં અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. સીરિયન ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૧૮ લોકો ઘાયલ થયા છે.અહેવાલો અનુસાર, ફ્રેન્ચ રાષ્ટ્રપતિ સીરિયાની મુલાકાત લેનારા યુરોપિયન દેશના પ્રથમ રાષ્ટ્રપતિ છે. ૨૦૨૪ માં અસદને હટાવ્યા પછી અલ-શારાએ સત્તા સંભાળી હતી. આસપાસના વિસ્તારમાં વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો અને ધુમાડો જોવા મળ્યો હતો. વિસ્ફોટ બાદ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હતા અને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. રોઈટર્સના અહેવાલ મુજબ, ફ્રેન્ચ રાષ્ટ્રપતિના સુરક્ષા કર્મચારીઓએ અવાજ સાંભળ્યો ન હતો. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે રસ્તાઓ પર લોહી જોવા મળ્યું હતું. વિસ્ફોટ પછી એક વાહનમાં આગ લાગી હતી. હજુ સુધી કોઈ જૂથે હુમલાની જવાબદારી સ્વીકારી નથી. સીરિયન મીડિયા અનુસાર, વિસ્ફોટ ફોર સીઝન્સ હોટેલ પાસે થયો હતો, જ્યાં ઈમેન્યુઅલ મેક્રોન રોકાઈ રહ્યા છે. સીરિયન ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ૧૮ લોકો ઘાયલ થયા છે, જેમાં ચાર પોલીસ અધિકારીઓનો સમાવેશ થાય છે, જ્ગ્રઅગ્ર ન્યૂઝ એજન્સી અનુસાર.એક સુરક્ષા અધિકારીએ અલ જઝીરાને જણાવ્યું હતું કે જ્યાં વિસ્ફોટ થયો તે વિસ્તાર નાગરિકોથી ભરેલો હતો. તેમણે આ ઘટનાને ગુનાહિત કૃત્ય ગણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે વિસ્ફોટ પ્રવાસન મંત્રાલય પાસે થયો હતો, જ્યાં ઈમેન્યુઅલ મેક્રોન ફોર સીઝન્સ હોટેલમાં રોકાઈ રહ્યા છે. મેક્રોનના કાર્યાલયે કહ્યું હતું કે વિસ્ફોટથી પ્રવાસ પર કોઈ અસર થઈ નથી અને તે સામાન્ય રીતે ચાલી રહ્યું હતું. સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં એક વાહન આગમાં લપેટાયેલું દેખાય છે, અને રસ્તા પર લોહીના ડાઘ દેખાય છે. ઘટનામાં કોઈ જાનહાનિની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. હજુ સુધી કોઈ સંગઠને વિસ્ફોટોની જવાબદારી સ્વીકારી નથી. નોંધનીય છે કે થોડા દિવસો પહેલા, દમાસ્કસમાં જસ્ટિસ પેલેસ નજીક એક કાફેમાં વિસ્ફોટ થયો હતો, જેમાં ૧૦ લોકો માર્યા ગયા હતા અને ૨૦ અન્ય ઘાયલ થયા હતા. મેક્રોનનો કાફલો રાષ્ટ્રપતિ મહેલ તરફ રવાના થયાના થોડા સમય પછી પહેલો વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ પછી, કચરાપેટીમાંથી જ્વાળાઓ અને ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. બીજો વિસ્ફોટ ફક્ત થોડા મીટર દૂર થયો. બીજો વિસ્ફોટ ઘટનાસ્થળે પાર્ક કરેલી એમ્બ્યુલન્સ પાસે થયો, જ્યાં લગભગ બે ડઝન લોકો એકઠા થયા હતા.

## જિલ્લામાં વર્ષાઋતુની પૂર્વ તૈયારીઓની સઘન સમીક્ષા

# જિલ્લામાં સરેરાશ ૧૨૮ મીમી, સિઝનનો ૧૭.૩૩ ટકા વરસાદ

### પ્રભારી મંત્રી જીતુ વાઘાણીએ વીડિયો કોન્ફરન્સ થકી બચાવ-રાહત કામગીરીની પૂર્વ તૈયારીઓ, ઉપલબ્ધ સંસાધનોની વિગતવાર માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન, સૂચના આપ્યા

રાજકોટ, તા. ૭

રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ શ્રમ, કૌશલ્ય વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં, રાજકોટ જિલ્લામાં વહીવટી તંત્રની વર્ષાઋતુની પૂર્વ તૈયારીઓની સમીક્ષા યોજી હતી. તેમણે વીડિયો કોન્ફરન્સ થકી જિલ્લામાં બચાવ-રાહત કામગીરીની પૂર્વ તૈયારીઓ અને સંસાધનોની વિગતવાર માહિતી મેળવતા સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન સૂચના આપ્યા હતા.

આ તકે જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે મંત્રીને જિલ્લામાં વરસાદની સ્થિતિ તેમજ તંત્રની તૈયારીઓથી અવગત કરાવ્યા હતા. તેમણે જિલ્લાના તમામ તાલુકાઓમાં વરસાદની સ્થિતિ, જળાશયોમાં પાણીની આવક, સંભવિત અસરગ્રસ્ત નીચાણવાળા ગામોની યાદી તેમજ આપત્તિના સમયે બચાવ અને રાહત કામગીરી માટે તૈયાર રખાયેલા સંસાધનોની વિગતવાર માહિતી આપી હતી. જિલ્લામાં ભારે વરસાદ કે પૂર જેવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ હોવાનું બેઠકમાં જણાવાયું હતું.




રાજકોટ જિલ્લામાં છેલ્લા ૩૦ વર્ષની વરસાદની સરેરાશ ૭૪૧ મી.મી. સામે આજદિન સુધી સરેરાશ ૧૨૮.૪૫ મી.મી. વરસાદ નોંધાયો છે, જે કુલ વરસાદના ૧૭.૩૩ ટકા છે. પડધરી તાલુકામાં ૬.૨૮ ટકા, રાજકોટમાં ૧૩.૧૫ ટકા, લોધિકામાં ૨૦.૬૮ ટકા, કોટડા સાંગાણીમાં ૧૬.૦૮ ટકા, જસદણમાં ૨.૨૫ ટકા, ગોંડલમાં ૨૫.૫ ટકા, જામકંડોરણામાં ૧૫.૫૧ ટકા, ઉપલેટામાં ૨૦.૫૯ ટકા, ધોરાજીમાં ૩૨.૫૭ ટકા, જેતપુરમાં ૨૦.૩૯ ટકા અને વિંછીયામાં ૬.૦૮ ટકા વરસાદ નોંધાયો છે.

જિલ્લાના મુખ્ય ડેમોની જળ સપાટીની વિગતો અંગે જણાવાયું હતું કે, ભાદર ડેમમાં ૧૪.૩૬ ટકા, ભાદર-૨માં ૭૬.૦૦ ટકા, આજી-૩માં ૧૫.૫૫ ટકા, મોજ ડેમમાં ૩૭.૯૩ ટકા, વેણુ-૨માં ૭૬.૪૩ ટકા અને આજી-૧ ડેમમાં ૪૭.૪૭ ટકા જળસંગ્રહ ઉપલબ્ધ છે. રાજકોટ જિલ્લાની કુલ ૫૬ નાની સિંચાઈ યોજનાઓ પૈકી ૨૨ નાની સિંચાઈ યોજનાઓમાં કેનાલ કાર્યરત છે. જિલ્લાના તમામ ડેમોમાં પ્રી-મોનસુન કામગીરી જેવી કે નદીઓની સાફ-સફાઈ, ડેમ સેફટીના કામો અને ગેટ રિપેરિંગની કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે અને તમામ ડેમો પર વાયરલેસ સેટ પ્રસ્થાપિત કરવામાં આવ્યા છે.

ચોમાસા દરમિયાન અત્યાર સુધી થયેલા નુકસાનની વિગતોમાં જણાવાયું હતું કે, જસદણ તાલુકાના આટકોટ ગામે વીજળી પડવાના કારણે એક પશુનું (ગાય) મૃત્યુ નીપજ્યું છે, જ્યારે ધોરાજી તાલુકાના ભોળા ગામે પ્રાથમિક શાળાની દીવાલ ધરાશાયી થતાં એક સરકારી મકાનને નુકસાન થયું છે. જિલ્લામાં કોઈ માનવ મૃત્યુ કે મકાનોને નુકસાન થવાના અહેવાલ નથી.

ઈમરજન્સી રિસ્પોન્સ માટે જિલ્લા અને તાલુકા કક્ષાના ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત કરવામાં આવ્યા છે. જિલ્લા કંટ્રોલ રૂમ ખાતે અત્યાર સુધીમાં મળેલી તમામ ૧૧ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. તમામ ૧૧ તાલુકાઓમાં રેપિડ રિસ્પોન્સ ટીમની રચના કરવામાં આવી છે અને પૂરતા પ્રમાણમાં ક્લોરિન ટેબ્લેટ્સ, ઓઆરએસ પેકેટ્સ અને એન્ટી એપીડેમિક દવાઓનો જથ્થો ઉપલબ્ધ કરાયો છે.

આ ઉપરાંત, આપત્તિ સમયે ત્વરિત રાહત અને બચાવ કામગીરી માટે ૩૦ સભ્યોની ૧ એન.ડી.આર.એફ.ની ટીમ ઉપલેટા ખાતે અને ૩૦ સભ્યોની ૧ એસ.ડી.આર.એફ.ની ટીમ શાપર ખાતે તૈનાત કરી દેવામાં આવી છે, જેઓ વિવિધ તાલુકાઓમાં જનજાગૃતિ અને મોક ડ્રિલના કાર્યક્રમો પણ ચલાવી રહ્યા છે.

---

### ચાર જણાએ લોહીલુહાણ કરી નાંખી માથે જતાં વેપારી અને તેના દિકરાને પતાવી દેવાની ધમકી પણ દીધીઃ એ-ડિવીઝનમાં એફઆઈઆર દાખલ

# મોચીબજારમાં છોકરાઓની તકરારમાં મટનના વેપારી પર ધારીયા-છરીના ઘા

રાજકોટ,તા.૭

નહિ જેવી વાતે મોચી બજાર ખાટકી વાસમાં મટનના વેપારી પર ચાર જણાએ સશસ્ત્ર હુમલો કરી લોહીલુહાણ કરી નાંખી માથે જતાં આ વેપારી અને તેના દિકરાને મારી નાખવાની ધમકી પણ દીધી હતી. પોલીસે મોચીબજાર કૃષ્ણપરા-૧ ખાટકીવાડમાં રહેતાં તેતાલીસ વર્ષના ફારૂકભાઇ મહમદભાઇ ચૌહાણની ફરિયાદ પરથી આ વિસ્તારના જ મહેબુબ ઉર્ફે મકુ હાસમભાઇ ચૌહાણ, ફારૂક હાસમભાઇ ચૌહાણ, આફતાબ યુસુફભાઇ ચૌહાણ અને જાફર યુસુફભાઇ ચોહાણ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ફારૂકભાઇ ખાટકીવાસમાં મટનનો વેપાર કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું . છઠ્ઠી તારીખના રોજ રાત્રિના આશરે સાડા અગિયારેક વાગ્યે હું પીરવાડી ખાતે ઉર્ષમાં હતો.

ત્યારે મને મારા નાના દિકરા મહંમદહુશેનનો ફોન આવેલ અને મને વાત કરેલ કે-હું મોચી બજારના ચબુતરા ચોકમા ધીરૂભાઇની દુકાનના ઓટલા પાસે બેઠો હતો અને મારો ફોન જોતો હતો ત્યારે ત્યાંથી જાફર ચૌહાણ અને આફતાબ ચૌહાણ મારી પાસેથી નિકળ્યા અને બપોરના થયેલા ઝઘડાનો ખાર રાખીને મારી સામે જોઇને મને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી જતાં રહ્યા છે. દિકરાએ આવી વાત કરતામેં તેને ખિજાઇને કહેલ કે તું અત્યારે ત્યાંથી ઘરે જતો રહે, હું થોડીવારમાં ઘરે આવુ છું. આટલુ કહી મે તેના પિતા મહેબુબ ઉર્ફે મકુ હાસમભાઇ ચૌહાણને ફોન કરી કહેલ કે, તારા છોકરાઓ મારા દિકરા મહંમદહુશેન સાથે શા માટે ઝઘડો કરે છે? તું એને સમજાવ. એવુ કહેતા મકુએ મને કહેલ કે હું મારા છોકરાઓ સાથે શુ બનાવ બન્યો તે અંગે જાણી તને ફરી કોલ કરૂ છું.

ત્યારબાદ થોડા સમયમા મહેબુબ ચૌહાણનો ફોન આવેલ અને મને કહેલ કે તારો છોકરો પણ મારા દિકરાને આજે બપોરે ગાળો આપતો હતો, તારે શું કરવુ છે? તું અહીં આવ એટલે આપણે સમજી લઇએ તેવુ કહી મહેબુબ હાસમ ઉર્ફે મકુએ ફોન કટ કરી નાંખ્યો હતો. બાદ હું પીરવાડીથી ઘરે આવ્યો હતો અને મારા દિકરા મહંમદહુશેને ઠપકો આપ્યો હતો. આ પછી રાતે બારેક વાગ્યે હું મારા ઘરેથી બહાર ગુમાનસિંહજી શોપિંગ સેન્ટર નજીક પેશાબ કરવા માટે ગયેલ અ ને મારો મોટો દીકરો મોઇન ત્યા શેરીમાં બેઠેલ હાઇ આ વખતે મહેબુબ ઉર્ફે મકુ હાસમ ધારીયા સાથે અને તેનો ભાઇ ફારૂક હાસમ ચૌહાણ હાથમા છરી લઇને અને આફતાબ તથા જાફર લાકડીના ધોકા લઇને અમને માર મારવાના ઈરાદે આવ્યા હતાં. આ લોકોએ ભુંડી ગાળો દઇ આજે તને અને તારા દીકરા મહંમદહુશેનને જાનથી મારી નાખવા છે તેમ ક હી મારી તથા મારા છોકરા મોઇનની પાછળ દોડવા લાગ્યા હતાં.

જેથી અમે બંને ત્યાથી શેરીમાં અમારા ઘર તરફ ભાગવા લાગેલ અને તે વખતે મહેબુબ હાસમ ચૌહાણે મને ડાબા પગના નળાના ભાગે ધારીયા જેવુ હથિયાર મારતા મને છરકો પડેલ તેમજ વધુ મારવાની કોશીશ કરતા મેં ધારીયુ બંને હાથથી પકડી લીધેલ હતું. ઝપાઝપીમા બને હાથમાં પણ ઈજા થઇ હતી. આ વખતે ફારૂકે મને જમણા પગમા ગુપ્તાંગ નજીક સાથળના ભાગે છરી મારેલ તથા ડાબા પગના સાથળના ભાગે પણ પણ ઘા મારી દીધો હતો. સાથેના આફતાબ અને જાફરે ધોકાથી માર મારતાં મુંઢ ઇજા થઇ હતી. મે રાડારાડી કરતા આજુબાજુથી માણસો આવી જતા મને વધુ માર માથી છોડાવેલ અને આ ચારેય જણા જતા જતા મને કહેલ કે આજ તો આ બધા માણસો આવી જતા તુ બચી ગયેલ છો હવે પછી બીજીવાર સામે આવીશ તો જીવતો નહીં મુકુ અને તારા છોકરા મહંમદહુશેનને પણ કહી દેજે હવે ઝઘડો કરશે તો જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપી ભાગી ગયા હતાં. મને હોસ્પિટલમાં ખસેડાયો હતો. તેમ વધુમાં ફારૂકભાઇએ કહેતાં એ-ડિવીઝનના આસી સબ ઇન્સ. આર. જી. ચૌહાણે એફઆઇઆર દાખલ કરી હતી.

---

### શાપરની અઢી કરોડની લૂંટમાં વધુ ચારને પકડી લેવાયાઃ જેમાં ટીપ આપનાર પણ સામેલ

# કાળી ચકલી દેખાતાં લૂંટ કરવાનું ટાળી દીધુ'તું!

**ટીપ આપનારા ભાગબટાઇ માટે કોલીથડ પાસે આવતા જ પકડી લેવાયાઃ વધુ ૧૨ાા લાખની રોકડ અને કાર કબ્જે : ફરીયાદી જીતેન્દ્રસિંહ જાડેજાની વાડીમાં ભાગીયુ રાખતા પ્રવિણભાઇ પટેલને ત્યાં કામ કરતા બહાદુર બબેરીયાએ ટીપ આપી હતીઃ તેના આધારે સમગ્ર કાવતરાને અંજામ અપાયો હતો**

રાજકોટ,તા.૭

જીલ્લાના શાપર-વેરાવળમાં થયેલી અઢી કરોડની લૂંટમાં શાપર પોલીસે વધુ એક સફળતા મેળવી છે. લૂંટમાં મહત્વની ટીપ આપનાર સહિત વધુ ચારને પકડી લઇ સાડા બાર લાખ રોકડા અને કાર કબ્જે કરાયા છે. આ ટોળકી અપશુકનમાં પણ માને છે. અગાઉ લૂંટ કરવા નીકળ્યા ત્યારે રસ્તામાં કાળી ચકલી જોવા મળતાં અપશુકન માનીને પાછા વળી ગયા હતાં. એ પછી ફરીથી પ્લાન ઘડી લૂંટને અંજામ આપ્યો હતો. વિગતો જોઇએ તો શાપરમાં ગીરાસદાર જીતેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજાના ઘરમાં ઘુસી ૨.૪૭ કરોડની લુંટની ઘટનામાં અગાઉ ૩ આરોપીઓને ઝડપી લેવાયા બાદ લુંટમાં સામેલ અને લુંટ માટે ટીપ આપનાર વધુ ૩ શખ્સોને રૂરલ એલસીબીએ ૧૨ લાખની રોકડ સહિત ૧૭.૦૨ લાખના મુદામાલ સાથે ઝડપી લીધા હતા. ટીપ આપનાર મુખ્ય આરોપી બહાદુર સહિત ૬ શખ્સોની શોધખોળ હાથ ધરાઇ હતી. આ અંગે રૂરલ એસપી કચેરી ખાતે યોજાયેલ પત્રકાર પરીષદમાં વિશેષ માહીતી આપતા એસપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે, શાપર-વેરાવળની ૨.૪૭ કરોડની લુંટમાં અગાઉ ૩ આરોપીઓને ૭૬.૮૬ લાખના મુદામાલ સાથે ઝડપી લેવાયા બાદ આ ગુન્હામાં સંડોવાયેલ અન્ય આરોપીઓની શોધખોળ ચાલુ હતી.

આ દરમ્યાન ટીમને હ્યુમન સોર્સીસ થી માહીતી મળેલ કે ધાડ પાડનાર આરોપી પૈકી વિજન નજરૂભાઇ માવી પોતાને ટીપ આપનાર આરોપીઓને ધાડમાં મળેલ રોકડ રકમની ભાગ બટાઇ કરવા માટે રોકડ રકમ સાથે ટીપ આપનાર ૩ આરોપીઓ કે જે ગોંડલ તાલુકાના કોલીથડ ગામે ઝુંપડામાં રહેતા હોય ત્યાં આવેલ હોવાની માહિતી મળતા તે જગ્યાએ એલ.સી.બી. ટીમ દ્વારા તપાસ કરતા કોલીથડ ગામેથી ધાડ પાડનાર આરોપી પૈકી વિજન નજરૂભાઇ માવી તથા તેને



ટીપ આપનાર અન્ય ત્રણ આરોપીઓ રામેશ્વર ઉર્ફે પપ્પુ કેહજી રંગજી મચ્છા (ઉ.વ.૩૬) (રહે. ગવસર, દલાલ ફળીયુ, તા. રાણાપુર, જી.જાંબુવા, મધ્યપ્રદેશ), રાજુ કલમસીંગ જીતરા (ભાંભોર, (ઉ.વ.૩૨) (રહે. મૂળ ડુંગરા, તા. રાણાપુર, જાંબુવા, હાલ રહે. કોથલીથડ ગામ, તા. ગોંડલ) તથા સાગર ઉર્ફે સાગરીયા ગુલબાભાઇ દીતાભાઇ મેડા (રહે. ચોરમાંડળી ગામ, સીમાળા ફળીયુ, તા. રાણાપુર, જી. જાંબુવા, મધ્યપ્રદેશ)ને રોકડ રૂ.૧૨,૫૦,૦૦૦ તથા ધાડ પડેલ જગ્યાની રેકી કરવામા ઉપયોગમા લીધેલ ફોર્સ તુફાન ફોરવ્હીલ ગાડી કિ.રૂ.૪,૦૦,૦૦૦ તથા મોટર સાયકલ કિ.રૂ.૪૦,૦૦૦ તથા મોબાઇલ નંગ-૪ કિ.રૂ.૧૨,૦૦૦ મળી કુલ રૂ.૧૭,૦૨,૦૦૦નો મુદામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી માટે શાપર વેરાવળ પોલીસને સોંપયા હતાં. રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરે વિશેષ મીહિમતી આપતા કહ્યું કે આ ગુન્હામાં સંડોવાયેલ અને પકડવા પર બાકી છે તે આરોપી બહાદુર નઝરુભાઇ બબેરીયા, (રહે. માછીયાજીર, અમરા ફળીયું, તા. રાણાપુર, જી. જાંબુવા) છ વર્ષ પહેલા શાપર ખાતે ફરીયાદીએ બાજુમાં રહેતા પ્રવિણભાઇ પટેલને જમીન વાવવા આપેલ હોય ત્યાં મજુરી કામે આવતો હતો અને તે પ્રવિણભાઇ પટેલ તથા ફરીયાદીના ઘરે આવતો-જતો હોઇ ફરીયાદી પૈસા પાત્ર હોવાની જાણ થતા લુંટનું કાવત્રુ રચ્યું હતું. આરોપી બહાદુર તથા તેના મિત્રો રાજુ કલમસીંગ ભાભોર, સાગર મેડા, અગાઉ માહીતી મેળવવા અને જગ્યાની રેકી કરવા ગત તા. ૮ ના રોજ ફરીયાદીના ઘરે આવ્યા હતા અને ઘરમાં પતિ-પત્ની એકલા જ રહેતા હોવાની માહીતી મેળવી પોતાના વતન જતા રહયા હતા.

ત્યાર બાદ બહાદુર બબેરીયાએ તા. ૧૮ સુધી માં અન્ય સાથીદારો સાથે મળી બે વખત રેકી કરી હતી. ત્યાર બાદ બહાદુરે રાજુ ભાંભોર, રામેશ્વર ઉર્ફે પપ્પુ, વિઝન માવી સાથે મળી રાણાપુરમાં લુંટનું કાવત્રુ ઘડયું હતું. પરંતુ ગત તા. ૧૭ના રોજ લુંટારૂ ટોળકી તેના ગામથી લુંટ કરવા નીકળી ત્યારે રસ્તામાં કાળી ચકલી દેખાતા અપશુકન માની પરત ફરી ગયા હતા ત્યાર બાદ તા. ૧૮ ના રોજ નિકળી ૧૯ના રોજ લુંટ કરી હતી. પકડાયેલ વિઝન માવી સામે લુંટ ચોરીના બે ગુન્હા નોંધાયા છે. રામેશ્વર ઉર્ફે પપ્પુ સામે રાજકોટ શહેર, મોરબી અને મધ્યપ્રદેશમાં ચોરી અને લુંટના ૭ ગુન્હા નોંધાયા છે. તથા સાગર ઉર્ફે સાગરીયા સામે મારામારીનો મધ્યપ્રદેશમાં ૧ ગુન્હો નોંધાયો છે. આ લુંટમાં સામેલ ૬ શખ્સોની શોધખોળ હાથ ધરાઇ છે. આ કાર્યવાહીમાં જસદણના એએસપી નવીન ચક્રવર્તી રેપુડી, એલસીબીના પીઆઇ જે.પી.રાવ, પીએસઆઇ કે.એન.ચાવડા, એચ.સી.ગોહીલ, આર.વી.ભીમાણી, પી.એન.ભરવાડ તથા એલસીબી તેમજ પેરોલ ફર્લો શાખાનો સ્ટાફ જોડાયો હતો. ઝડપાયેલાઓની વિશેષ તપાસ માટે રીમાન્ડની તજવીજ શરૂ થઇ હતી.

---

# શિક્ષકોની અછત નિવારવા સરકારનો માસ્ટર પ્લાન તૈયાર

રાજકોટ, તા.૭

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૯થી ૧૨ની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં જ્ઞાન સહાયકોની ભરતીના નિયમોમાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવ્યા છે. સરકારે અગાઉના જુલાઈ ૨૦૨૩ અને જુલાઈ ૨૦૨૫ના ઠરાવોને રદ કરીને એક નવો 'સંકલિત ઠરાવ' જાહેર કર્યો છે. આ નવા ઠરાવમાં ઉમેદવારોની વયમર્યાદામાં મોટો વધારો કરવાની સાથે લાયકાતના ધોરણો પણ હળવા કરવામાં આવ્યા છે, જેથી શાળાઓમાં શિક્ષકોની અછત નિવારી શકાય. નવા નિયમો અનુસાર, ચાલુ વર્ષની 'ટાટ' (TAT) પરીક્ષા પાસ કરનારા યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ નહીં થાય, તો અગાઉના વર્ષોમાં TAT પાસ કરનારા ઉમેદવારોને પણ ભરતીમાં તક આપવામાં આવશે. જો અગાઉના વર્ષોના ઝઅઝ પાસ ઉમેદવારો પણ નહીં મળે અને જગ્યાઓ ખાલી રહેશે, તો છેલ્લી તક તરીકે માધ્યમિક શાળા માટે વ્યાવસાયિક સ્નાતક (UG) અને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે વ્યાવસાયિક અનુસ્નાતક (PG) પાસ ઉમેદવારોને મેરિટના આધારે જ્ઞાન સહાયક બનવાની તક મળશે. આ માટે ઉમેદવારના કોલેજના છેલ્લા વર્ષની ટકાવારીને ધ્યાનમાં રાખીને મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૩માં કાયમી ભરતીના સ્થાને શરૂ કરાયેલી 'જ્ઞાન સહાયક યોજના' અંતર્ગત આ ભરતી સંપૂર્ણપણે ૧૧ મહિનાના કરાર આધારિત રહેશે. શૈક્ષણિક વર્ષના છેલ્લા દિવસે આ કરાર આપોઆપ રદ થઈ જશે. સરકારી શાળાઓ માટે 'સ્કૂલ મેનેજમેન્ટ કમિટી' (SMC) અને ગ્રાન્ટેડ શાળાઓ માટે જે તે 'સંચાલક મંડળ' દ્વારા ઉમેદવારો સાથે આ કરાર કરવાનો રહેશે. જ્ઞાન સહાયકોએ શાળાના નિયમિત સમય ઉપરાંત પણ વધારાના સમયે રોકાવું પડશે, જેમાં તેમણે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન, વિશેષ તાલીમ અને હોમ લર્નિંગ જેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓની જવાબદારી સંભાળવાની રહેશે. નવા ઠરાવમાં જ્ઞાન સહાયકોના વર્તમાન પગાર ધોરણમાં કોઈ પણ પ્રકારનો વધારો કરવામાં આવ્યો નથી. જો કે, સરકારે ભવિષ્યમાં આ વેતન અંગે માત્ર સમીક્ષા કરવાનું નક્કી કર્યું છે, જેને કારણે લાંબા સમયથી વેતન વધારાની આશા રાખતા ઉમેદવારોમાં થોડી નિરાશા પણ જોવા મળી રહી છે.

---

### ભણેલી ગણેલી આશાસ્પદ યુવતિ રાજકીય ક્ષેત્રે પણ ધરાવતી હતી નામનાઃ એક જાળમાં ફસાઇ અને જીવ ગયો

# વિધર્મી પ્રેમીના દગાથી નંદિનીએ દીધો જીવ

### રાજકોટમાં ગળાફાંસો ખાઇ મોત મેળવનારી નવાગઢની યુવતિ જેની સાથે મૈત્રી કરારથી રહેતી એ પરણેલો અસલમ, તેની પત્નિ ઝરીના ઉર્ફે ભૂકંપ અને સાસુ ગુડ્ડીબેન નંદીની માટે બની ગયા હતાં ત્રાસરૂપઃ જેના માટે ઘર પરિવાર છોડ્યા એ અસલમે છેલ્લે કહી દીધું'તું કે-મારી ઘરવાળી રિસામણેથી આવી ગઇ, હવે તારું કંઇ કામ નથી

રાજકોટ,તા.૭

પરણેલા મુસ્લિમ શખ્સ સાથે મૈત્રી કરાર કર્યા બાદ આપઘાત કરી લેનારી મુળ નવાગઢ જેતપુરનીના ખત્રી પરિવારની આશાસ્પદ દિકરીને છેલ્લે રાજકોટમાં આ શખ્સના ત્રાસને કારણે મોત વ્હાલુ કરવું પડ્યું હતું. આ ઘટનામાં અંતે તેણીના પિતાએ ફરિયાદ દાખલ કરાવતાં તાલુકા પોલીસે તેણીના પ્રેમી, પ્રેમીની પત્નિ અને પ્રેમીના સાસુ વિરૂધ્ધ તેણીને મરી જવા માટે મજબૂર કર્યાનો ગુનો દાખલ કર્યો છે. આ કિસ્સામાં ભણેલી ગણેલી અને રાજકીય ક્ષેત્રે પણ નામના મેળવનારી યુવતિ કઇ રીતે એક વિધર્મીના પ્રેમમાં પાગલ થઇ તેના ત્રાસને કારણે મોતના મુખમાં ધકેલાઇ ગઇ તેની લાલબત્તી સમાન અને ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ ઘટના એવી યુવતિઓ માટે પણ ચેતવણીરૂપ છે જે પુરી તપાસ કર્યા વગર મિત્રતા અને પ્રેમના નામે આગળ વધી પછી લેભાગુઓની જાળમાં ફસાતી હોય છે.

આ ચોંકાવનારી ઘટનાની એફઆઇઆરમાં જણાવાયા મુજબ પરણેલા પ્રેમીની પત્નિ રીસામણેથી પાછી આવી જતાં જ તેણે અસલી રંગ બતાવી આ યુવતિને હવે મારે તારી કોઇ જરૂર નથી તેમ કહી ત્રાસ શરૂ કર્યો હતો. તેની પત્નિ સાસુ પણ આ યુવતિને સતત જિંદગી બગાડી નાંખવાની અને બદસૂરત બનાવી દેવાની ધમકી આપતી હતી. પોતે જેના પર વિશ્વાસ મુકી ઘર પરિવાર છોડીને આવી હતી એ વિધર્મી શખ્સ પણ છેલ્લે ત્રાસ રૂપ બની જતાં અંતે તેણી મોતના મુખમાં ધકેલાઇ ગઇ હતી. વિશેષ માહિતી અનુસાર શહેરના ગોંડલ રોડ પર આવેલા લેટમાં મૈત્રીકરાર-લિવ ઇનથી રહેતી અને નવાગઢ જેતપુરમાં આમ આદમી પાર્ટી તરફથી ચુંટણી લડી ચુકેલી નંદીનીબેન આનંદભાઇ બોસમીયા નામની ત્રેવીસ વર્ષની યુવતિએ ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધાના બનાવમાં તેણી પરણેલા પ્રેમી, પ્રેમીની પત્નિ અને સાસુના ત્રાસને કારણે આ પગલુ ભરવા મજબૂર થયાની ફરિયાદ તેણીના પિતાને રાજકોટ તાલુકા પોલીસમાં દાખલ કરાવી હતી.

આ ફરિયાદને આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. આ બનાવમાં આપઘાત કરી લેનારા નંદીનીબેનના પિતા નવાગઢ મસ્જીદધાર પાસે રહેતાં આનંદભાઇ વજુભાઇ બોસમીયાની ફરિયાદ પરથી તાલુકા પોલીસે રાજકોટ રહેતાં અસમલ સમા, તેણીની પત્નિ ઝરીના ઉર્ફે ભુકંપ અને સાસુ ગુડ્ડીબેન વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. આપઘાત કરનાર ત્રેવીસ વર્ષની નંદીની આનંદભાઈ બોસમીયા નવાગઢ જેતપુરમાં આમ આદમી પાર્ટી સાથે સક્રિય રીતે જોડાયેલી હતી અને અગાઉ પક્ષ તરફથી ચૂંટણી પણ લડી ચૂકી હતી. કોલેજ ગ્રેજ્યુએટ નંદીની મેડિકલ રિપ્રેઝન્ટેટિવ તરીકે પણ કામ કરતી હતી. આનંદભાઈબોસમીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની દીકરી નંદીનીબેને આશરે નવ મહિના પહેલા જૂનાગઢ રહેતાં અસલમ હુશેનભાઈ સમા નામના શખ્સ સાથે મૈત્રીકરાર કર્યા હતા.

**મારકુટ કરી પૈસા પડાવતોઃ તેની પત્નિ-સાસુ જિંદગી બગાડવાની, બદસૂરત બનાવી દેવાની સતત ધમકીઓ આપતી હોવાની એફઆઇઆરમાં ચોંકાવનારી વિગતો : પ્રેમના નામે આંધળુકીયા કરતી દરેક યુવતિઓ માટે લાલબત્તી સમાન કિસ્સો**

મૈત્રીકરાર કર્યા બાદથી જ અસલમની પત્નિ ઝરીના ઉર્ફે ભુકંપ તથા તેની સાસુ ગુડીબેન અવારનવાર ફોન કરીને નંદીનીને ધમકીઓ આપતા હતા કે -અમે તને અસલમ સાથે સુખેથી જીવવા નહીં દઈએ અને તારી જિંદગી બરબાદ કરી નાખીશું. ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ થોડા સમય પહેલા અસલમની પત્નિ રિસામણેથી પરત ઘરે આવી ગઈ હતી. ત્યારપછી અસલમે પણ નંદીનીને કહેલું કે હવે તારુ કંઇ કામ નથી, મારી પત્નિ આવી ગઈ છે. આમ કહી સાથે રાખવાની ના પાડી દીધી હતી અને તેને અવારનવાર ... ગાળો આપી, પૈસાની માંગણી ... કરી શારીરિક-માનસિક ... ત્રાસ આપવાનું શરૂ ... કર્યું હતું. એટલું ... જ નહીં અસલમે ... નંદીનીની સોનાની ... ચેઈન પણ બેંકમાં ... ગિરવે મૂકી પૈસા ... લઈ લીધા હતા. આ ... ત્રાસ અંગે નંદીનીએ ... અવારનવાર પોતાના ... પરિવારને આપવીતી જણાવી હતી. ત્રણેક મહિનાથી ખોટી રીતે અસલમે ત્રાસ આપવાનું શરૂ કર્યુ હતું.

આ પછી ગત એકવીસમી જુનના રોજ અસલમે નંદીનીને ઘરમાં એકલી મુકી તેની પત્નિ પાસે જતો રહ્યો હતો. આથી નંદીનીએ પોતાના પિતાને ફોન કરી પોતે હવે નવાગઢ ઘરે પાછી આવી જશે તેવી વાત કરી હતી. બાદ બાવીસમી જુનના રોજ આનંદભાઇ જેતપુર હતાં ત્યારે તેની દિકરી રૂપલબેને ફોન કરી કહેલું કે રાજકોટ નંદીનીએ ગળાફાંસો ખાધો છે, આપણે હોસ્પિટલે જવાનું છે. આથી આનંદભાઇ સહિતના સ્વજનો રાજકોટ દિકરી નંદીનીબેન જ્યાં રહેતી હતી ત્યાં પહોંચ્યા હતાં. જ્યાં દિકરી નંદીનીબેનનો મૃતદેહ જોવા મળ્યો હતો. ૧૦૮ના તબિબે તેણીને મૃત જાહેર કરી હતી. આ વખતે ત્યાં હાજર આનંદભાઇને તેના મિત્ર ઉમંગ ઉર્ફે રવિ જોષીએ સમગ્ર ઘટનાની વાત કરી હતી.

ઉમંગ જોષીએ કહ્યું હતું કે હતી કે તમારી દિકરી નંદીની ગઇકાલે મારા ઘરે આવી હતી અને વાત કરી હતી કે મને અસલમ બહુ હેરાન કરે છે, માર પણ મારે છે અને મારી પાસે પૈસાની માંગણી કરે છે. જેથી હું મારા મમ્મી પાસેથી પૈસા લઇને અસલમને આપુ છું. અસલમને પૈસાની ના પાડતાં તેણે માર ગળુ પણ દબાવ્યું હતું. તેમ નંદીનીએ વાત કરી હતી. બીજા દિવસે અસલમના માસીના દિકરા શાહીદનો નંદીનીબેનને ફોન આવતાં તે અસલમને મળવા જંગલેશ્વરમાં શાહીદના ઘરે ગઇ હતી.

આ વાત આનંદભાઇને મિત્ર ઉમંગ જોષીએ કહી હતી. આ રીતે તેમની દિકરી મૈત્રી કરારથી જેની સાથે રહેતી હતી તે અસમલ, તેની રિસામણેથી પરત આવેલી પત્નિ ઝરીના ઉર્ફે ભૂકંપ અને અસલમની સાસુ ગુડ્ડીબેનના ત્રાસને કારણે તેમની દિકરીને મરી જવા મજબૂર થવું પડ્યું હતું.

તેમ પિતા આનંદભાઇએ ફરિયાદમાં નોંધાવતાં તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં પીએસઆઇ એમ. એચ. મહારાજે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

# જિલ્લાના ૨૪ ગામોમાં બિનખેતી પ્રક્રિયા સ્થગિત

## ગોંડલ-રાજકોટ (હિરાસર એરપોર્ટ) બાયપાસ જમીન સંપાદન યોજનામાં આવતા ગામોને નિર્ણય લાગુ પડશે : આગામી ૬૦ દિવસ માટે લેવાયો નિર્ણય




રાજકોટ, તા. ૭

ગોંડલ-રાજકોટ (હિરાસર એરપોર્ટ) બાયપાસ યોજનામાં આવતા રાજકોટ, કોટડાસાંગાણી અને ગોંડલ તાલુકાના કુલ ૨૪ ગામોમાં આગામી ૬૦ દિવસ માટે બિનખેતી (એન.એ.) પરવાનગી અંગેની પ્રક્રિયા હાલ તુરંત સ્થગિત કરવામાં આવી છે. સરકારના મહેસૂલ વિભાગના પરિપત્ર અન્વયે જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ દ્વારા આ નિર્ણય જારી કરવામાં આવ્યો છે. જેની સંબંધિત જમીનધારકો અને નાગરિકોએ નોંધ લેવા જણાવાયું છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયા અનુસાર, સરકારના મહેસૂલ વિભાગના ૦૨ જૂન ૨૦૨૬ના પરિપત્રથી જમીન સંપાદન અંતર્ગત સંપાદન થનાર જમીનોને જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૫ હેઠળ બિનખેતી પરવાનગી આપવા બાબતે સૂચના અપાઈ છે. આ પરિપત્ર મુજબ, સંપાદક સંસ્થા દ્વારા યોજનામાં સંભવિત સમાવિષ્ટ થનારા ગામોની યાદી કલેક્ટરને સોંપવાની રહે છે. આ યાદી મુજબના ગામોની બિનખેતી મંજૂરી અંગેની કાર્યવાહી ૬૦ દિવસ માટે સ્થગિત કરવાની હોય છે. આ ૬૦ દિવસના સમયગાળામાં સંપાદન કરવાપાત્ર સર્વે નંબરની ઓળખ કરવા અંગેની કાર્યવાહી સંપાદક સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

પ્રોજેક્ટ ડાયરેક્ટર, એન.એચ.એ. આઈ., પી.આઈ.યુ., રાજકોટ દ્વારા ગોંડલ-રાજકોટ (હિરાસર એરપોર્ટ) બાયપાસ અંતર્ગત સંપાદન યોજનામાં આવતા ગામોની યાદી ૨૨મી જૂને મોકલવામાં આવી છે. જેમાં રાજકોટ તાલુકાના રામપરા બેટી, મઘરવાડા, સાયપર, કુચીયાદડ, રફાળા, ભાયાસર, કાથરોટા, પાડાસણ, અણીયાળા, ખેરડી, ગુંદા, કસ્તુરબા ધામ, કુવાડવા, ઢાંઢણી, ઢાંઢીયા અને ગઢકા ગામનો સમાવેશ થાય છે. જ્યારે કોટડાસાંગાણી તાલુકાના રાજપરા, અરડોઈ, નારણકા, પીપલાણા અને આણંદપર તેમજ ગોંડલ તાલુકાના ગુંદાસરા, રીબડા અને પીપળીયા ગામનો સમાવેશ થાય છે. સંપાદન પ્રક્રિયામાં આવતા ઉપરોક્ત ગામોમાં ૬૦ દિવસ સુધી બિનખેતી પરવાનગી અંગેની પ્રક્રિયા હાલ સ્થગિત કરવામાં આવી છે.

સંપાદક સંસ્થા એન.એચ.એ. આઈ. દ્વારા જમીન સંપાદન કરવાપાત્ર સંભવિત સર્વે નંબરની ઓળખ અંગેની કાર્યવાહી પૂર્ણ થયા બાદ કલેક્ટર કચેરી ખાતે દરખાસ્ત કરવામાં આવશે. આ દરખાસ્તમાં બિનખેતી પરવાનગી માટે માંગણી કરેલી જમીનનો સમાવેશ સંપાદન હેઠળ થતો ન હોય તો તે માટે અરજી કરી શકાશે, તેમ યાદીમાં જણાવાયું છે.સરકાર દ્વારા હિરાસર એરપોર્ટને જોડતા ગોંડલ-રાજકોટ બાયપાસ રોડના નિર્માણ માટે મોટા પાયે જમીન સંપાદનની કામગીરી ચાલી રહી છે. આ પ્રોજેક્ટના રૂટમાં આવતી જમીનોની કિંમતોમાં બિનખેતીની મંજૂરીઓને કારણે મોટો ફેરફાર ન થાય અને સંપાદનની કાનૂની પ્રક્રિયામાં કોઈ અવરોધ ઊભો ન થાય તે હેતુથી આ વચગાળાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### શૈક્ષણિક સત્ર શરૂ થયાને એક મહિનો વીત્યો છતાં તંત્ર ઘોર નિદ્રામાં

# વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમાં?

## ધો. ૯ થી ૧૨ના પૂરા પાઠ્યપુસ્તકો ન આવતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાંઃ ચછ કોડ સ્કેન કરી સ્માર્ટ બોર્ડથી ભણાવવા શિક્ષકો મજબૂર

રાજકોટ, તા. ૭

ભાર વગરના ભણતર ન વાત વચ્ચે હાલ જે નવું શૈક્ષણિક ક્ષેત્ર શરૂ થયું છે તેમાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ માટે સારું રહ્યું નથી કારણ કે હજુ ઘણા ખરા પાઠ્યપુસ્તકો મળ્યા ન હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે. આ અંગે યોગ્ય વ્યવસ્થા તાકીદે ઊભી કરવામાં આવે તેવી સરકારને પણ રજૂઆત કરવામાં આવી છે. છતાં પરિસ્થિતિમાં કોઈ સુધારો આવ્યો નથી ને હાલ ઘણા ખરા વિદ્યાર્થીઓ અને વર્ગમાં ડિજિટલ કયુઆરકોડ મારફતે બાળકોને ભણાવવામાં આવી રહ્યા છે.

રાજ્યમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થયે આશરે એક આખો મહિનો વીતી ગયો હોવા છતાં શિક્ષણ વિભાગની ગંભીર બેદરકારી સામે આવી છે. ધોરણ ૯ થી ૧૨ ના તમામ વિષયોના પૂરા પાઠ્યપુસ્તકો હજુ સુધી શાળાઓ કે બજારમાં ઉપલબ્ધ ન થતાં લાખો વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. પુસ્તકોના અભાવે શાળાઓમાં શિક્ષણકાર્ય ખોરવાયું છે, જેને પગલે હવે શિક્ષકો સ્માર્ટ બોર્ડ પર ડિજિટલ પુસ્તકોના ચછ કોડ સ્કેન કરીને ભણાવવા મજબૂર બન્યા છે. શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષે સત્ર શરૂ થતાં પહેલાં જ પુસ્તકો પહોંચાડવાના મોટા-મોટા દાવા કરવામાં આવે છે, પરંતુ આ વર્ષે વાસ્તવિકતા તદ્દન અલગ છે. જૂન મહિનાથી શાળાઓ ધમધમતી થઈ ગઈ છે, પરંતુ ધોરણ ૯, ૧૦, ૧૧ અને ૧૨ ના મુખ્ય વિષયોના જ પુસ્તકો હજી સુધી વિદ્યાર્થીઓના હાથમાં પહોંચ્યા નથી.શાળાઓમાં સ્માર્ટ બોર્ડની વ્યવસ્થા છે ત્યાં શિક્ષકો સ્માર્ટ ક્લાસ રૂમમાં પ્રકરણના ચછ કોડ સ્કેન કરીને ટેક્સ્ટબુક ડિજિટલ સ્ક્રીન પર બતાવી રહ્યા છે. પરંતુ, શિક્ષકોના જણાવ્યા મુજબ, દરેક વિદ્યાર્થી પાસે ઘરે કમ્પ્યુટર કે સ્માર્ટફોન હોતા નથી. ક્લાસમાં સ્માર્ટ બોર્ડથી ભણાવી શકાય, પણ બાળક જ્યારે ઘરે જઈને જાતે વાંચવા બેસે ત્યારે તેની પાસે પુસ્તક હોવું અનિવાર્ય છે. પુસ્તક વિના ગોખણપટ્ટી વધશે, સાચું જ્ઞાન નહીં. એક તરફ સરકાર ડિજિટલ ઈન્ડિયા અને સ્માર્ટ એજ્યુકેશનની વાતો કરે છે, તો બીજી તરફ પાયાની જરૂરિયાત એવા પાઠ્યપુસ્તકો પણ સમયસર છાપી શકાતા નથી. વાલી મંડળો દ્વારા આક્રોશ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે કે જો ટૂંક સમયમાં પુસ્તકોનો પૂરતો જથ્થો પૂરો પાડવામાં નહીં આવે, તો વિદ્યાર્થીઓનું આખું વર્ષ બગડશે. શિક્ષણ તંત્ર તાકીદે જાગે અને પુસ્તકોનું વિતરણ યુદ્ધના ધોરણે પૂરું કરે તેવી પ્રબળ માંગ ઉઠી છે. ગુજરાત રાજ્ય માધ્યમિક પાઠ્યપુસ્તક મંડળ દ્વારા મોટાભાગના પુસ્તકો આવી ગયા છે પરંતુ ધોરણ ૯ માં અંગ્રેજી અને ધોરણ ૧૦ માં અંગ્રેજી અને ગુજરાતીના પાઠ્યપુસ્તકો હજુ આવ્યા નથી. આ સિવાય ધોરણ ૧૧ અને ૧૨ના ૪થી ૫ પુસ્તકો મળ્યા નથી. ધોરણ ૧૧ સામાન્ય પ્રવાહમાં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ભૂગોળ, નામાના મૂળતત્વોના પુસ્તકો બાકી છે જ્યારે ધોરણ ૧૨ માં ગુજરાતી, અંગ્રેજી, નામના મૂળ તત્વો ભાગ -૨, સમાજશાસ્ત્ર અને વાણિજ્ય વ્યવસ્થા અને અર્થશાસ્ત્રના પુસ્તકો બાકી છે. પાઠ્યપુસ્તક મંડળ સાથે થયેલી વાતચીત મુજબ બે દિવસમાં પાઠ્યપુસ્તકો મળી જશે તેવી બાંયધરી આપવામાં આવી છે. જેથી થોડા દિવસોમાં વિદ્યાર્થીઓની મુશ્કેલી દૂર થશે. નોંધનીય છે કે, ગત ૮ જૂનથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું તેના એક મહિના બાદ પણ પુરા પાઠ્યપુસ્તકો ન આવતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સાથે વાલીઓ પણ ચિંતામાં મુકાઈ ગયા છે.

### આરોગ્ય શાખાનું મેગા ચેકિંગ

# ખાણીપીણીની ૧૧ પેઢીઓ માંથી ૧૨૨ કિલો અખાદ્ય જથ્થાનો નાશ!

## પિઝા કન્ટ્રી, અમુલ પાર્લર, માણેક ચોક સેન્ડવીચ સહિતના નામી સેન્ટરોમાંથી એક્સપાયર્ડ ચીઝ, સોસ, ગ્રેવી અને આઈસ્ક્રીમ ઝડપાયાઃ ૧૩,૦૦૦નો દંડ વસૂલાયો



રાજકોટ, તા. ૭

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે કડક કાર્યવાહીના ભાગરૂપે શહેરમાં વ્યાપક સર્વેલન્સ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ફૂડ વિભાગની ટીમે અલગ-અલગ વિસ્તારોમાં કુલ મળીને ૧૧ પેઢી/રેસ્ટોરન્ટની તપાસ કરી હતી, જેમાં કુલ ૧૨૨ કિલોગ્રામ જેટલો અખાદ્ય અને વાસી જથ્થો મળી આવતા તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ સાથે જ નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ કુલ ૧૩,૦૦૦ ની પેનલ્ટી વસૂલવામાં આવી છે તેમજ ૧ પેઢીને સ્ટોરેજ, લાઈસન્સ તથા હાઈજીનિક કન્ડિશન બાબતે કડક નોટિસ આપવામાં આવી છે.

પિઝા કન્ટ્રી કિચન યુનિવર્સિટી રોડ ખાતે તપાસ દરમિયાન ૧૪ કિલોગ્રામ એક્સપાયર થયેલ પિઝા બેઝ તેમજ પડતર/વાસી તૈયાર ગ્રેવી, પાસ્તા અને નૂડલ્સનો જથ્થો મળી આવતા તેનો નાશ કરાયો હતો અને ૫,૦૦૦ નો વહીવટી ચાર્જ વસૂલ કરી 'ડેરિસ્ટા ચીઝ'નો નમૂનો લેવાયો હતો.

અમુલ પાર્લર જાગનાથ ચોક પાસે, ન્યુ કોલેજવાડી મેઈન રોડ પર સૌથી વધુ ૪૫ કિલોગ્રામ એક્સપાયર આઈસ્ક્રીમ, ચોકલેટ, પનીર અને ફ્રોઝન સમોસાનો જથ્થો મળી આવતા તેનો નાશ કરી ૩,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરાયો હતો.

માણેક ચોક સેન્ડવીચ એન્ડ પિઝા રેસકોર્સ રીંગ રોડ ખાતે તપાસમાં ૨૩ કિલોગ્રામ એક્સપાયર પિઝા બેઈઝ તથા ડેટ વગરનો શીતલ આઈસ્ક્રીમ મળી આવતા તેનો નાશ કરી ૧,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો.

કટક બટક ફાસ્ટ ફૂડ નાણાંવટી ચોક ખાતેથી ૪ કિલોગ્રામ એક્સપાયર ફ્રોઝન સમોસા અને પિઝા બેઈઝનો જથ્થો ઝડપી પાડી તેનો નાશ કરાયો હતો અને ૩,૦૦૦નો દંડ કરાયો હતો.

એવીજ રીતે જૈન ફૂડ ઢેબર રોડ, નિજાનંદ યુનિયન બેન્ક નીચે તપાસ દરમ્યાન અહીંથી ૧૨ કિલોગ્રામ વાસી મીઠાઈ અને સડેલા કેળાનો જથ્થો મળી આવતા તેનો નાશ કરી ૧,૦૦૦ નો ચાર્જ વસૂલાયો હતો અને 'તીખા ગાંઠિયા (લૂઝ)' નો નમૂનો લેવામાં આવ્યો હતો.

દેવ ફાસ્ટ ફૂડ નિર્મલા રોડ સેન્ટર પરથી ૧૪ કિલોગ્રામ વાસી/પડતર ચીઝ, ગ્રેવી અને સલાડનો નાશ કરી ૧,૦૦૦ નો દંડ વસૂલાયો હતો. ઉપરાંત અહીંથી 'બટર લૂઝ' અને 'પનીર લૂઝ' ના નમૂના લેવાયા હતા.

જય દ્વારકાધીશ ગોલાવાલા નિર્મલા રોડ પરથી ૫ કિલોગ્રામ ખરાબ અને પડતર મિલ્ક ક્રીમનો નાશ કરવામાં આવ્યો હતો અને ૧,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરી 'મિલ્ક ક્રીમ લૂઝ' નો નમૂનો લેવાયો હતો. ઈટ જોય ફૂડ કાલાવડ રોડ, કોટેચા ચોક પાસેથી ૫ કિલોગ્રામ એક્સપાયર બ્રેડ અને વાસી બાફેલા બટેટાનો નાશ કરી ૧,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો.

આ પ્રકારનો વાસી અને કેમિકલયુક્ત ખોરાક લોકોમાં ફૂડ પોઈઝનિંગથી લઈને કેન્સર જેવી ગંભીર બીમારીઓનું કારણ બની શકે છે. માત્ર ૧,૦૦૦ કે ૫,૦૦૦ જેવા સામાન્ય દંડથી આવા તત્વો સુધરશે કે કેમ તે એક મોટો સવાલ છે. આવા ભેળસેળિયાઓ સામે લાયસન્સ રદ કરવા અને જેલ ભેગા કરવા જેવી વધુ કડક કાનૂની કાર્યવાહી થવી અત્યંત જરૂરી છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજ માળખાને મોટું નુકસાન

## ૮૬૩ ફીડરો ઠપ્પ, ૪૪ ગામો અંધારપટ : ૯૯૬ વીજપોલ અને ૬૬ ટ્રાન્સફોર્મર ડેમેજ થતાં યુદ્ધના ધોરણે સમારકામ શરૂ

રાજકોટ, તા. ૭

સૌરાષ્ટ્ર અને કચ્છ પંથકમાં વરસી રહેલા અવિરત વરસાદ અને વાવાઝોડા જેવા પવનના કારણે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના વીજ માળખાને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. સાત જુલાઈના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધીના સત્તાવાર મોનિટરિંગ રિપોર્ટ અનુસાર, સમગ્ર વીજ વિતરણ ક્ષેત્રમાં કુલ ૮૬૩ ફીડરો બંધ થઈ ગયા છે, જેના કારણે ૪૪ જેટલા ગામોમાં વીજ પુરવઠો સંપૂર્ણ ખોરવાઈ ગયો છે.

પીજીવીસીએલ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ગ્રામીણ અને ખેતીવાડી ક્ષેત્રના વીજ પુરવઠાને સૌથી મોટી નુકસાની વેઠવી પડી છે. સમગ્ર રીજીયનમાં કુલ ૮૪૯ ખેતીવાડી ફીડરો, ૧૧ જ્યોતિગ્રામ યોજના ફીડરો, ૧ અર્બન ફીડર, ૧ હાઈટેન્શન અને ૧ જીઆઈડીસી/ઈન્ડસ્ટ્રીયલ ફીડર બંધ હાલતમાં છે. આ ઉપરાંત, વિવિધ વર્તુળ કચેરીઓ હેઠળના વિસ્તારોમાં કુલ ૯૯૬ વીજપોલ ધરાશાયી કે ડેમેજ થયા છે અને ૬૬ ટ્રાન્સફોર્મર બળી જવાથી કે નુકસાન પામવાથી બંધ પડ્યા છે, જેને રીસ્ટોર કરવાની કામગીરી બાકી છે. પીજીવીસીએલના તંત્ર દ્વારા તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે વીજ લાઈનો અને ટ્રાન્સફોર્મર બદલવાની તેમજ વીજ પુરવઠો વહેલી તકે પુનઃસ્થાપિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.



### અમરેલી, સુરેન્દ્રનગર અને ભાવનગરમાં સર્વાધિક અસર

નુકસાનીની દ્રષ્ટિએ અમરેલી સર્કલ સૌથી વધુ પ્રભાવિત જોવા મળી રહ્યું છે, જ્યાં ૧૮૯ ખેતીવાડી ફીડરો ઠપ્પ છે, ૧૮ ગામો અંધારપટમાં છે અને સૌથી વધુ ૪૦૬ વીજપોલ તેમજ ૨૯ ટ્રાન્સફોર્મર (ઝઈ) ડેમેજ થયા છે. સુરેન્દ્રનગરમાં પણ ૧૭૯ ફીડરો બંધ છે અને ૮૨ વીજપોલને નુકસાન થયું છે. જ્યારે ભાવનગર સર્કલમાં ૧૩૮ ખેતીવાડી, ૮ જ્યોતિગ્રામ સહિત ૧ ગામડાં તેમજ ૨૫ વિલેજ બંધ હાલતમાં છે.

### પોરબંદરમાં વીજપોલ ધરાશાયી થવાની મોટી સંખ્યા

ફીડર બંધ થવાની સંખ્યાની સરખામણીએ પોરબંદર સર્કલમાં વીજપોલને મોટું નુકસાન પહોંચ્યું છે. અહીં માત્ર ૯ ખેતીવાડી ફીડર બંધ હોવા છતાં, તોફાની પવનના કારણે ૩૪૨ વીજપોલ જમીનદોસ્ત થઈ ગયા છે અને ૨૧ ટ્રાન્સફોર્મર ડેમેજ થયા છે, જેના કારણે સ્થાનિક ટીમો રીસ્ટોરેશનની કામગીરીમાં વ્યસ્ત છે.

### રાજકોટ સિટી સુરક્ષિત, ગ્રામ્યમાં અડચણ

રાજકોટ શહેરી વિસ્તાર (સિટી સર્કલ) માં વરસાદની કોઈ મોટી પ્રતિકૂળ અસર જોવા મળી નથી અને તમામ સેવાઓ રાબેતા મુજબ છે. જો કે, રાજકોટ ગ્રામ્ય (રૂરલ સર્કલ) માં ૬૦ ખેતીવાડી ફીડરો બંધ છે અને ૯ વીજપોલ તેમજ ૧ ટ્રાન્સફોર્મરને નુકસાન થયું છે. રાહતની વાત એ છે કે સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના કોઈપણ શહેરી વિસ્તારમાં વીજ પુરવઠો બંધ નથી, તમામ નુકસાની ગ્રામીણ અને ખેતીવાડી ક્ષેત્રે જ મર્યાદિત રહી છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# માર્કેટના જીવડાં!

## ખાતર,બિયારણ નકલી.. કૃષિક્ષેત્રની મૂલ સમસ્યા



ચાલુ વર્ષે વરસાદ મોડો થયો છે. પરંતુ મોટાભાગના વિસ્તારોમાં સારો વરસાદ થયો છે. આ કારણે કૃષિ કાર્ય ધમધોકાર શરૂ થઈ ગયું છે. ચોમાસુ બેસતા જ ખેડૂતો ઉત્સાહ સાથે ખેતરોમાં ઉતરી પડ્યા છે. જો કે, આ ખુશીની વચ્ચે કૃષિ ક્ષેત્રની પથારી ફેરવતી સમસ્યાઓ પણ અટ્ટહાસ્ય કરી રહી છે. ખેડૂતો દિવસ-રાત કાળી મજૂરી કરે છે. મોંઘા ભાવનું રોકાણ કરે છે. પરંતુ બાદમાં ખબર પડે છે કે બિયારણ નકલી હતું. આ એક નકલી બિયારણના કારણે ખેડૂતની આખી સિઝન ફેલ જાય છે.

ગુજરાતમાં દર વર્ષે નકલી બિયારણ, નકલી ખાતર અને નકલી જંતુનાશક દવાની સમસ્યા વ્યાપક પ્રમાણમાં ફેલાય છે. કૃષિ માર્કેટમાં નકલી

માલના જીવડાં વધી ગયા છે. કમનસીબી એ છે કે ખેતીના નામે રાજનીતિ ખૂબ ચાલે છે. ખેડૂતોના નામે લડતો પણ ખૂબ થાય છે. પરંતુ આ મુખ્ય સમસ્યાઓ સામે કોઈ નિર્ણાયક અવાજ ઉઠાવતું નથી. નેતાઓ માત્ર ચૂંટણીલક્ષી વાતો કરે છે. ખેડૂતોની આ પડતી પાછળનું અસલી કારણ નકલી ઉત્પાદનોનું નેટવર્ક છે.

તાજેતરમાં જ નકલી ખાતર ધાબડનાર ચાર વ્યક્તિઓ ઝડપાયા છે. આ ઘટના સાબિત કરે છે કે બજારમાં નકલી માલ વેચતી ગેંગ કેટલી સક્રિય છે. નકલી ખાતર અને દવા માત્ર પાકને જ નહીં, પણ જમીનની ફળદ્રુપતાને પણ કાયમ માટે નુકસાન કરે છે. આ એક પ્રકારનું ધીમું ઝેર છે.

સરકારે અને ચારેબાજુ ઉગી નીકળેલા ખેડૂત નેતાઓએ આ નકલીનો કારોબાર બંધ કરાવવા સખત મહેનત કરવી જોઈએ. માત્ર ભાષણો આપવાથી ખેડૂતોનું ભલું નહીં થાય.

કૃષિ માર્કેટમાં સડો પેસી ગયો છે. આ માર્કેટમાં રહેલા માનવરૂપી જીવડાઓ કૃષિક્ષેત્રને ખૂબ મોટું નુકસાન કરે છે. જ્યાં સુધી આવા કાળા બજારીયાઓ અને નકલી ઉત્પાદનો વેચનારાઓ સામે કડક કાયદાકીય પગલાં નહીં લેવાય, ત્યાં સુધી ખેડૂત ક્યારેય સુખી નહીં થાય. નકલી દૂષણને ડામવું એ જ કૃષિક્ષેત્રની સાચી સેવા છે. સરકાર અને તંત્રએ આ આંતરિક નિંદામણને વહેલી તકે દૂર કરવું જ પડશે.

# મનસા દેવીથી મહાકાલ સુધી...

## ૬ મંદિરોમાં દાન - ભેટનું સંચાલન કરવા વ્યવસ્થા બદલશે

નવીદિલ્હી, તા. ૭

રામ મંદિરના પ્રસાદ ચોરી કેસમાં રોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. જીઈઝ રિપોર્ટના આધારે, પોલીસે આઠ આરોપીઓ સામે ત્રઈછ નોંધી છે અને તેમની ધરપકડ કરી છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ સાથે સંકળાયેલા અધિકારીઓની ભૂમિકા પણ તપાસ હેઠળ છે. ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાએ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. દાન ચોરી અંગેના હોબાળા વચ્ચે, દેશભરના અન્ય ઘણા મંદિરોમાં દાન પ્રણાલીમાં ફેરફાર કરવાના નિર્ણયો લેવામાં આવી રહ્યા એછે. હકીકતમાં, રામ મંદિરના પ્રસાદ ચોરી કૌભાંડે દેશભરના મુખ્ય મંદિરોમાં સુરક્ષા વ્યવસ્થા અંગે ચર્ચા જગાવી છે. હરિદ્વારના મનશા દેવી મંદિર, મધ્યપ્રદેશના મહાકાલેશ્વર અને ઓમકારેશ્વર મંદિરો અને ઝારખંડના રાજરપ્પા મંદિરમાં દાન પ્રણાલી અંગે નવા આદેશો જારી કરવામાં આવ્યા છે. દરમિયાન, કૌશાંબી જિલ્લાના મંદિરોમાં મૂર્તિઓ અને મંદિરોમાંથી દાનની ચોરીને રોકવા માટે ગ્રામ સુરક્ષા સમિતિઓની રચના કરવામાં આવી છે.



હરિદ્વારના મનશા દેવી મંદિરના ટ્રસ્ટે પૂજારીઓને ખિસ્સા વગર કુર્તા પહેરવાની સૂચના આપી છે જેથી તેઓ ભક્તો પાસેથી મળેલા દાનને ખિસ્સામાં ન નાખે. વધુમાં, ટ્રસ્ટે મંદિરમાં દૈનિક ધોરણે મળતા દાન અને પ્રસાદ પર નજર રાખવા માટે સાત સભ્યોની સમિતિની રચના કરી છે. ટ્રસ્ટે જણાવ્યું છે કે જો તપાસ દરમિયાન કોઈ ગેરરીતિ જણાશે તો સંડોવાયેલા વ્યક્તિ સામે કાર્યવાહી કરવામાં આવશે. રામ મંદિરમાં દાન અને પ્રસાદને લગતા તાજેતરના વિવાદ વચ્ચે મધ્ય પ્રદેશ સરકાર એક મોટો નિર્ણય લઈ રહી છે. સરકાર ઓમકારેશ્વર અને મહાકાલેશ્વર સહિત રાજ્યના મુખ્ય ધાર્મિક સ્થળોએ દાન વ્યવસ્થાપન વ્યવસ્થાને ઓનલાઈન બનાવીને વધુ પારદર્શક અને સુરક્ષિત બનાવવાની યોજના બનાવી રહી છે.

જોકે મહાકાલેશ્વર અને ઓમકારેશ્વર મંદિરોમાં પહેલાથી જ રોકડ તેમજ ચછ કોડ દ્વારા દાન સ્વીકારવાની વ્યવસ્થા છે, પરંતુ ભવિષ્યમાં આ મંદિરોમાં દાનમાં થતી કોઈપણ ગેરરીતિને રોકવા માટે, રોકડ વ્યવહારો ઘટાડવામાં આવશે અને ઓનલાઈન ડિજિટલ ચેનલો દ્વારા દાન સ્વીકારવાની પ્રક્રિયાને પ્રોત્સાહન આપવામાં આવશે.

ધાર્મિક ટ્રસ્ટ અને દાન, સંસ્કૃતિ અને પર્યટન મંત્રી, ધર્મેન્દ્ર સિંહ લોધીએ ઓમકારેશ્વર મંદિરની મુલાકાત દરમિયાન સરકારને આ પહેલ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ભક્તો દ્વારા પૂર્ણ ભક્તિ સાથે આપવામાં આવતા દાન અને પ્રસાદનું પારદર્શક સંચાલન સરકારની ટોચની પ્રાથમિકતાઓમાંની એક છે. મિર્ઝાપુરના મા વિંધ્યાવાસિની ધામમાં, ભક્તો હવે ફક્ત રોકડમાં જ નહીં, પણ દર્શન અને પૂજા પછી તેમના મોબાઈલ ફોન પર ચછ કોડ સ્કેન કરીને પણ દાન કરી શકે છે. આ માટે, મંદિર સંકુલની અંદર ઘણી જગ્યાએ દાનના ચછ કોડની નકલો પોસ્ટ કરવામાં આવી છે. મંદિર વહીવટીતંત્ર જણાવે છે કે દાન પહેલાથી જ ઓનલાઈન મળવાનું શરૂ થઈ ગયું છે, અને ભંડોળ સીધા વિંધ્યાધામ તીર્થ વિકાસ પરિષદના ખાતામાં જમા થઈ રહ્યું છે.

રામ મંદિરના દાન ચોરીના કેસમાંથી શીખ લઈને, બાંકે બિહારી મંદિરની ઉચ્ચ સત્તા સમિતિએ દાન પ્રણાલીને વધુ સુરક્ષિત અને પારદર્શક બનાવવા માટે મંદિર સંકુલની અંદરના તમામ દાન પેટીઓ પર ચછ કોડ ઈન્સ્ટોલ કર્યા છે. જોકે અગાઉ ચછ કોડ દ્વારા દાન સ્વીકારવામાં આવતું હતું, રામ મંદિર દાન વિવાદ બાદ, ડિજિટલ દાનનો હવે મોટા પાયે પ્રચાર કરવામાં આવી રહ્યો છે. જીઈ એ મંદિર કાર્યાલયમાં એક મશીન પણ ઈન્સ્ટોલ કર્યું છે જે સીધા દાન માટે ડાયનેમિક ચછ કોડ જનરેટ કરે છે. આ કોડ સ્કેન કરવાથી તમે મંદિરમાં ઓનલાઈન દાન કરી શકો છો.

# સંરક્ષણ ઉત્પાદન ૧.૭૮ લાખ કરોડને પાર

## ભારતીય કંપનીઓએ સ્થાપ્યો નવો રેકોર્ડ : ૧૫.૬% વૃદ્ધિ અને સંરક્ષણ આત્મનિર્ભરતા તરફ એક સીમાચિહ્નરૂપ પગલું

નવીદિલ્હી, તા. ૭

ભારત તેની સંરક્ષણ ક્ષમતાઓમાં સતત વધારો કરી રહ્યું છે. દરમિયાન, દેશે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા તરફ એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં દેશનું સંરક્ષણ ઉત્પાદન પ્રથમ વખત ₹૧.૭૮ લાખ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચ્યું, જે પાછલા વર્ષની તુલનામાં ૧૫.૬ ટકાનો વધારો દર્શાવે છે. આ સિદ્ધિમાં ખાનગી સંરક્ષણ કંપનીઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. માહિતી અનુસાર, કુલ સંરક્ષણ ઉત્પાદનમાં ખાનગી ક્ષેત્રે આશરે ₹૪૨,૦૦૦ કરોડનું યોગદાન આપ્યું હતું, જે તેનો અત્યાર સુધીનો સૌથી મોટો હિસ્સો છે. ભારતનો સંરક્ષણ ઉદ્યોગ ઝડપથી આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યો છે, જે દેશ માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.




ઓપરેશન સિંદૂર પછી, ભારતીય સેનાની આધુનિક શસ્ત્રો અને સ્વદેશી સંરક્ષણ પ્રણાલીઓની જરૂરિયાત ઝડપથી વધી. તે જ સમયે, સરકારની નવી નીતિઓ અને સંરક્ષણ પ્રાપ્તિ પ્રક્રિયા (ઉઅઙ-૨૦૨૬) માં ફેરફારોથી ખાનગી કંપનીઓ માટે નવી તકો ઊભી થઈ. ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ, લાર્સન એન્ડ ટુબ્રો (કઝ), અને અદાણી ડિફેન્સ ડ્રોન, માનવરહિત યુદ્ધ પ્રણાલીઓ, નૌકાદળના સાધનો અને અદ્યતન શસ્ત્રોના ઉત્પાદનમાં તેમની હાજરી ઝડપથી વધારી રહ્યા છે. આ કંપનીઓ વચ્ચે આશરે ₹૩૦,૦૦૦ કરોડના મીડિયમ એલ્ટિટ્યુડ લોંગ એન્ડ્યુરન્સ (ખઅકઊ) ડ્રોન પ્રોજેક્ટ માટે પણ તીવ્ર સ્પર્ધા ચાલી રહી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ભારતની સંરક્ષણ નિકાસ રેકોર્ડ ₹૩૮,૪૨૪ કરોડ સુધી પહોંચી, જેમાં ખાનગી કંપનીઓનો ફાળો આશરે ૪૫% છે.

ભારતમાં બનાવેલ બ્રહ્મોસ મિસાઈલ ઘટકો, પિનાકા રોકેટ સિસ્ટમ્સ, ડ્રોન અને અદ્યતન શસ્ત્રો હવે ૮૦ થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવી રહ્યા છે. સરકારની શઉઊડ યોજના દ્વારા સેંકડો સ્ટાર્ટઅપ્સ અને ખજ્ખઊત પણ સંરક્ષણ ઉત્પાદનમાં જોડાઈ રહ્યા છે. આ કંપનીઓ શસ્ત્રો અને સંરક્ષણ પ્રણાલીઓ માટે જરૂરી સાધનો અને ટેકનોલોજી વિકસાવી રહી છે. ખાનગી ક્ષેત્રની ભાગીદારીમાં વધારો ભારતને સંરક્ષણ ઉત્પાદન અને નિકાસમાં વિશ્વના અગ્રણી દેશોમાં સ્થાન આપવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ભારતનું સંરક્ષણ ઉત્પાદન રેકોર્ડ ૧.૭૮ લાખ કરોડ સુધી પહોંચ્યું, જેમાં ખાનગી કંપનીઓનો સૌથી વધુ ફાળો છે. આ ૧૫.૬% નો વધારો અને સંરક્ષણ આત્મનિર્ભરતા તરફ એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે.

# ચંપત રાયે ખોટા લોકો પર વિશ્વાસ કર્યો

## દાનની ચોરી પર ગોવિંદ દેવ ગિરીએ કહ્યું ક્યારેય વિચાર્યું ન હતું કે આવું થશે

નવીદિલ્હી, તા. ૭

રામ મંદિર ટ્રસ્ટની સોમવારે અયોધ્યામાં બેઠક થઈ હતી. આ બેઠક બાદ અનેક નવા વિકાસ સામે આવ્યા. રામ મંદિર માટે મળેલા દાન અને ખર્ચનો સંપૂર્ણ હિસાબ જાહેર કરવામાં આવ્યો. ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને અનિલ મિશ્રાના રાજીનામા સ્વીકારવામાં આવ્યા. કૃષ્ણ મોહનને ચંપત રાયના કાર્યને સંભાળવાની જવાબદારી સોંપવામાં આવી. લગભગ ત્રણ કલાક ચાલેલી બેઠક દરમિયાન, ટ્રસ્ટના સભ્યોએ બંને (ચંપત રાય અને અનિલ મિશ્રા) ના કાર્ય પર પ્રશ્ન ઉઠાવ્યો. તેમણે કહ્યું કે તેઓએ ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે આવું થશે. તેમણે કહ્યું કે ચોક્કસપણે ભૂલ થઈ છે. હુંડીઓ (નોટ) માંથી પ્રસાદ ચોરાઈ ગયા હતા. સીઈઓની નિમણૂક પહેલા થવી જોઈતી હતી. ખામીઓ નક્કી કરવા માટે તપાસ શરૂ



થઈ ગઈ છે. ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે. ''હું કોઈ દબાણ હેઠળ નથી,'' ગોવિંદ ગિરીએ ઉમેર્યું. ''ચંપત રાય ખોટા લોકો પર વિશ્વાસ કરતા હતા. આપણે તેમને દોષી ઠેરવી શકીએ છીએ, પરંતુ તેઓ સારા ચારિત્ર્યના નથી. જો આપણે માનતા ન હોત કે તેઓ ખોટા છે, તો આપણે તેમનું રાજીનામું કેમ સ્વીકારીએ?'' કામગીરીમાં ચોક્કસપણે ભૂલો હતી, તેથી તેમનું રાજીનામું સર્વાનુમતે સ્વીકારવામાં આવ્યું. જીઈ પાસેથી શું અપેક્ષા રાખવી જોઈએ? જીઈ ની ફરજ શું હતી? આ જવાબદારીઓ વરિષ્ઠ અધિકારીઓ દ્વારા પૂર્ણ કરવામાં આવી ન હતી, જેના કારણે આ બન્યું. તેમણે એમ પણ કહ્યું કે ચંપતની એકમાત્ર ભૂલ તેના નજીકના સાથીઓ પર વિશ્વાસ કરવાની હતી.

સોમવારે રામ મંદિર ટ્રસ્ટની બેઠક બાદ, ખજાનચી ગોવિંદ દેવ ગિરીએ જણાવ્યું હતું કે દાનમાં મળેલી બધી ૨,૮૦૦ વસ્તુઓ સુરક્ષિત છે. તેમણે કહ્યું કે મંદિરને દાનમાં આપવામાં આવેલી કેટલીક વસ્તુઓની ચોરી અંગે અફવાઓ ફેલાઈ હતી, પરંતુ વસ્તુઓ સંપૂર્ણપણે સલામત છે. તેમણે કહ્યું કે કાગભૂષંડી, રામચરિતમાનસ અને પાદુકાઓ બધી સલામત છે. ગોવિંદ ગિરીએ રજિસ્ટર બતાવતા આ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે મંદિરને દાનમાં આપવામાં આવેલી કેટલીક વસ્તુઓની ચોરી અંગે અફવાઓ ફેલાઈ હતી, પરંતુ વસ્તુઓ સંપૂર્ણપણે સલામત છે. તેમણે ઉમેર્યું હતું કે બધી દાન કરાયેલ વસ્તુઓ માટે સંપૂર્ણ રેકોર્ડ અને રજિસ્ટર જાળવવામાં આવે છે. ગિરીએ કહ્યું કે કોઈ પણ તેમના ભવિષ્યના કાર્યો પર પ્રશ્ન ઉઠાવી શકશે નહીં. અયોધ્યા રામ મંદિર ટ્રસ્ટના ખજાનચી ગોવિંદ ગિરીએ સ્વીકાર્યું કે પ્રસાદ ચોરાઈ ગયો છે અને ભૂલો થઈ છે. તેમણે કહ્યું કે તેમણે ક્યારેય કલ્પના કરી ન હતી કે આવું થશે. ચંપત રાયે ખોટા લોકો પર વિશ્વાસ કર્યો. ખામીઓ ક્યાં હતી તે નક્કી કરવા માટે તપાસ શરૂ થઈ છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# રોમાન્સ નું ભૂત!

## ઋતુ એક જ પણ છતાં એની પાછળનો નજરિયો અલગ અલગ એવું કેમ ?



બધીજ ચેનલો વરસાદનાં દ્રશ્યો દેખાડે છે, અને સૌરાષ્ટ્રનાં ગિર સોમનાથનાં જિલ્લામાં ખૂબ વરસાદ થયો. આ લખાય છે ત્યારે અહીં ભાવનગરમાં પણ મેઘરાજાએ મહેર કરી! હવામાન વિભાગની આગાહી સાચી પડી! પણ સવાલ એ છે કે, જે રીતે અત્યારે આ ઋતુઓ લોક જીવનને પ્રતાડિત કરી રહી છે એનું શું? વરસાદમાં ભીંજાવું મને બહુ જ ગમે, પરંતુ હું છેલ્લાં પાંચ વર્ષથી વરસાદમાં નીકળી નથી! કારણકે ઋતુઓ પોતાની સૌમ્યતા અને સમ્યકતા ચૂકી રહી છે, અને એટલે એવો ભાવ નથી થતો! ઉપરથી કેટલાય લોકોના ઝૂંપડા તણાઈ ગયા હશે! કેટલાંય સાથે વિચાર્યું પણ ન્હોય એવી અનહોની થઈ હશે! ખેડૂતોની જીંદગીભરની મૂડી દાવ પર લાગી હશે! એવી કરુણા આડે બીજું કંઈ સુઝે પણ નહીં તો આજે આપણે એક જ શહેરની અલગ અલગ પરિસ્થિતિ અને એનો નજરીયો જોઈશું.

આનંદ અને ઉત્સવી એક કોલેજ ટૂરમાં ભેગાં થયાં, બંને વચ્ચે દોસ્તી થઈ! એક દિવસ વાતો વાતોમાં રાત થઈ ગઈ અને વરસાદ તૂટી પડ્યો! આનંદ હવે કેમ જશે એની મૂંઝવણમાં હતો! ઉત્સવીએ કહ્યું અજાણી જગ્યામાં આટલી રાત્રે અને વરસાદમાં જવું હિતાવહ નથી! આનંદ પણ એ જ ઈચ્છતો હતો! ધીરેધીરે રાત ગાઢ થઈ અને ઋતુ ને કારણે બે યુવા દિલ બેકાબુ બન્યા અને જે ન થવું જોઈએ એ થયું! બંને બહુ જ સંસ્કારી હતાં અને કુળની મર્યાદા જાણતા હતાં! છતાં, આમ વરસાદ એક કલંક નું કારણ બન્યો..

બેલા અને બાબુનાં નવાં નવાં લગ્ન થયાં અને પોતાનો પતિ એક મિલમાં કામ કરતો હતો, એટલે એ ગામડેથી અહીં શહેરની ચાલીમાં રહેવાં આવી! સાવ નીચાણવાળા વિસ્તારમાં ચાલી હતી એટલે વરસાદનું પાણી તેમજ ગટરનું પાણી પણ આવતું અને બહાર કાદવ કીચડ... બેલા ધીરેધીરે સેટ થવા કોશિશ કરતી હતી આજે વરસાદ હતો અને બાબુને આ વખતે ઘરના પકોડા ખાવાનું મન થયું અને એણે અન્ય પતિઓની જેમ બેલાને પકોડા બનાવવા કહ્યું! ધાબુ નબળું થઈ ગયું હોય ઓરડીમાં ચારે બાજુથી પાણી ટપકતું હતું એટલે બેલા એ સાફ કરીને થાકી ગઈ હતી, પણ છતાં પતિની ઈચ્છાને માન આપીને પકોડાની તૈયારી કરી! ખુલ્લા વાળને બાંધી સાડી છેડો ખોસીને એ રસોડામાં પ્રવેશી! બાબુ પર રોમેન્સ નું ભૂત સવાર થયું હતું અને એણે ચણાનો લોટ લેવાં સહેજ ઉંચી થયેલી બેલાની સાડી ખેંચી અને... લજ્જિત થતી થતી બેલા બાબુ નો હાથ પાછો ઠેલતી રહી અને એ એકાદ પિક્ચરનું ગીત ગણગણતો એને પલંગ પાસે લઈ ગયો, ત્યાં જ ધાબા માંથી એક મોટું ગાબડું પડ્યું, અને ઓરડી સ્વીમીંગ પુલ બની ગઈ, અને વરસાદ રહ્યાં પછી રાતના બાર સુધી ઓરડી સાફ કરવી પડી! અને આમ બાબુ બેલા માટે આ વરસાદ વેરી બન્યો..

કેશવ પોતાના ફ્લેટની બાલ્કની માં ઉભો હતો અને એકધારા વરસતા વરસાદને જોઈને ગમગીન થઈ ગયો! ગમગીની દૂર કરવા સિગરેટ પર સિગરેટ જલાવી રહ્યો હતો અને પણ સિગરેટનો નશો એનાં જલતા દિલને ઠારી શક્યો નહીં! એને યાદ આવી ગઈ એ વરસાદી રાત જ્યારે એ પોતાની માસીને ગામ ગયો હતો! અને કસ્તુરી નું સૌંદર્ય ગામડાં નું કુદરતી વાતાવરણ! નિખાલસ માણસો અને એક ભૂલ થઈ ગઈ કે જેને તે આજ સુધી ભૂલી શકતો નથી! અને એમાં પણ આ ગાંડો વરસાદ. શાલુ ની મોટી બહેનનો દિકરો કેશવ વેકેશનમાં આવ્યો, એ ફોટોગ્રાફર હતો, અને અહીં કસ્તુરી સાથે તેની મુલાકાત થઈ! કસ્તુરી પોતાની ઈચ્છાથી માસીને ઘરે કામ કરવા આવતી, અને એ બહાને શાલુ માસી સાથે વધુ રહીને વેકેશનમાં પણ ભણવાનું થતું! આવી જ એક તોફાની વેળાએ કેશવ ફોટોગ્રાફી કરવામાં ભૂલો પડ્યો! અંધારું ધીરેધીરે ગાઢ થતું જતું હતું, એક બાજુથી ટેકરીઓમાંથી નીકળતાં ઝરણાઓ એ ધોધ રુપે પડતા સુંદર કુદરતી દ્રશ્યો કેમેરામાં કેદ થયા! જંગલી જાનવરો પણ સલામતી માટે ગુફાઓમાં બેસી ગયા વગેરે ફોટોગ્રાફ પણ લીધાં! શાલુ ને ચિંતા થઈ! કસ્તુરી ઘરે જાઉં એમ કરીને કેશવ ને શોધવા ટેકરી પર આવી, અને શોધી પણ લીધો! વરસાદમાં ભીંજાયેલી કસ્તુરી એને ક્યાં માર્ગે જવું એ દોરતી હતી, અને વારંવાર એકદમ નજીક આવી જતાં એના માદક અંગો જોઈ કેશવ ભાન ભૂલ્યો અને કસ્તુરી ઈન્કાર કરતી રહી અને.... ઘરે આવ્યા પછી બહુ પસ્તાવો થયો અને નક્કી કર્યું કે સવારે એનાં ઘરે જઈને માંફી માંગી લગ્નની વાત કરશે! પણ પોતે એનાં ઘરે જાય એ પહેલાં જ કસ્તુરી ધાબેથી પડી ગઈ! કે કૂદી ગઈ ! એ રહસ્ય એની સાથે ગયું! પણ પોતે જાણતો હતો કે પોતાની ભૂલને કારણે એક સોળ વર્ષની યુવતી એ.. બસ ત્યારથી આ વરસાદ એનો દુશ્મન હોય એમ..

વરસાદ શરૂ થયો સુશીલાને એમ કે હમણાં રહી જશે! પણ આ તો રોકાવાનું નામ જ લેતો ન્હોતો!; એને ચિંતા ફળિયામાં રાખેલા છાણાં અને લાકડાં પલળી જશે એની હતી! ઉપરથી સુનીલ પણ ઘરમાં ન્હોતો! ગયાં વર્ષે આવાં વરસાદમાં જ ગામના ચેકડેમમાં બે છોકરાઓ ડુબી ગયા હતાં! સુનીલ ને પણ આવાં સાહસો કરવાની ટેવ હતી! હે ભગવાન સુનીલનુ રક્ષણ કરજે! સુનીલ મારાં જીવનનો આધાર છે! એને કંઈક થઈ જશે તો મુજ વિધવા નું કોણ ધ્યાન રાખશે ? છાણાં લાકડાં પલળી જશે તો કાલે ચૂલો કેમ સળગશે? એણે હિમ્મત કરીને ફળિયામાંથી લાકડા અને છાણાં સારવાનુ શરૂ કર્યું! એક કલાકને અંતે એ કામ પુરુ થયું! વળી નવરી થતાં સુનીલ ની ચિંતા થઈ ત્યાં તો ડેલી ખખડી અને ભીનો થયેલો સુનીલ આવ્યો! એને સાજો સમો જોઈ એને ધરપત થઈ! મા આજે તો ચેકડેમ છલકાઈ ગયો, અને....ત્યાં જ સુશીલા એ એક તમાચો એનાં ગાલ પર મારી કહ્યું ખબરદાર એ બાજું ગયો છે તો! તને કંઈ થઈ જશે તો ? મા મારાં મિત્રોએ મને બહુ આગ્રહ કર્યો પણ મેં એને આ કારણે જ ના પાડી. મા આજે ચા સાથે ભજીયા બનાવી દે ને! છાણાં લાકડાં પલળ્યા ન્હોતાં એટલે, અને સમયસરની તાકીદ ને કારણે મા દિકરાએ વરસાદનો આનંદ લેતાં લેતાં ભજીયા ખાધાં..

મિત્રો આમ એક જ ઋતુ, એક જ શહેર અને છતાં બધાને અલગ અલગ અનુભવ થયો! કહેવાનું તાત્પર્ય એ છે કે ગ્લોબલ વોર્મિંગને કારણે ઋતુઓ એ હવે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે, અને એમાં આપણી આંતરિક પ્રકૃતિની ઋતુ પણ અસંતુલિત હોયને આપણે એનો આનંદ માણી શકતા નથી! મોટેભાગે આવું થાય ત્યારે, ઘરમાં પાણી ભરાઈ જશે, છત ટપકશે, ધાબામાં ગાબડું પડશે, કે પછી બળતણ પલળી જશે, એવાં ભાવ મુખ્ય રહે છે. એક ડર આપણી આસપાસ ઘેરાયેલો રહે છે! એમાં પણ ઉંમર વધતાં ઉન્માદ ઓસરી જતો હોય અને શરીરની અવસ્થા પણ વિપરીત હોય છે! પણ યુવાનોને ખાસ ચેતવણી કે જીવનભર નું કોઈ કલંક કે શૂળ ઊભું થાય નહીં એનું ધ્યાન રાખવું, કારણ કે આવાં ભાવ સોડા બોટલનાં ઉભરા જેવા હોય!આપણી મર્યાદાનું જતન કરીને પાછળથી પસ્તાવું પડે નહીં એવું જીવવું!

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# ખાનગી કોચિંગ ક્લાસીસ પર સરકારની ઢીલી નીતિ

## કોંગ્રેસનો આક્ષેપ બાળકો માટે થઈ રહ્યા છે જોખમી સાબિત : રાજકોટમાં ૪ વર્ષના માસૂમ બાળકને ગરમ તાવીથી ડામ આપવાની ઘટના અત્યંત નિંદનીય : રોહિત રાજપૂત



રાજકોટ, તા. ૭

રાજકોટ શહેરના પ્રધુમ્નનગર પોલીસ સ્ટેશન વિસ્તારના રેલનગરમાં ટ્યુશન માટે ગયેલા માત્ર ૪ વર્ષ અને ૬ મહિનાના માસૂમ બાળકને અક્ષર ન લખતાં ટ્યુશન ચલાવતી મહિલાએ ગરમ તાવીથી ડામ આપ્યાની ઘટનામા કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપુતે જણાવ્યુ કે આ ઘટના સમાજને હચમચાવી નાખે તેવી છે. શિક્ષણના પવિત્ર ક્ષેત્રમાં આવી ક્રૂરતા કોઈપણ સંજોગોમાં ચલાવી શકાય નહીં.

રાજપુતે વધુમા કહ્યું કે બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય વિશ્વાસ, પ્રેમ અને સંસ્કાર સાથે જોડાયેલું છે. પરંતુ શિક્ષણના નામે બાળક પર શારીરિક અત્યાચાર કરવામાં આવે તે અત્યંત નિંદનીય અને શરમજનક બાબત છે. કોંગ્રેસે કહ્યું કે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે, જે આવકારદાયક છે, પરંતુ માત્ર ગુનો નોંધવાથી કામ નહીં ચાલે. સમગ્ર ઘટનાની ઝડપી તપાસ કરીને આરોપી સામે કડકમાં કડક કાર્યવાહી થવી જોઈએ. રોહિતસિંહ વધુમાં જણાવ્યું કે આ ઘટના એકલદોકલ નથી. છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં ખાનગી કોચિંગ ક્લાસીસ અને શૈક્ષણિક સંસ્થાઓમાં બાળકોની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. જસદણના આલ્ફા વિદ્યાલયમાં મેનેજમેન્ટની બેદરકારીના કારણે બાળકીનું મોત, રાજકોટના હરિધવા રોડ પર આવેલા પટેલ ક્લાસીસમાં બાળકને પાઇપ વડે માર મારવાની ઘટના અને હવે આ બનાવ દર્શાવે છે કે ખાનગી કોચિંગ ક્લાસીસ પર અસરકારક નિયંત્રણનો ગંભીર અભાવ છે.

નામદાર સુપ્રીમ કોર્ટના ૨૫ જુલાઈ, ૨૦૨૫ના ચુકાદા બાદ ગુજરાત સરકારે ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ખાનગી કોચિંગ સેન્ટર અને ટ્યુશન ક્લાસીસ માટે કાયદો અને નિયમો ઘડવા આઠ સભ્યોની સમિતિની રચના કરી હતી. નોંધણી ફરજિયાત બનાવવા, ફી, સંચાલન અને અન્ય બાબતોને નિયમિત કરવા સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ માર્ચ-૨૦૨૬માં સરકારે અલગ બિલ લાવવાનો નિર્ણય પાછો ખેંચી માત્ર નવી નીતિ લાવવાની જાહેરાત કરી. આજે મહિનાઓ વીતી ગયા છતાં હજુ સુધી કોઈ સ્પષ્ટ નીતિ જાહેર કરવામાં આવી નથી.

તેઓએ આક્ષેપો કરતા કહ્યું કે સરકારની ફાઇલો અભરાઈ પર ચડી ગઈ હોય તેમ હજુ સુધી કોઈ અસરકારક નિર્ણય લેવાયો નથી. બીજી તરફ ખાનગી કોચિંગ ક્લાસીસમાં બાળકો પર અત્યાચાર, આપઘાતના બનાવો, ફીની ઉઘાડી લૂંટ, બાળકોની સુરક્ષાનો અભાવ અને સંચાલકોની મનમાની જેવી ફરિયાદો સતત વધી રહી છે. રાજ્ય સરકારનું શિક્ષણ વિભાગ ખાનગી કોચિંગ ક્લાસીસ પ્રત્યે જરૂર કરતાં વધુ નરમ વલણ અપનાવી રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

ખાનગી કોચિંગ ક્લાસીસમાં અભ્યાસ કરતા લાખો વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી રાજ્ય સરકારની જવાબદારી છે. માત્ર જાહેરાતો નહીં પરંતુ અસરકારક અમલ થાય તેવી અમારી માંગ છે. આ મુદ્દે કોંગ્રેસના વિદ્યાર્થીનેતાઓનું પ્રતિનિધિમંડળ આવનારા સમયમા રાજ્યના શિક્ષણમંત્રીશ્રીને રૂબરૂ મળી ખાનગી કોચિંગ ક્લાસીસ માટે કડક અને પારદર્શક નીતિ તાત્કાલિક અમલમાં મૂકવાની માંગ સાથે વિગતવાર રજૂઆત કરવામાં આવશે.

### કોંગ્રેસની માંગણીઓ

- ખાનગી કોચિંગ કલાસીસ માટેની નીતિ તાત્કાલિક જાહેર કરવામાં આવે.
- તમામ કોચિંગ કલાસીસનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમિત નિરીક્ષણ કરવામાં આવે.
- Child Safety Protocol અને Child Protection Policy ફરજિયાત અમલમાં મૂકવામાં આવે.
- બાળકો પર અત્યાચાર કરનાર સંચાલકો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.
- ફી અને સંચાલન અંગે પારદર્શક વ્યવસ્થા ઉભી કરવામાં આવે.
- બાળ અધિકાર સુરક્ષા આયોગ અને શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યવ્યાપી વિશેષ તપાસ હાથ ધરવામાં આવે.

# રાજ્યની ૪ મેડિકલ કોલેજો સામે NMC હરકતમાં

## સ્ટાફની અછત મુદ્દે ૪૫ દિવસનું અલ્ટીમેટમ ; જામનગર અને જુનાગઢની મેડિકલ કોલેજનો પણ સમાવેશ

રાજકોટ, તા. ૭

ગુજરાતની તબીબી શિક્ષણ વ્યવસ્થા પર હાલમાં મોટું સંકટ મંડરાઈ રહ્યું છે. નેશનલ મેડિકલ કાઉન્સિલ (NMC) દ્વારા રાજ્યની ૪ જાણીતી મેડિકલ કોલેજોને ગંભીર નોટિસ ફટકારવામાં આવી છે. આ કોલેજોમાં અધ્યાપકો અને સ્ટાફની ભારે અછત તેમજ દર્દીઓની સારવારમાં જોવા મળતી બેદરકારીના કારણે ગખઈ એ કડક વલણ અપનાવ્યું છે. તબીબી શિક્ષણના માપદંડો સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ નહીં કરવામાં આવે તેવો સ્પષ્ટ સંદેશ આ નોટિસ દ્વારા આપવામાં આવ્યો છે.

ગખઈ દ્વારા આપવામાં આવેલી આ નોટિસમાં કોલેજ પ્રશાસનને માત્ર ૪૫ દિવસનો સમય આપવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન સંસ્થાઓએ પોતાની તમામ ખામીઓ દૂર કરવાની રહેશે, જેમાં મુખ્યત્વે જરૂરી સ્ટાફની ભરતી અને દર્દીઓની સારવાર માટેની સુવિધાઓનો સમાવેશ થાય છે. જો નિર્ધારિત સમય મર્યાદામાં કોલેજો દ્વારા સુધારાત્મક પગલાં લેવામાં નહીં આવે, તો નેશનલ મેડિકલ કાઉન્સિલ દ્વારા આ સંસ્થાઓની માન્યતા કે પ્રવેશ ક્ષમતા સામે આકરી કાર્યવાહી કરવામાં આવી શકે છે. જામનગરની એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ, જુનાગઢની GMERS મેડિકલ કોલેજ, સુરતની ડો. કિરણ પટેલ મેડિકલ કોલેજ, અને કલોલની સ્વામીનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ કોલેજમાં હાલ તપાસ ચાલી રહી હોવાનું પણ જાણવા મળ્યું છે . આ તમામ કોલેજોમાં અપૂરતો સ્ટાફ અને દર્દીઓને અપાતી સારવારમાં ગંભીર ખામીઓ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. હવે આ કોલેજ સંચાલકોએ આગામી ૪૫ દિવસમાં તમામ માપદંડો પૂર્ણ કરીને ગખઈ સમક્ષ રિપોર્ટ રજૂ કરવો પડશે, અન્યથા તેમના પર દંડ કે અન્ય શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

ઈન્સ્પેક્શનમાં ખૂલી પોલ જૂનાગઢ અને જામનગર સહિતની કોલેજો રડારમાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તાજેતરમાં ગખઈ દ્વારા દેશભરની મેડિકલ કોલેજોનું ઓચિંતું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની જૂનાગઢ અને જામનગર સરકારી મેડિકલ કોલેજ સહિત અન્ય બે કોલેજોમાં નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થતું હોવાનું સામે આવ્યું છે. ગુજરાતમાં દર વર્ષે મેડિકલની બેઠકો માટે ભારે રસાકસી થતી હોય છે. તેવામાં જો રાજ્યની પ્રતિષ્ઠિત સરકારી કોલેજોમાં બેઠકો ઘટે અથવા માન્યતા અટકે, તો તેની સીધી અસર NEET પાસ કરનારા સેંકડો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પડી શકે છે.

હાલમાં આ મામલે મેડિકલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ અને સંબંધિત કોલેજોના તંત્રમાં દોડધામ મચી ગઈ છે અને યુદ્ધના ધોરણે આ ખામીઓ પૂરવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. ગુજરાતની ૪ સરકારી અને સંલગ્ન મેડિકલ કોલેજોમાં સ્ટાફની અછત અને નિયમ મુજબ દર્દીઓની પૂરતી સંખ્યા (પેશન્ટ લોડ) ન હોવા બદલ NMCએ કડક વલણ અપનાવ્યું છે. કમિશન દ્વારા આ કોલેજોને તમામ ખામીઓ સુધારવા માટે ૪૫ દિવસનું આખરી અલ્ટીમેટમ આપતી નોટિસ ફટકારવામાં આવી છે. જો નિયત સમયમર્યાદામાં આ આદેશનું પાલન નહીં કરવામાં આવે, તો આગામી MBBS એડમિશન પ્રક્રિયામાં આ કોલેજોની બેઠકો પર રોક લગાવવા સુધીની કડક કાર્યવાહી થઈ શકે છે.

# ચાર દરખાસ્ત સાથે સ્થાયી સમિતિની બેઠક

રાજકોટ, તા. ૭

મહાનગરપાલિકાની હાલ છે નવી ચૂંટાયેલી બોડી છે તેઓએ પારદર્શક વહીવટ માટે તમામ તૈયારીઓ હાથ ધરી હોય તેવું જાણવા મળી રહ્યું છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયાએ નિર્ણય લીધો કે દર સપ્તાહમાં સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળશે જેથી ઓછી દરખાસ્ત હોય તો વધુને વધુ અભ્યાસ કરી શકાય અને યોગ્ય નિર્ણય લઈ શકાય. ત્યારે આજે સ્થાયી સમિતિની બેઠક મળશે અને આ બેઠકમાં ચાર દરખાસ્ત મુકવામાં આવી છે જેમાંથી એક દરખાસ્ત તો ફાયર વિભાગની કામગીરી અંગેની છે.

ગત મીટીંગમાં જંગલેશ્વર ડિમોલીશનનું ફૂડ બીલ નામંજૂર કરવામાં આવ્યું હતું. ડ્રોનથી મચ્છર ભગાવવાની દરખાસ્ત પરત મોકલાઇ હતી. આ બેઠકમાં બે આંકડામાં પણ દરખાસ્ત ન હતી. હવે કાલે મળનારી બેઠકમાં એજન્ડા પર માત્ર ૪ દરખાસ્ત છે અને તેમાં પણ એક ફાયર વિભાગની સાપ્તાહિક કામગીરી છે. અગાઉની જેમ અધ્યક્ષસ્થાનેથી અરજન્ટ દરખાસ્ત તરીકે જે કોઇ બાબત રજૂ થાય તેનો ઉલ્લેખ રીપીટ થયો છે. સવા મહિનામાં મળેલી સ્ટે.કમીટીની બેઠકોમાં સૌથી મોટા નિર્ણય ઠરાવના રૂપમાં આ રીતે અધ્યક્ષસ્થાનેથી જ થયા છે તે ઉલ્લેખનીય છે!

માધાપર એસટીપીના બે વર્ષના ઓપરેશન એન્ડ મેન્ટેનન્સની દરખાસ્ત એજન્ડામાં છે તો શહેરના અલગ અલગ ટીપી પ્લોટ, ડબલ્યુટીપી અને લાયન સફારી પાર્ક આસપાસની ખુલ્લી જગ્યાઓમાં વૃક્ષારોપણની કામગીરી કરવાની દરખાસ્ત પણ કમિશ્નરે મોકલી છે. બોડીની પ્રથમ મીટીંગમાં રેસકોર્સ ડેકોરેશનની દરખાસ્ત નામંજૂર કરાઇ હતી. બગીચા અને ફાયર સ્ટેશન મંજૂર કરાયા હતા. આ બાદ વિકાસ કામને લગતી કોઇ મોટી દરખાસ્તો આવી નથી. સવા મહિનો લગભગ જંગલેશ્વર ડિમોલીશનના ફૂડ બીલના વિવાદમાં જ પાસ થયો છે.

ભુતકાળમાં ૬૦, ૭૦, ૮૦ જેટલી દરખાસ્તો એક સાથે આવતા સભ્યો અભ્યાસ કરી શકતા નહીં હોવાની ફરિયાદો થતી હતી અને સ્ટે.ની મીટીંગ એક-બે મીનીટમાં પણ પૂરી થઇ જતી હતી. હવે સમય બદલાયો છે. તમામ કોર્પોરેટરોને માહિતી માંગવાની અને સભ્યોને મીટીંગમાં ચર્ચાની છુટ અપાઇ છે. કોર્પોરેટરો ઉંડા ઉતરવા માંગે છે. પરંતુ તે સામે દરખાસ્તોની સંખ્યા નહીંવત થઇ ગઇ છે. મીટીંગ દર બુધવારે ફિકસ કરવામાં આવી છે. પરંતુ સભ્યો ચર્ચા શેની કરે તે સવાલ દરખાસ્તોની સંખ્યા પરથી ઉઠી રહ્યો છે. આ રીતે નવી બોડીની સ્ટે.કમીટીમાં દરખાસ્તો ઘટી છે તો મોટા નિર્ણયો અધ્યક્ષસ્થાનેથી બોમ્બની જેમ ફુટતા રહ્યા છે તે પણ હકીકત છે.

**અધ્યક્ષસ્થાનેથી મોટા નિર્ણયો લેવાય તો નવાઈ નહીં.**

# રાજ્યના જળાશયોમાં મેઘમહેર

રાજકોટ, તા. ૭

ગુજરાત રાજ્યમાં ચાલુ ચોમાસા દરમિયાન મેઘરાજાએ મહેર વરસાવવાનું શરૂ કર્યું છે, જેના કારણે રાજ્યના જીવાદોરી સમાન જળાશયોમાં પાણીની આવક નોંધપાત્ર રીતે વધી રહી છે. તાજેતરના અહેવાલો મુજબ, રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં હાલમાં ૪૦.૧ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. વરસાદી માહોલ જામતા ખેડૂતો અને જળાશયો પર નિર્ભર રહેતા વિસ્તારોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે. સરકારી તંત્ર દ્વારા ડેમની જળ સપાટી પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે, જેથી કરીને નીચાણવાળા વિસ્તારોમાં સુરક્ષા જાળવી શકાય. જળાશયોમાં પાણીની સતત થઈ રહેલી આવકને પગલે વહીવટી તંત્ર દ્વારા એડવાન્સ પ્લાનિંગ કરવામાં આવ્યું છે. ડેમમાં પાણીની સપાટી વધતા નીચાણવાળા વિસ્તારોમાં ભરાઈ શકતા પાણી અને સંભવિત પૂરની સ્થિતિને પહોંચી વળવા માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમોને સજ્જ રહેવા સૂચના આપવામાં આવી છે. ખાસ કરીને હાઈ એલર્ટ પર રહેલા જળાશયોના દરવાજા ખોલવા કે પાણી છોડવા અંગેની નિર્ણય પ્રક્રિયામાં તંત્ર અત્યંત સાવચેતી દાખવી રહ્યું છે. ખેડૂતોને પણ પોતાના પાક અને સાધન-સામગ્રીનું ધ્યાન રાખવા અપીલ કરવામાં આવી છે.

વરસાદની ગતિવિધિને જોતા રાજ્યના ૫ ડેમ સંપૂર્ણપણે એટલે કે ૧૦૦ ટકા ભરાઈ ગયા છે, જે એક સકારાત્મક સંકેત છે. જેમાં રાજુલાના ધાતરવડી અને



૨૦૦ થી વધુ ડેમમાં ૪૦ ટકાથી વધુ પાણી

સુરજવાડી ડેમ, મહુવાના માલણ અને શેત્રુજી ડેમ તથા સોનગઢના ડોસવાડા ડેમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૭ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા અને ૨૧ ડેમ ૫૦ થી ૭૦ ટકાની વચ્ચે ભરાયેલા છે. જોકે, હજુ પણ ૧૦૯ ડેમ એવા છે જેમાં પાણીનો જથ્થો ૨૫ ટકાથી ઓછો છે. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લેતા રાજ્યના ૧૧ ડેમ હાઈ એલર્ટ પર અને ૪ ડેમ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે.

### ૧૪ ડેમ હાઈએલર્ટ પર, નદી કાંઠાના ગામોને સાવચેત કરાયા

ભારે વરસાદને પગલે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ૧૪ જેટલા ડેમો સંપૂર્ણ (૧૦૦%) છલકાઈ જતાં અથવા ભયજનક સપાટીએ પહોંચતા વહીવટી તંત્ર દ્વારા હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે અન્ય ૮ ડેમો એલર્ટ પર છે. તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારો અને નદી કિનારે વસતા લોકોને નદીના પટમાં ન જવા અને સુરક્ષિત સ્થળે ખસી જવા કડક સૂચનાઓ આપવામાં આવી છે.

# યાજ્ઞિક રોડ પરથી પાર્કિંગ દબાણો દૂર

રાજકોટ, તા. ૭

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સંયુક્ત ઉપક્રમે દબાણ મુક્ત શહેર બનાવવા માટે અનેકવિધ પગલાંઓ લઈ રહ્યું છે જેના ભાગરૂપે સ્થાનિક પ્રશાસન દ્વારા ખાસ તકેદારી રાખવા અને દબાણો દૂર કરવા માટે મહેનત અને વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યા છે. ત્યારે ગઈકાલે મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ દ્વારા વન વીક , વન રોડ અંતર્ગત દબાણ અને અનઅધિકૃત બાંધકામો હટાવવા માટે ખાસ ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં ટ્રાફિકથી ધમધમતા ડો. યાજ્ઞિક રોડ પર પહોંચતા પાર્કિંગની મોટી જગ્યા ખુલ્લી કરાવવામાં આવી હતી.

સેન્ટ્રલ ઝોનમાં આવશ્યક એવી કામગીરીથી પાર્કિંગની જગ્યા ખુલ્લી થઇ હતી, તો છેલ્લા દિવસોમાં વેસ્ટ અને ઇસ્ટ ઝોનમાં ચાલતી આવી જાહેર હિતની કામગીરી જાણે કોઇ ગુપ્ત ઓપરેશન હોય તે રીતે આજ સુધી બહાર પાડવામાં આવી નથી તે પણ નોંધનીય છે.

અગાઉના વર્ષોમાં સપ્તાહના ચોકકસ દિવસો નકકી કરીને ટીપી, દબાણ હટાવ, પર્યાવરણ, આરોગ્ય, ફૂડ, ફાયર, બાંધકામ, રોશની સહિતની શાખાઓ દ્વારા સંયુકત ડ્રાઇવ અલગ અલગ વોર્ડના અલગ અલગ રાજમાર્ગો પર ચલાવવામાં આવતી હતી. એક જ દિવસમાં દબાણો હટવાથી માંડી ગટરના ઢાંકણા રીપેર થઇ જવા જેવી કામગીરી પણ કરાતી હતી. પરંતુ આ વખતે આ સફળ કામગીરી મનપાએ ઢાંકેલી રાખી છે. આજે વોર્ડ નં.૭ના યાજ્ઞિક રોડ પર થયેલું કામ લોકોની નજરમાં આવ્યું હતું. ડો. યાજ્ઞિક રોડ પર આજે જિલ્લા પંચાયત ચોકથી માલવીયા ચોક, ગેસ્ફોર્ડ સિનેમા રોડ સુધી અલગ અલગ વિભાગની ટીમોએ કામગીરી કરી હતી જેમાં પોલીસ તંત્ર પણ જોડાયું હતું. ટીપી શાખાએ બીઝનેસ ટર્મીનલ બહાર પાર્કિંગની જગ્યામાંથી દિવાલ, ઓરબીટ એન્કલેવ બિલ્ડીંગ બહારથી પાર્કિંગની જગ્યામાં રહેલી રેલીંગ, ધનરજની કોમ્પ્લેક્ષ હેઠળથી રેલીંગ, માધવ કોમ્પ્લેક્ષની જગ્યામાંથી રેલીંગ હટાવ્યા હતા.

આ ઉપરાંત શકિત આર્કેડ બહારથી પાર્ટીશન બોર્ડ, નાથ લેગસી અને નાથ કોમ્પ્લેક્ષ બહારની જગ્યામાંથી રેલીંગ તોડીને વાહનો માટે જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. આ રોડ પર ટ્રાફિક અને પાર્કિંગનો મોટો પ્રશ્ન છે. ટોઇંગ વાહનને આ રોડ પરથી રોજનું મોટુ કલેકશન છે.

એક રીતે આવા રોડ પર ટ્રાફિક શિસ્ત માટે નહીં પરંતુ ટ્રાફિક પોલીસની કામગીરી વધુમાં વધુ દંડ એકત્ર કરવા થતી હોવાનું લાગે છે. આથી જ આવા રાજમાર્ગો પર પાર્કિંગ માટે વધુમાં વધુ જગ્યા ખુલ્લી કરાવવી જોઇએ તેવું લોકો ઇચ્છી રહ્યા છે. આ કામગીરીમાં દબાણ હટાવ શાખાએ પણ અમુક જગ્યાએ રહેલા ચાના ગલ્લા જેવા દબાણો ઉપાડી લીધા હતા. તો સોલીડ વેસ્ટ શાખાએ સફાઇની બાબતોનું નિરીક્ષણ કર્યુ હતું. રાજકોટના દરેક રાજમાર્ગો પર આવી ડ્રાઇવ ચાલે તો પાર્કિંગ માટે વધુ જગ્યા ખુલ્લી થાય તેમ લાગી રહ્યું છે. ખાસ કરીને આવા જુના રાજકોટના અનેક બિલ્ડીંગમાં રહેલી દુકાનોના પ્લાન દાયકાઓ પહેલા પાસ થયા હોય, પાર્કિંગની કોઇ જોગવાઇ જે તે વખતે ન હતી. પરંતુ જે જગ્યાએ પાર્કિંગ સ્પેસ છે તે પુરેપુરી જગ્યા ખુલ્લી રહે તો વેપારીઓ અને ગ્રાહકોને પણ રાહત થાય તેમ છે. જોકે આજની કામગીરીની કોઇ સત્તાવાર માહિતી તંત્રએ ભુતકાળની જેમ જાહેર કરી ન હતી તે હકીકત છે!




પાર્કિંગની સમસ્યા દૂર કરવા મનપાની મથામણ

### શિક્ષણના નામે ક્રુરતાથી પરાકાષ્ઠાઃ ભાર વગરના ભણતરના ગાણા વચ્ચે માસુમ પર અત્યાચાર

# એકડો ઘૂંટતો ન હોઈ માસુમને શિક્ષીકાએ ડામ દઈ દીધા!

## રેલનગર શ્યામજી કૃષ્ણ વર્મા ટાઉનશીપનો ચકચાર જગાવતો કિસ્સોઃ સાડા ચાર વર્ષના બાળક પર અત્યાચારઃ બાળકના કાકાને પણ શિક્ષીકાએ કહી દીધું તમારે જે કરવું હોય તે કરોઃ તેણે પોલીસ એફઆઈઆર દાખલ કરાવી

રાજકોટ,તા.૭

શહેરના રેલનગરમાં એક હૃદયદ્રાવક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેને સાંભળીને કોઈપણ સંવેદનશીલ વ્યક્તિ ધ્રુજી ઠે. અક્ષરજ્ઞાનના શ્રીગણેશ કરી રહેલા એક માત્ર સાડા ચાર વર્ષના માસૂમ બાળક પાસે એકડો બરાબર ઘૂંટાતો ન હોવાના સામાન્ય કારણોસર એક મહિલા ટ્યુશન શિક્ષિકાએ અમાનવીયતાની તમામ હદો વટાવી દીધી હતી. ગુસ્સામાં અંધ બનેલી શિક્ષિકાએ માસુમ બાળકને ગરમ તાવિથા વડે પગ અને સાથળના ભાગે ત્રણથી વધુ ડામ દઈ દીધા હતા. શિક્ષિકાની આ ઝનુની અને અજ્ઞાન ક્રૂરતાને કારણે ગંભીર રીતે દાઝેલા બાળકને તાત્કાલિક સારવાર હેઠળ ખસેડવો પડ્યો હતો. આ અરેરાટીભર્યા કિસ્સાને પગલે ભોગ બનનાર બાળકના પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવતા ચકચા જાગી છે.

ભાર વગરના ભણતરની વાતો વચ્ચે રાજકોટ શહેરમાં એક કુમળી વયના બાળક સાથે કે જે હજુ આંગણવાડીમાં








બીજી ઘટનામાં રૈયાધારમાં પાંચ વર્ષના બાળકને પાડોશી ઢગાએ ઉંચકીને જમીન પર પછાડતાં ઈજા

જાય છે તેની સાથે તે ટ્યુશન ક્લાસમાં સરખી રીતે લખતો ન હોવાને કારણે શિક્ષીકાએ ક્રુરતા આચરી લીધી હતી. વિગતો પર નજર કરીએ તો રેલનગર શ્યામજી કૃષ્ણ વર્મા ટાઉનશીપમાં આ બનાવ બન્યો છે. જેણે શહેરભરના શિક્ષણ જગતમાં ચકચાર જગાવી છે. આ બનાવમાં પ્રધ્રયુમનનગર પોલીસે રેલનગર શ્યામજી કૃષ્ણ વર્મા ટાઉનશીપ સી-૫૦૮, સનરાઇઝ સ્કૂલની બાજુમાં રહેતાં છત્રીસ વર્ષના વિશાલભાઇ હરેશભાઇ યાદવની ફરિયાદ પરથી રેલનગરમાં જ તેમના ઘર નજીક ટાઉનશીપમાં સી-૪૦૮માં રહેતાં નીરાલબેન અશ્વીનભાઇ નામના શિક્ષીકા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી.

આ ઘટનામાં ફરિયાદી બનેલા વિશાલભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે સાજે હું રિક્ષા લઇને ઘરે આવ્યો ત્યાર મારા ભાભી ગાયત્રીબને ધર્મેશભાઇ યાદવે જણાવ્યું હતું કે મારો દિકરો કશ્યપ કે જે હજુ સાડા ચાર વર્ષનો છે તે નજીકમાં રહેતાં નિરાલીબેન અશ્વીનભાઇના ઘરે ટ્યુશનમાં ગયો હતો. જ્યાં નિરાલીબેને કશ્યપને ડાબા પગમાં સાથળ ઉપર ગરમ તાવીથાથી ડામ દીધા છે. આ વાત કરતાં હું નીરાલીબેનના ઘરે તેમને ઠપકો આપવા ગયો હતો. મેં જ્યારે નિરાલીબેનને નાના બાળકને શા માટે ડામ દીધા? તેમ પુછ્યું ત્યારે નીરાલબેન મારી ઉપર એકદમ ઉશ્કેરાઇ ગયા હતાં અને કહ્યું હતું કે-છોકરો લખતો નહોતો એટલે મેં આવુ કર્યુ છે.

આ પછી પણ શિક્ષીકા નિરાલીબેને તમારે જે કાંઇ કરવું હોય તે કરી લ્યો. આમ કહી તેણી જેમફાવે તેમ બોલવા માંડ્યા હતાં. તેમ વધુમાં વિશાલભાઇએ ફરિયાદમાં જણાવતાં પ્રદ્યુમનગર પોલીસ સ્ટેશનના પીએસઆઇ બી. વી. ભગોરાએ ફરિયાદ દાખલ કરી શિક્ષીકાની પુછતાછની અને આગળની કાર્યવાહીની તજવીજ કરી હતી.

આ કિસ્સામાં ભોગ બનેલા બાળકના માતા ગાયત્રીબેને કહ્યું હતું કે મારો દિકરો કશ્યપ આંગણવાડીમાં જાય છે અને સાથે સાથે અમે તેને છએક મહિનાથી ટ્યુશનમાં મોકલીએ છીએ. જ્યાં મહિનાની રૂપિયા બસ્સો ફી લેવામાં આવે છે. મારા દિકરાને ટ્યુશનમાં એકડો ઘુંટવાનું નીરાલીબેને કહ્યું હતું. પરંતુ તે એકડો બરાબર ઘુંટતો ન હોઇ નિરાલીબેને તાવીથાથી ડામ દીધા હતાં. અમારે બાળકને સારવાર પણ અપાવવી પડી છે. તેમ વધુમાં તેણીએ કહ્યું હતું. શાળા, ટ્યુશનમાં બાળકોને મારકુટ થવાની ઘટનાઓ તો બનતી હોય છે પણ આ બનાવમાં ટ્યુશન ક્લાસ ચલાવતાં મહિલાએ ૪ાા વર્ષના બાળકને તે એકડો સરખો ઘુંટતો ન હોઇ ગરમ તાવીથાથી ડામ આપતાં ચર્ચા જાગી હતી. એક તરફ ભાર વગરના ભણતરના ગાણા ગવાય છે તો બીજી તરફ ટ્યુશન ક્લાસમાં જે માસુમ બાળકને શાંતિથી પ્રેમથી શીખવવાનું હોય તેને એકડો શીખવવા માટે શિક્ષીકા ડામ આપે તે ઘટનાએ સમગ્ર શહેરમાં ચકચાર જગાવી દીધી છે.

બાળક સાથે અત્યાચારની વધુ એક ઘટના રૈયાધાર વિસ્તારમાં બની હતી. જેમાં આ બાળકને કહેવાતા નશાખોરે ઉપાડીને ઘા કરતાં પથ્થર સાથે અથડાતાં ઈજાઓ થઈ હતી. રૈયાધારમાં રહેતાં રાજુભાઇ મકવાણાનો દિકરો યુવરાજ જે સાડા પાંચ વર્ષનો છે તે સાંજે ઘર પાસે રમતો હતો ત્યારે નિલેષ નામના ઢગાએ આ બાળકને ઉપાડીને નીચે પથ્થર પર પછાડતાં તેણે રોકકળ કરી મુકતાં તેના માતા સહિતના લોકો આવી જતાં નિલેષ ભાગી ગયો હતો. માતા સુમિતાબેને કહ્યું હતું કે મારો દિકરો રમતો હતો ત્યારે નિલેષે નશામાં ભાન ભુલી મારા દિકરાને ઉપાડીને નીચે જમીન પર પછાડતાં તેને પથ્ર લાગતાં માથા, શરીરે ઈજાઓ થતાં દાખલ કરવો પડ્યો હતો. આ બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને કરતાં તપાસ શરૂ કરવામાં આવી હતી. યુવરાજ બે ભાઇ અને બે બહેનમાં નાનો છે.

### દેતે હૈ ભગવાનનો ધોખા...દર્શન કરવાના બહાને મંદિરમાં આવ્યો ને ચોરી કરી લીધી

# નશાની ટેવને લીધે ઘરમાંથી કાઢી મુકાતાં મંદિરમાં કરી ચોરી!

**કુવાડવા રોડ ગ્રીનલેન્ડ ચોકડી પાસે પરસાણા પરિવારના કુળદેવીના મંદિરમાંથી ચાંદીના છત્તર, ફળાની ચોરીઃ બી-ડિવીઝન પોલીસે શકમંદને સકંજામાં લઇ પુછતાછ શરૂ કરી : ચોરીના ગુનામાં ફરાર એક શખ્સને પણ પકડી લીધો**

રાજકોટ,તા.૭

શહેરમાં તસ્કરીયાઓ જ્યાં મજા આવે ત્યાં ત્રાટકીને હાથફેરા કરી જતાં હોય છે. બંધ મકાનો, દુકાનો તો ઠીક ઘણીવાર ભગવાનના સ્થાનકોમાં પણ પગલા પાડી ચોરી કરી જાય છે. આવી જ એક ચોરીની ઘટના શહેરના કુવાડવા રોડ ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલા પરસાણા પરિવારના કુળદેવીશ્રી બ્રહ્માણી માતાજીના મંદિરમાં બની છે. આ મંદિરમાંથી તસકર ચાંદીનું છત્તર અને સૂરાપૂરાનું ચાંદીનું ફળુ ચોરી જતાં પોલીસને જાણ કરવામાં આવી આવી હતી. મંદિરની દેખરેખ રાખતાં વ્યક્તિ પાસેથી એક શખ્સ દર્શન કરવા માટે મંદિરની ચાવી લઇને ગયા બાદ મોડે સુધી ચાવી પાછી દેવા ન આવતાં મંદિરે તપાસ કરવા જતાં ચોરી થયાની જાણ થઇ હતી. દર્શનાર્થીના સ્વાંગમાં આવેલા આ શખ્સ ચોરી કરી ગયાની શંકા સાથે પોલીસે તપાસ હાથ ધરી હતી. હાલ તુર્ત આ શકમંદ ઉઠાવગીરને સકંજામા લઇ તેની ઉલટ તપાસ હાથ ધરતાં ચોરી કબુલી હતી. નશાના રવાડે ચડતાં ઘરમાંથી કાઢી મુકાયો હોઇ ચોરીના રવાડે ચડ્યાનું તેણે રટણ કર્યુ હતું.

આ શકમંદે આ મંદિર સિવાય અન્ય કોઇ ચોરીઓને અંજામ આપ્યો છે કે કેમ? તેની તપાસ શરૂ કરવામાં આવી હતી. ચોરીની ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે નવાગામ આણંદપર ખોડીયાર પાર્ક-૫માં રહેતાં સુડતાલીસ વર્ષના જસમતભાઇ દયાળજીભાઇ પરસાણાની ફરિયાદ પરથી ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. જસમતભાઇ પરિવાર સાથે રહે છે અને ખેતી કરી ગુજરાન ચલાવે છે.

તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે ગ્રીનલેન્ડ ચોકડી નજીક ગણેશ પાર્ક પૂનમ હોલવાળી શેરીમાં પરસાણા પરિવારના



સૂરાપૂરા દાદાના મંદિરની બાજુમાં પરસાણા પરિવારના કુળદેવીશ્રી બ્રહ્માણી માતાજીનું મંદિર આવેલુ છે. આ મંદિરથી દેખરેખ અમારા કુટુંબી ટપુભાઇ પરસાણા રાખે છે. ગત પાંચ જુનના બપોરે ત્રણેક વાગ્યે હું ગોંડલ હતો ત્યારે મને ટપુભાઇએ ફોન કરી જાણ કરી હતી કે બપોરે તેઓ ઘરે જમતાં હતાં ત્યારે એક ભાઇ મંદિરમાં માતાજીના દર્શન કરવા માટે મંદિરની ચાવી લેવા આવ્યા હતાં.

તેઓ ઘણો સમય થવા છતાં ચાવી પરત દેવા ન આવતાં પોતે ત્યાં જઇને તપાસ કરતાં ચોરી થયાની ખબર પડી હતી. મંદિરનો દરવાજો ખુલ્લો હતો અને અંદર જોતાં ચાંદીનું મોટુ છત્તર અને ખેતલાઆપાનું ફળુ ગાયબ હતાં. ટપુભાઇએ મને આ વાત કરતાં હું ગોંડલથી તરત જ રાજકોટ આવ્યો હતો અને માતાજીના મંદિર ખાતે ગયો હતો. અમારા પરિવારના રવિભાઇ અનિલભાઇ પરસાણા, પ્રવિણભાઇ રત્નાભાઇ પરસાણા સહિતના હાજર હતાં. અમે બધાએ મંદિરમાં તપાસ કરતાં ચાંદીનું મોટુ છત્તર અને ખેતલાઆપાનું ચાંદીનું ફળુ જે બંને મળી આશરે એક કિલો વજનના રૂ. ૧,૯૫,૦૦૦ના ગાયબ હતાં.

ઘરમેળે તપાસ બાદ પોલીસને જાણ કરી હતી. બી-ડિવીઝનના પોલીસ ઈન્સપેક્ટર જી. આર. ચૌહાણના માર્ગદર્શનમાં પીએસઆઇ જે. આર. સોલંકીએ ગુનો દાખલ કર્યો હતો. દરમિયાન ડી. સ્ટાફના પીએસઆઇ એન. આર. ડોબરીયા, હેડકોન્સ. ક્રુપાલસિંહ જાડેજા, નરેશભાઇ ચાવડા, મેહુલભાઇ પંડ્યા, કોન. દિલીપભાઇ ખાંભરા, હાર્દિકભાઇ ગાજીપરા, જગમાલભાઇ જાદવ, સુખદેવભાઇ દાંતી, નિરલભાઇ ધડુકે તપાસ શરૂ કરી બાતમીના આધારે પેડક રોડ પર રહેતાં એક શખ્સને સકંજામાં લઇ પુછતાછ કરતાં ચોરીનો ગુનો ઉકેલાઇ ગયો છે. આ શખ્સને ઘરમાંથી કાઢી મુકાયો હોઇ નશાના રવાડે ચડી ગયો હોઇ પૈસાની ખેંચ ઉભી થતાં મંદિરમાં દર્શનના બહાને ચોરી કર્યાનું રટણ કર્યુ હોઇ વિશેષ તપાસ હાથ ધરવામાં આવી હતી. તેણે અન્ય કોઇ ગુના આચર્યા છે કે કેમ? તે અંગે પુછતાછ શરૂ કરવામાં આવી હતી.

બીજી તરફ ચોરીના ગુનામાં નાસતા ફરતાં શખ્સને બી-ડિવીઝન પોલીસે ઝડપી લીધો હતો. બોટાદના જરીયા ગામે રહેતાં જગદીશ ભુપતભાઇ ભોજક નામના પચ્ચીસ વર્ષના શખ્સનું નામ બી-ડિવીઝનમાં અગાઉ નોંધાયેલા ચોરીના ગુનામાં ખુલતાં તે ફરાર થઇ ગયો હતો. દરમિયાન જગોદીશ વિશે હેડકોન્સ. ક્રિપાલસિંહ જાડેજા અને નરેશભાઇ ચાવડાને બાતમી મળતાં તેને પકડી લીધો હતો. ઈન્સપેક્ટર જી. આર. ચૌહાણની રાહબરીમાં પીએસઆઇ એન. આર. ડોબરીયા, હેડકોન્સ. ક્રિપાલસિંહ જાડેજા, નરેશભાઇ ચાવડા, સહિતે આ શખ્સને પકડી લીધો હતો. તે વધુ કોઇ ગુનાઓમાં સામેલ નથી ને? તેની તપાસ પણ હાથ ધરવામાં આવી હતી.

### અચાનક જ સ્વજનો સાથ છોડી ગયાઃ ત્રણ પરિવારો ઉંડા આઘાતમાં ગરક

# ઓટા પરથી પટકાતા યુવતીનું મોત

રાજકોટ,તા.૭

રોજબરોજ કોઇને કોઇ પરિવારના સ્વજનોની અણધારી વિદાય જે તે પરિવારોને કારમો આઘાત આપી જાય છે. વધુ આવા ત્રણ બનાવ બન્યા છે. જેમાં એક યુવતિનું ઓટા પરથી પડી જવાથી મૃત્યુ થયું છે. તો બીજા બે બનાવમાં એક આધેડ અને એક વૃધ્ધને દિલ દગો દઇ જતાં તેમના શ્વાસ રૂંધાઇ ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો મોરબીના લખધીરપુરમાં ઓટલા પરથી પડી જતાં માથામાં ઈજા થતાં એક યુવતિનું મોત થયું હતું. ચાર દિવસ પહેલા તેણી સિરામીક કંપનીની રૂમ ખાતે હતી ત્યારે ઓટા પરથી પડી જતાં ઈજા થઇ હતી. તેણીને સારવાર માટે રાજકોટ ખસેડાઇ હતી. અહિ દમ તોડી દીધો હતો. મોરબીના લખધીરપુરમાં સિઝલોન સિરામીક પાસે રહેતી અઠ્ઠાવીસ વર્ષની સપનાબેન ઉર્ફે મનોજદેવી હરિબાપુ સુર્યવંશી નામની યુવતિ ચાર દિવસ પહેલા બે ફુટ ઉંચાઇ જેટલા ઓટલા પરથી પડી જતાં માથામાં ઈજા થતાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી. આ બનાવથી પરિવારમાં શોક વ્યાપી ગયોહ તો.



અન્ય બે ઘટનામાં એક આધેડ અને એક વૃધ્ધને દિલ દગો જઇ જતાં શ્વાસ રૂંધાઇ ગયા

બીજી ઘટનાઓ જોઇએ તો દિલની દગાખોરી વધુ બે લોકોના જીવ લઇ ગઇ હતી. રાજકોટ તાલુકાના કાળીપાટ ગામે રહેતાં ીપસ્તાલીસ વર્ષના રમેશભાઇ ઘોઘાભાઇ મકવાણા નામના આધેડ સવારે પાંચેક વાગ્યે ઘરે હતાં ત્યારે એકાએક છાતીમાં દુઃખાવો ઉપડતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર રમેશભાઇ બે બહેન અને ત્રણ ભાઇમાં મોટા હતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં હતાં. સંતાનમાં ત્રણ દિકરી અને બે દિકરા છે. જ્યારે અન્ય એક ઘટનામાં જામનગર રોડ પરસાણાનગર-૧માં રહેતાં વેલજીભાઇ જશાભાઇ વાઘેલા નામના ચોસઠ વર્ષના વૃધ્ધ સાંજે ઘરે હતાં ત્યારે લોહીની ઉલ્ટી થયા બાદ બેભાન જેવા થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેમને હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. મૃતક નિવૃત જીવન જીવતાં હતાં. સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્રધ્યુમનગર પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી જરૂરી કાર્યવાહી કરી હતી.

### માતા માટે બસમાં સીટ રોકવા ચડતો હતો ત્યારે આંગળીનો ઇલમી કામ કરી ગયોઃ એ-ડિવીઝન પોલીસે શરૂ કરી તપાસ

# એસટી બસ પોર્ટમાં વેપારીના ખિસ્સામાંથી મોબાઇલ ગાયબ



રાજકોટ,તા.૭

શહેરના એસટી બસ પોર્ટમાં ફરીથી ચોર ગઠીયાઓએ પગલા માંડ્યા હોઇ તેમ મુસાફરોના મોબાઇલ પર્સ ચોરાવાનું શરૂ થઇ ગયું છે. ભીડનો લાભ ઉઠાવી વધુ એક વખત ગઠીયાઓ હાથ અજમાવી સામા કાંઠે રહેતાં કાપડના વેપારી યુવાનના ખિસ્સામાંથી સાડા સડસઠ હજારની કિંમતનો મોબાઇલ ફોન ચોરી જતાં પોલીસને જાણ કરી હતી. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે આર્યનગર-૬ સંત કબીર રોડ પિતૃકૃપા ખાતે રહેતાં અને મોટા ભાઇ સાથે કાપડની દુકાન ચલાવતાં સ્મીત કિશોરભાઇ બોસમીયા નામના પચ્ચીસ વર્ષના વેપારી યુવાનની ફરિયાદ પરથી ગુનો દાખલ કર્યો હતો.

વધુ માહિતી અનુસાર સ્મીત ચોથી તારીખના રોજ સવારે પોતાના માતા હિનાબેનને દામનગર જવું હોઇ બસમાં બેસાડવા માટે રાજકોટ એસટી બસ સ્ટેશને ગયો હતો. સવારના આશરે સાડા નવેક વાગ્યાની આસપાસ તે એસટી બસ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર તેર ઉપર હતો. આ દરમિયાન રાજકોટથી ગારીયાધાર તરફ જતી બસ આવી પહોંચતાં તેમાં મુસાફરોની ભારે ભીડ જોવા મળી હતી.

સ્મીત જ્યારે બસમાં પોતાના માતાની સીટ રોકવા માટે ચડતો હતો ત્યારે તેના શટના ઉપરના ખિસ્સામાં સેમસંગ ગેલેક્સી કંપનીનો એસ-૨૫ મોડેલનો સિલ્વર કલરનો મોબાઈલ ફોન રાખેલો હતો. બસમાં ચડતી વખતે ભારે ગિરદીનો લાભ ઉઠાવી કોઇએ આ મોબાઇલ ફોન રૂા. ૬૭૫૦૦નો સેરવી લીધો હતો. બસમાંથી નીચે ઉતરીને તપાસ કરતા ફોન ગાયબ જણાયો હતો. આસપાસમાં અને અન્ય લોકોના ફોન પરથી રીંગ કરવા છતાં ફોન બંધ આવતો હોવાથી મોબાઈલ ચોરી થયો હોવાની ખાતરી થઈ હતી. એ-ડિવીઝનના એએસઆઇ આર. જી. ચૌહાણે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. થોડા સમય અગાઉ પોલીસે કડક ચેકીંગ ચાલુ કરતાં આવા બનાવો બનતા બંધ થઇ ગયા હતાં. હવે ફરીથી ચોર-ગઠીયા ઉતરી પડ્યા હોઇ તેમ આ ઘટના પરથી જણાઇ આવે છે.

### સોશિયલ મિડીયા માધ્યમ પર ગમે તેની સાથે ફ્રેન્ડશીપ કરતાં પહેલા વિચાર કરજો

# યુવતિએ ફ્રેન્ડ બનાવી નવ લોકોને ચૂનો ચોપડયો

## દવા-સારવાર માટે મદદના બહાને ઓનલાઇન રોકડા મેળવી લીધાઃ એક યુવાન પોલીસ પાસે પહોંચતા ખબર પડી કે આ કહેવાતી યુવતિએ બીજા અનેકને પણ ઉતાર્યા છે બાટલીમાં

રાજકોટઃ સોશિયલ મિડીયાનો ખોટો ઉપયોગ કરી લોકોને છેતરી લેનારા લેભાગુ ગઠીયાઓ ઠેકઠેકાણે નજર માંડીને જ બેઠા હોય છે. કોઇ ગઠીયા યુવતિનો સ્વાંગ રચી ખોટી આઇડી બનાવીને યુવાનો, વેપારીઓ, વૃધ્ધોને ફ્રેન્ડ રીક્વેસ્ટ મોકલી બાદમાં કોઇપણ રીતે બ્લેકમેઇલ કરી નાણા પડાવતાં હોય છે. તો ઘણીવાર યુવતિઓ પોતે જ ઠગાઇનું કારસ્તાન આચરી લોકોને છેતરી લેતી હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક યુવતિ સ્નેપચેટ કે ફેસબૂક મારફત ફ્રેન્ડસ રીક્વેસ્ટ મોકલી ફ્રેન્ડ બનાવી બાદમાં જે તે યુવાન કે પરણેલા પુરૂષો સાથે ચેટીંગ કરી, વાતો કરી પછી મદદના નામે નાણા ખંખેરતી હતી. જો જે તે યુવાન તેને નાણા ન આપે તો બ્લેકમેઇલ કરતી હતી. અનેક લોકો આ યુવતિની જાળમાં ફસાઇ ગયાની વિગતો પોલીસ સુધી પહોંચી છે.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદમાં સોશિયલ મીડિયા પર છેતરપિંડીના નવા કિસ્સાઓ સામે આવ્યા છે. સ્નેપચેટ કે ફેસબુક પર મહિલાઓ મિત્રતા કેળવી, ઘર ખર્ચ કે દવાના બહાને દસ હજાર સુધીની રકમ મેળવી પરત કરતી નથી. સેટેલાઇટના એક યુવકે પરિણીત યુવતીને સાત હજાર આપ્યા હતાં. પણ બાદમાં આ રકમ જે તેણીએ પરત ન કરતાં યુવકે સાયબર ક્રાઇમની મદદ લીધી. પોલીસે કાર્યવાહી કરતા યુવતીએ પૈસા પાછા આપ્યા. સાયબર ક્રાઇમે લોકોને આવા ફ્રોડથી સાવચેત રહેવા જણાવ્યું હતું. વધુ માહિતી અનુસાર વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર છેતરપિંડીની નવી મોડસ ઓપરેન્ડી મોટા પ્રમાણમાં સામે આવી છે. જેમાં કેટલીક મહિલાઓ મિત્રતા કેળવીને ચેટ કર્યા બાદ ઘરખર્ચ કે અન્ય ખર્ચ માટે દસ હજાર સુધીની રકમ મેળવીને પરત નહીં કરીને અનેક લોકોને ઠગતી હોય છે.

આપ્રકારના કિસ્સામાં વધારો થતાં સાયબર ક્રાઇમ સેલના અધિકારીઓએ આવી છેતરપિંડીથી સતર્ક રહેવા માટે તાકીદ કરી હતી. વધુ માહિતી જોઇએ તો અમદાવાદ શહેરના સેટેલાઇટ વિસ્તારમાં રહેતા એક વ્યક્તિએ સોશિયલ મીડિયા સાઇટ સ્નેપચેટ પર પોતાની પ્રોફાઇલ મૂકી હતી. જેમાં કેટલાક લોકો મિત્રો બન્યા હતા, જે પૈકી એક પરિણીત યુવતીએ થોડા દિવસ સુધી તેમની સાથે વાતો કરીને વિશ્વાસ કેળવ્યો હતો અને ત્યારબાદ દવાના ખર્ચ માટે પાંચ હજાર રૂપિયા માંગ્યા હતા. આ નાણાં ચારથી પાંચ દિવસમાં પરત કરવાનું કહીને માંગવામાં આવ્યા હતા. પરિણીત યુવતી અમદાવાદમાં જ રહેતી હોવાથી યુવકે નાણાં ઓનલાઇન ચુકવ્યા હતા.

પરંતુ પાંચ દિવસ બાદ તે યુવતીએ મેડિકલનું કારણ આપીને બીજા બે હજાર માંગીને તમામ નાણાં તેના પતિનો પગાર આવે ત્યારે એકસાથે આપવાનું કહ્યું હતું. પરંતુ, ત્યારપછી તે યુવતીએ નાણાં ચૂકવ્યા નહોતા. બીજી તરફ યુવકે યુવતીને ફોન કરતાં તેણે પોલીસ કેસ કરવાની ધમકી આપી હતી કે તે પરિણીત યુવતીને પરેશાન કરી રહ્યો છે. જેથી યુવકે પોલીસની મદદ માંગતા પોલીસે અરજી લઇને કાર્યવાહી શરૂ કરી હતી, જેના પગલે અંતે યુવતીએ નાણાં પરત આપ્યા હતા. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે આ યુવતીએ મેડિકલનું કારણ આપીને આશર સાતથી આઠ લોકો પાસેથી દસ હજાર સુધીની રકમ મેળવીને કુલ નેવુ હજાર રૂપિયા ઓનલાઇન કટકટાવી લીધા હતાં. સાયબર ક્રાઇમ સેલના અધિકારીઓના જણાવ્યા મુજબ ોપચેટ અને ફેસબુકમાં આ પ્રકારની છેતરપિંડી સૌથી વધુ પ્રમાણમાં થઇ રહી છે. જેમાં માંગવામાં આવતી રકમ ઓછી હોવાથી મોટાભાગના લોકો ફરિયાદ કરવાનું ટાળે છે. જેથી કેટલાક કિસ્સામાં યુવતીઓને નાણાં મળવાનું શરૂ થઇ જતાં તેમના દ્વારા આ મોડસ ઓપરેન્ડી નિયમિત રીતે અપનાવવામાં આવે છે. જ્યારે કેટલીક ગેંગ પણ યુવતીઓના નામે પ્રોફાઇલ બનાવીને આ પ્રકારની છેતરપિંડી આચરે છે. જેથી સોશિયલ મીડિયા પર સતર્ક રહેવું અને કોઇ નાણાંની માંગણી કરે તો વ્યવહાર ન કરવો તે ખૂબ જરૂરી છે. આ કિસ્સો એવા તમામ લોકોને લાલબત્તી ધરે છે જેઓ ગમે ઓનલાઇન અજાણ્યા યુવક કે યુવતિઓ સાથે ફ્રેન્ડશીપ કરી લેતાં હોય છે. આ માધ્યમથી અનેક લેભાગુઓ લોકોને છેતરતાં હોય છે.

નવા અને જુના નુસ્ખાઓના ઉપયોગથી વધુ બે ગઠીયાગીરીમાં લેભાગુઓ સફળ થયા

# નોકરી અને વળતરના નામે લાખોની ઠગાઈ

## એક યુવાનને પોલીસ બનાવી દેવાના નામે સવા બે લાખનો, બીજાને ટ્રેડીંગમાં રોકાણ કરી પૈસાદાર બનાવી દેવાની લાલચ આપી ચાર લાખનો ચૂનો લગાવી દેવાયો

રાજકોટ,તા.૭

છેતરપીંડીના વધુ બે નવા કિસ્સા સામે આવ્યા છે. જેમાં એક યુવાનને પોલીસમાં નોકરી અપાવી દેવાના નામે છેતરી લેવાયો હતો. તો બીજી તરફ એક યુવાનને રોકાણ પર વળતરના નામે ટ્રેડીંગમાં રોકાણ કરવાના બહાને લાખોનો ડામ દઈ દેવામાં આવ્યો હતો. બંને અલગ અલગ શહેરના કિસ્સા એવા તમામ લોકો માટે લાલબત્તી સમાન છે જે લાલચમાં આવી જતાં હોય છે. ગઠીયાઓ લાલચની જાળ બીછાવી રોજબરોજ લોકોને છેતરી રહ્યા છે. જેમાં આ બે વધુ કિસ્સા ઉમેરાઇ ગયા હતા.




પ્રથમ ઘટના જોઈએ તો સરકારી નોકરી અપાવવાના બહાને છેતરપિંડીના બનાવો વચ્ચે શહેરના શાહપુર વિસ્તારમાં રહેતા ડિલિવરી બોય સાથે પોલીસમાં નોકરી અપાવવાના નામે રૂ ત્રણ લાખ વીસ હજારની છેતરપિંડી થયાનો કિસ્સો સામે આવ્યો છે. પોલીસ ભરતીમાં સેટિંગ હોવાનું કહી આરોપીઓએ વિશ્વાસમાં લઈ લાખો રૂપિયા પડાવ્યા હતા. બાદમાં ભરતીના પરિણામમાં નામ ન આવતા સમગ્ર કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો. આ અંગે માધવપુરા પોલીસે ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસે વધુ માહિતી આપતાં કહ્યું કે શાહપુર દરવાજા બહાર રહેતા ચોત્રીસ વર્ષીય નંદકિશોર ગૌતમભાઈ સિંહા ડિલિવરી બોય તરીકે કામ કરે છે. શાહપુર ખાતે આવેલી એક ચાની કિટલી પર તેમની ઓળખાણ પ્રદીપ હરીલાલ સોની સાથે થઈ હતી.

ઉદાસ થઈને કેમ બેઠા છો તેમ પુછતા નંદકિશોરે હાલમાં પોલીસની ભરતી આવી છે અને મારે રનીંગ કમ્પ્લીટ થઈ જાય છે પરંતુ હાઈટ ઓછી પડે છે તેમ કહેતા પ્રદીપ સોનીએ મારી પાસે પોલીસ તેમજ અન્ય સરકારી નોકરીમાં લગાડવા માટે મોટા પાયે સેટીંગ છે તેમ કહીને પોતાના ભાઈ નીતીન કાંતિલાલ થડેશ્વર જે મુંબઇ રહે છે તેની પોલીસ વિભાગમાં ચી ઓળખાણ હોવાનું કહી સીધી ભરતી કરાવી આપવાની ખાતરી આપી હતી. તેના બદલામાં રૂપિયા દસ લાખની માંગણી કરવામાં આવી હતી.વિશ્વાસમાં આવી ગયા બાદ પ્રદિપ સાથે નંદકિશોર મુંબઈ ગયો હતો જયાં નિતિને કહ્યુ હતુ કે મારે પોલીસમાં ડાયરેકટ સેટીંગ છે. નોકરીની આશામાં નંદકિશોરે આરોપીઓના જણાવ્યા મુજબ અલગ-અલગ સમયે બેંક ટ્રાન્સફર અને ઓનલાઈન માધ્યમથી કુલ રૂ ૩.૨૦ લાખ ચૂકવ્યા હતા.

વિશ્વાસ જળવાઈ રહે તે માટે આરોપીઓએ તેમને મુંબઈ બોલાવી મુલાકાત પણ કરાવી હતી અને મમતા જોષીના બેંક ખાતામાં પણ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. આ પછી પોલીસ ભરતીનું અંતિમ પરિણામ જાહેર થતાં નંદકિશોરનું નામ યાદીમાં ન હતું. ત્યારબાદ આરોપીઓનો સંપર્ક કરતાં તેઓ બહાનાબાજી કરવા લાગ્યા હતા. વારંવાર ઉઘરાણી બાદ માત્ર રૂપિયા એક લાખ પરત આપ્યા હતા, જ્યારે બાકીના રૂ ૨.૨૦ લાખ પરત ન આપતાં આખરે નંદકિશોરે માધવપુરા પોલીસ સ્ટેશનમાં -દીપ સોની, નીતીન થડેશ્વર અને મમતા જોષી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. માધવપુરા પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા તપાસ શરૂ કરી હતી.

ઠગાઈની બીજી ઘટના જોઈએ તો અમરેલીના બગસરા શહેરમાં વધુ એક સાયબર ઠગાઈનો બનાવ સામે આવ્યો છે. શેરબજારમાં ટૂંકા ગાળામાં બસ્સો ટકા વળતર અને આઈપીઓમાં ચા નફાની લાલચ આપી અજાણ્યા શખ્સોએ એક કારખાના સંચાલક પાસેથી રૂ. ચાર લાખ પડાવી લીધા હોવાનું બહાર આવ્યું હતું. બગસરાના નટવરનગર વિસ્તારમાં રહેતા અને કારખાનું સંચાલન કરતા દિલીપગર ભીખુગર ગોસ્વામીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે અજાણ્યા શખ્સોએ સોશિયલ મીડિયા મારફતે તેમનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ તેમને એક ગ્રુપમાં જોડવામાં આવ્યા હતા.

આ પછી આ શખ્સોએ શેરબજારમાં શોર્ટ ટર્મ રોકાણ અને આઈપીઓમાં બસ્સો ટકા વળતર મળવાની લાલચ આપી દિલીપગર પાસેથી બેંક ખાતાની વિગતો મેળવી હતી. ત્યારબાદ એક વેબસાઈટ પર ટ્રેડિંગ એકાઉન્ટ બનાવડાવી યશતેજ ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયા લિમિટેડના આઈપીઓમાં રોકાણ કરવાનું કહી દસ લાખના રોકાણ સામે રૂપિયા ૪ લાખ જમા કરાવવા જણાવ્યું હતું. તેઓએ પોતાના બેંક ખાતામાંથી શખ્સો દ્વારા જણાવાયેલા ખાતામાં ય્ઁૈં મારફતે રૂપિયા ચાર લાખ ટ્રાન્સફર કર્યા હતા. જોકે ત્યારબાદ ન તો વચન મુજબ વળતર મળ્યું અને ન તો મૂળ રકમ પરત મળી હતી. પોતે છેતરાયા હોવાની જાણ થતાં તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા સાયબર ઠગો સામે ગુનો નોંધ્યો હતો. આમ વધુ બે નવા ઠગાઇના કિસ્સા પોલીસ સુધી પહોંચી ગયા હતાં.

ગ્રામ પંચાયત પાસે મજુરો સાથે રહેતો હતો ત્યાંથી સવારે નીકળી ગયો હતોઃ બીજી ઘટનાઓમાં બેભાન થઇ જતાં એક મહિનાના બાળક અને અઠ્ઠાવીસ વર્ષના યુવાનના મોત

# ઢાંઢણીમાં મજુરી અર્થે આવેલા યુવાનનું ચેકડેમમાં ડૂબી જતાં મોત

રાજકોટ,તા.૭

ડુબી જવાથી એક યુવાનનું તથા બેભાન થઇ જતાં એક બાળક અને અને એક યુવાનના મોત થયા હતાં. વિગતો જોઇએ તો ત્રંબા નજીક ઢાંઢણી ગામે ગ્રામ પંચાયત નજીક રહેતો રહેતો મુળ મહેસાણાનો શૈલેષભાઇ કેશાજીભાઇ ઠાકોર નામનો છવ્વીસ વર્ષનો યુવાન સવારે નીકળી ગયા બાદ શોધખોળ થતાં તે ઢાંઢણી-ગઢકા વચ્ચે ચેકડેમમાં પડી ગયાની જાણ થતાં ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર બ્રિગેડના તરવૈયાઓએ તેનો મૃતદેહ બહાર કાઢતાં શોક છવાઇ ગયો હતો.



આ ઘટનાની જાણ થતાં આજીડેમ પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર શૈલેષભાઇ ત્રણ બહેનનો એકનો એક નાનો ભાઇ હતો. તેને સંતાનમાં બે દિકરીછે. પોતે આઠેક દિવસ પહેલા અહિ ગ્રે વોટર પ્લાન્ટનું કામ કરવા માટે આવ્યો હતો. સવારે તે હાલ જ્યાં રહે છે ત્યાંથી નીકળી જતાં તેની સાથે કામ કરતાં ચાર મજુરો તેને શોધતા હતાં. એ દરમિયાન તે ચેક ડેમ તરફ જતો હોવાનું સરપંચ છગનભાઇએ જોયું હોઇ તે તરફ તપાસ કરવા જતાં તેમાં પડી ગયાની જાણ થતાં સરપંચ છગનભાઇ સહિતના પહોંચ્યા હતાં અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જો કે શૈલેષભાઇનો મૃતદેહ મળી આવતાં મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આ યુવાન અગાઉ પણ આ રીતે નીકળી ગયો હતો. આઠેક દિવસ પહેલા તે અહિ મજુરો સાથે ગટરનું કામ કરવા આવ્યો હતો. પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં રૈયા રોડ પર કૈલાસધારા સોસાયટી-૩માં રહેતાં નેપાળી રમેશભાઇ ધનાડીનો દિકરો રોહિત કે જે એક મહિનાની વયનો હતો તે સવારે બેભાન થઇ જતાં ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર બાળકને હૃદયની તકલીફ હોવાનું સગાએ કહ્યું હતું. તે બે ભાઇમાં નાનો હતો. પિતા હોટેલમાં નોકરી કરે છે.

ત્રીજી ઘટનામાં શહેરના અટીકા વિસ્તાર આહિર ચોક પારસ સોસાયટી-૧માં રહેતો મુળ આસામનો અઠ્ઠાવીસ વર્ષનો ક્રિષ્નાભાઇ કાધુભાઇ તાતી સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.તે ત્રણ ભાઇ અને એક બહેનમાં નાનો અને કુંવારો હતો. તે લાદી કામની મજુરી કરતો હતો. તેણે ત્રણેક દિવસથી કમરમાં દુઃખાવો થતો હતો. આજે અચાનક બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ભક્તિનગર પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

નહિ જેવી વાતે કાળઝાળ થઇ જતાં યુવાને ઘણીવાર બની જાય છે જીવલેણ

# પાર્કિંગ મામલે યુવાનની હત્યા

રાજકોટ,તા.૭

રાજ્યમાં રોજબરોજ કોઇને કોઇ ગામ કે શહેરમાં હત્યાની કોશિષ કે હત્યાની ઘટનાઓ બનતી રહે છે. લોકો નહિ જેવી વાતે એવા ક્રોધીત થઇ જાય છે કે કોઇને કોઇ પરિવારના આધારસ્તંભને મોતને ઘાટ ઉતારી દે છે. આવી જ એક ઘટનામાં પાર્કિંગ જેવી વાતે એક યુવાનની ક્રુર હત્યા કરી નાંખવામાં આવી હતી. મિત્રો સાથે બહાર જમવા માટે ગયેલા યુવાન સાથે વાહન પાર્ક કરવા મામલે ત્રણ શખ્સોએ બોલાચાલી કર્યા બાદ છરી-તલવારના ઘા ઝીંક્યા હતાં. જે યુવાન માટે જીવલેણ સાબીત થયા હતાં. અરેરાટીભરી વાત એ હતી કે એક છરી તો આ યુવાનના પેટમાં જ ફસાયેલી રહી ગઇ હતી. જે હોસ્પિટલમાં ડોક્ટરે બહાર કાઢી હતી.



ત્રણ શખ્સો પહેલા બોલાચાલી કરી જતાં રહ્યા પછી તલવાર-છરી સાથે આવ્યાઃ અન્ય ઘટનામાં હુમલામાં ઘાયલ આધેડનો પણ જીવ ગયો

વિગતો પર નજર કરીએ તો હત્યાની વધુ એક ઘટના અમદાવાદ નગરીમાં બની છે. અહિ પુર્વ વિસ્તારમાં ગુનેગારો બેફામ બન્યા હોય તેમ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ફરી એકવાર ગંભીર સવાલો ભા થયા હતાં. શહેરના ગોમતીપુર વિસ્તારમાં ૫ જુલાઈને મોડીરાત્રે વાહન પાર્કિંગ જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં ત્રણ શખસે ઘાતક હથિયારો વડે હુમલો કરી એક યુવકની ઘાતકી હત્યા કરી નાખી હતી. વધુ માહિતી અનુસાર ગોમતીપુરના ચાર તોડા કબ્રસ્તાનની સામે રહેતો મજહર અલી અન્સારી રાતે તેના મિત્રો સાથે ચતુરસિંહની ચાલી પાસે આવેલી એક તવા ફ્રાયની દુકાને જમવા ગયો હતો. આ દરમિયાન ત્યાં આવેલી ઈન્ડિયન મેડિકલ નામની દુકાન પાસે વાહન પાર્કિંગ કરવા બાબતે મોહસીન અનવરઅલી અને આસિફ અનવરઅલી શેખ સાથે મજહર અલીના મિત્રોને ઉગ્ર બોલાચાલી થઈ હતી.

તે સમયે મામલો થાળે પડતાં બંને પક્ષો ત્યાંથી ચાલ્યા ગયા હતા. આ વિવાદની અદાવત રાખીને થોડી જ વારમાં મેડિકલ સ્ટોરનો સંચાલક મોહસીન અલી અને આસિફ ત્યાં ધસી આવ્યા હતા અને મજહર અલી સાથે ફરી ઝઘડો શરૂ કર્યો હતો. જોતજોતામાં મોહસીને પોતાની પાસે રહેલી તીક્ષ્ણ છરી મજહર અલીના પેટના ભાગે હુલાવી દીધી હતી. આટલું ઓછું હોય તેમ આસિફ પણ મેડિકલ સ્ટોરમાંથી તલવાર લઈ આવ્યો હતો અને મજહરના માથા પર પ્રહાર કર્યો હતો.

આ લોહિયાળ ખેલ દરમિયાન સોહેલ અસ્લમ અન્સારી નામનો અન્ય એક શખ્સ પણ છરી સાથે ધસી આવ્યો હતો અને મજહર પર તૂટી પડ્યો હતો. મારામારી થતા મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ જતા ત્રણેય ત્યાંથી ફરાર થઈ ગયા હતા. મજહરઅલીને શરીરના ભાગે ગંભીર ઇજાઓ થઈ હતી, જેથી તેને સારવાર અર્થે શારદાબેન હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ સમયે મજહરઅલીના પેટમાં એક છરી પણ ખુપેલી હતી અને તે અન્ય લોકોને વીડિયો બનાવવું કહી રહ્યો હતો. ઘટના અંગે મજહર અલીના ભાઈને જાણ કરવામાં આવતા તેઓ પણ તાત્કાલિક હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. થોડીવારમાં મજહરઅલીએ દમ તોડી દીધો હતો. સમગ્ર મામલે ગોમતીપુર પોલીસે ત્રણ આરોપીઓ વિરૂધ્ધ તેમની ધરપકડની તજવીજ શરૂ કરી હતી. પુર્વ વિસ્તારના જ કાગડાપીઠ પોલીસ સ્ટેશન હદમાં પણ કાયદો વ્યવસ્થાના લીરેલીરા ઉડ્યા હોય તેવી ફરિયાદો લોકોમાં ઉઠી છે. શિવલાલ ખ્રિસ્તીની ચાલીમાં રહેતા એક વ્યક્તિને ત્રણેક દિવસ પહેલા ગિરનારની ચાલીના શખ્સ સાથે કોઈ બાબતે ઝઘડો થયો હતો. આ મારામારીમાં ગંભીર રીતે ઘવાયેલા આધેડને હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં બે દિવસની સારવાર બાદ દમ તડતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો. અગાઉ કાગડાપીઠ પોલીસે માત્ર મારામારીનો ગુનો નોંધ્યો હતો, પરંતુ હવે ભોગ બનનારનું મોત થતાં આ કેસમાં પણ હત્યાની કલમ ઉમેરીને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આમ નહિ જેવી એટલે કે પાર્કિંગ જેવી વાતે એક યુવાનને ત્રણ શખ્સોએ મોતને ઘાટ ઉતારી દીધો હતો. હતયા કરી ભાગી ગયેલા આરોપીઓને શોધવા પોલીસે ટીમો બનાવી દોડધામ શરૂ કરી હતી.

# ૬ રીક્ષાઓ ચોરનાર રીઢો ગુનેગાર ઝડપાયો

જોડિયાના જીતેન્દ્ર ઉર્ફે જીતુ લંગડી ઝડપાયોઃ ક્રાઇમ બ્રાન્ચ પીઆઇ એ. એસ. ચાવડા અને ટીમની કામગીરી

રાજકોટ,તા.૭

શહેરમાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા અને વાહન ચોરી, ઘરફોડ ચોરી જેવા અન-ડીટેક્ટ ગુનાઓ શોધી કાઢવા માટે રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશનર (ક્રાઇમ) ડો. જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશનર (ક્રાઇમ) બી.બી.બસીયા દ્વારા સૂચના આપવામાં આવી હતી. આ અંતર્ગત ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર એ.એસ.ચાવડા, એમ.એલ. ડામોર તથા સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેક્ટર એસ.એમ.રાણા અને તેમની ટીમ રાજકોટ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી.

પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. વિજયરાજસિંહ જાડેજા, પો. હેડ કોન્સ. તુલસીભાઈ ચુડાસમા અને પો. કોન્સ. સંજયભાઈ ખાબરીયા તથા ધર્મેશભાઈ ખાંડેખાને મળેલી ચોક્કસ બાતમીના આધારે, ચોરીની ઓટો રીક્ષા સાથે એક આરોપીને રાજકોટ શહેરના જામનગર રોડ માધાપર ચોકડી બ્રિજ નીચેથી ઝડપી પાડવામાં આવ્યો છે. આ સાથે જ રાજકોટ અને અમદાવાદ શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા રીક્ષા ચોરીના ગુનાઓ ડિટેક્ટ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. વિજયરાજસિંહ જાડેજા, પો. હેડ કોન્સ. તુલસીભાઈ ચુડાસમા અને પો. કોન્સ. સંજયભાઈ ખાબરીયા તથા ધર્મેશભાઈ ખાંડેખાને ચોક્કસ અને ખાનગી રાહે બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે જામનગર રોડ માધાપર ચોકડી બ્રિજ નીચેથી ચોરીની ઓટો રીક્ષા સાથે એક આરોપીને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીનું નામ જીતેન્દ્ર ઉર્ફે જીતુ લંગડી ગોવિંદભાઈ પરમાર છે, જેની ઉંમર ૨૬ વર્ષ છે અને તે જામનગરના જોડીયા દલીતવાસ વિસ્તારનો રહેવાસી છે તથા કડીયાકામની મજૂરી કરે છે.



પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે પકડાયેલો આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીતુ લંગડી એક રીઢો ગુનેગાર છે અને તેની સામે અગાઉ અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ૧૩ જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. જેમાં રાજકોટ શહેરના થોરાળા, ગાંધીગ્રામ, પ્રદ્યુમનનગર, જામનગર સીટી એ-ડિવિઝન તેમજ મોરબી તાલુકા અને મોરબી સીટી પોલીસ સ્ટેશનમાં ચોરી અને ઘરફોડ ચોરી જેવી ગંભીર કલમો હેઠળ ગુનાઓ દાખલ થયેલા છે. આ સફળ રેડ દરમિયાન પોલીસે આરોપી પાસેથી કુલ ૬ ઓટો રીક્ષાઓ કબ્જે કરી છે. જેમાં જીજે-૦૩-બીએક્સ-૦૯૦૬, જીજે-૦૪-એયુ-૧૭૫૩, જીજે-૦૩-બીયુ-૬૪૩૦, જીજે-૦૩-બીએક્સ-૨૪૩૨, જીજે-૦૧-ટીએ-૩૭૦૬ અને જીજે-૦૩-એડબલ્યુ-૫૨૮૨ નંબરની રીક્ષાઓનો સમાવેશ થાય છે. આ તમામ વાહનોની અંદાજિત કુલ કિંમત લાખો રૂપિયા થાય છે. આ કામગીરીથી રાજકોટ શહેર બી. ડીવીઝન પોલીસ સ્ટેશન, થોરાળા પોલીસ સ્ટેશન, એ.ડીવીઝન પોલીસ સ્ટેશન તેમજ અમદાવાદ શહેરના કાલુપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રીક્ષા ચોરીના અલગ-અલગ ગુનાઓ ડિટેક્ટ કરવામાં સફળતા મળી છે.

આ કામગીરીમાં રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર એ.એસ.ચાવડા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવ તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટર એસ.એમ.રાણાની ટીમ દ્વારા કરવામાં આવી છે. આ ટીમમાં એ.એસ.આઈ અશોક કલાલ, રણજીતસિંહ પઢારીયા, સંજયભાઈ દફડા, વિજયરાજસિંહ જાડેજા તેમજ પોલીસ હેડ કોન્સ્ટેબલ સુભાષભાઈ ઘોઘારી, તુલસીભાઈ ચુડાસમા, લાલજીભાઈ હાડગરડા અને પોલીસ કોન્સ્ટેબલ સંજયભાઈ ખાબરીયા તથા ધર્મેશભાઈ ખાંડેખા જોડાયા હતા.

વિકૃત હવસખોરોની બુરી નજરનો શિકારઃ વધુ એક કિસ્સામાં ઓળખીતાએ આચરી બળજબરી

# સગીરા સાથે મામાના દિકરાનું દૂષ્કર્મ

## ઘરે કોઈ નહોતું ત્યારે બળજબરી આચરી ફોટા પાડી લીધાઃ પછી તે વાયરલ કરવાની ધમકી દઈ શોષણ કર્યુંઃ બીજી ઘટનામાં સગીર ભાણેજનો દેહ પીંખનારા વિકૃત મામાને આજીવન કેદની સજા

રાજકોટ,તા.૭

દૂષ્કર્મ છેડતી પજવણીના રોજબરોજ સામે આવી રહેલા કિસ્સાઓ વચ્ચે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક બાળા સાથે તેના જ મામાના દિકરાએ બળજબરી આચરી લીધી હતી. એટલુ જ નહિ તેણીના અંગત પળોના ફોટા પણ પાડી લઈ વાયરલ કરવાની ધમકી દઇ બ્લેકમેઈલીંગ ચાલુ કર્યુ હતું. આ કિસ્સામાં બાળાના પરિવારને જ્યારે જાણ થઇ ત્યારે તેઓ ચોંકી ગયા હતાં. આ મામલે પોલીસ ફરિયાદ દાખલ કરાવવામાં આવતાં પોક્સો હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. બીજી એક ઘટનામાં સગીર વયની ભાણેજ સાથે બળજબરી આચરી લેનારા શેતાન મામાને અદાલતે આજીવન કેદની દાખલારૂપ સજા ફટકારી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં રહેતી સગીરા સાથે તેના કૌટુબિક ભાઈએ જ લલચાવી અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું એટલું જ નહીં યુવકે સગીરા સાથેના અંગત પળોના ફોટો વીડિયો લીધા હતા જે વાઇરલ કરવાની સગીરાને ધમકી આપતો હતો. જે અંગે સગીરાના પિતાને જાણ થતા ભાણિયા વિરૂધ્ધ સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. વધુ માહિતી અનુસાર સરખેજમાં રહેતા એક રિક્ષા ચાલકે ફરિયાદ નોંધાવી છે કે તેમની પંદર વર્ષની દીકરી છે. તેઓ સરખેજમાં રહેતા હતા ત્યારે તેમના નજીકમાં તેમનો કૌટુબિક ભાણિયો તેના માતા-પિતા સાથે રહેવા આવ્યો હતો.

યુવક અવારનવાર રિક્ષા ચાલકના ઘરે આવતો હતો જેથી શંકા ગઈ અને તપાસ કરી તો તેમને જાણવા મળ્યું કે યુવક અને તેમની સગીર દીકરી એકબીજા સાથે વાતચીત કરે છે.જ્યારે તેમણે દીકરીને પૂછ્યું ત્યારે દીકરીએ જણાવ્યું હતું કે એક દિવસે ઘરે કોઈ નહોતું ત્યારે યુવકે સગીરા સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા અને તેના અંગત પળોના ફોટો-વીડિયો પણ મોબાઈલમાં લીધા હતા. જોકે જે તે સમયે પરિવારના સભ્યોએ યુવકને સમજાવીને ફોટોગ્રાફ ડિલીટ કરાવી દીધા હતા અને દીકરી સાથે વાતચીત ના કરવા જણાવ્યું હતું.

ત્યારબાદ ફરીથી સગીરા પર ફરીથી યુવકના ફોન આવવાના શરૂ થયા હતા અને ફોટો વાઇરલ કરવાની ધમકી આપતો હતો.જેથી સગીરાએ તેના પિતાને જાણ કરી હતી.સગીરના પિતાએ આ અંગે તેમના કૌટુંબિક ભાણીયા સામે ફરિયાદ નોંધાવી હતી.. સરખેજ પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોધી આરોપીને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી હતી. આમ વધુ એક સગીરા બળજબરીનો શિકાર બની હતી અને નજીકના સગાએ જ તેનું શોષણ કર્યુ હતું.

બીજી એક ઘટના જોઈએ તો તેમાં અદાલતે દાખલારૂપ ચુકાદો આપ્યો હતો. વિગતો અુનસા છ વર્ષ પહેલા રાણીપ પોલીસ મથકે ૩૦ વર્ષીય આરોપી સામે આઈપીસી અને પોક્સો એક્ટ અંતર્ગત ગુન્હો નોંધાયો હતો. જેનો કેસ અમદાવાદ ગ્રામ્ય કોર્ટ ખાતે ચાલી જતા કોર્ટે ઓગણીસ સાહેદ અને ચાલીસ પુરાવા તપાસીને આરોપીને આજીવન કેદની સજા કરી છે. કેસને વિગત અનુસાર, ભોગ બનનાર પીડિતાની ઉંમર ઘટના સમયે આશરે તેર વર્ષની હતી, જે તેની માતા અને નાના ભાઈ સાથે રાણીપ, અમદાવાદ ખાતે ભાડાના મકાનમાં રહેતી હતી. આરોપી પીડિતાની માતાનો પિતરાઈ ભાઈ થતો હતો, આમ તે સંબંધમાં પીડિતાનો મામા થતો હતો. તે ઘટનાના આશરે દોઢ વર્ષ પહેલાં બનાસકાંઠાથી પીડિતાના ઘરે રહેવા આવ્યો હતો. જ્યારે પણ પીડિતાની માતા રાત્રે કામ અર્થે બહાર જતી, ત્યારે આરોપી તેના નાના ભાઈને રમત રમવા અથવા કોઈ વસ્તુ લેવા નીચે મોકલી દેતો અને પીડિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી તેની સાથે અવારનવાર દુષ્કર્મ આચરતો હતો.

પીડિતા રાજોકાળમાં ના આવતા તેની માતા તેને સોલા સિવિલ હોસ્પિટલ લઈ ગઈ, જ્યાં તપાસ બાદ ડૉક્ટરે જણાવ્યું કે પીડિતા ૨૧ અઠવાડિયાની ગર્ભવતી છે. ઘરે આવીને માતાએ પૂછપરછ કરતાં પીડિતાએ રડતાં-રડતાં ધ્રૂજતા અવાજે સંબંધી મામા દ્વારા કરવામાં આવેલા દુષ્કર્મ વિશે જણાવ્યું હતું. ત્યારબાદ રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટની મંજૂરીથી પીડિતાનો ગર્ભપાત કરવામાં આવ્યો હતો.

એફએસએલ રીપોર્ટ અનુસાર સગીરાના ગર્ભના રક્તના નમૂના અને આરોપી રક્તના નમૂના વચ્ચેના પ્રોફાઈલ મેચ થયા હતા. ડીએનએ ટેસ્ટ દ્વારા વૈજ્ઞાનિક રીતે સાબિત થયું કે આરોપી મામા સગીરાના ગર્ભનો જૈવિક પિતા હતો. કોર્ટે આ કેસને અત્યંત ગંભીર ગણાવ્યો, કારણ કે આરોપીએ મામા તરીકે વિશ્વાસઘાત કરીને તેર વર્ષની સગીરા પર લાંબા સમય સુધી અત્યાચાર ગુજાર્યો હતો. અદાલતના આ ચુકાદાથી પિડીતાના પરિવારે ન્યાય મળ્યાનો સંતોષ દાખવ્યો હતો.

માલવીયાનગર પોલીસે ત્રણ મહિલા, બે પુરૂષને પકડી રોકડ કબ્જે લીધી

# આંબેડકરનગરમાં મહિલા જૂગાર રમાડતી હતીઃ પાંચ પકડાયા

રાજકોટ,તા.૭

જૂગારની મોસમ હવે સાતમ આઠમ આવતાં ફરીથી પુરબહારે ખીલશે. અમુકે અત્યારથી તૈયારી કરી દીધી હોય તેમ ગમે ત્યાં ગમે ત્યારે પત્તા લઈને બેસી જાય છે.

શહેરના ગોંડલ રોડ આંબેડકરનગર-૫માં રામાપીર ચોક પાસે એક મકાનમાં જૂગાર રમતાં ત્રણ મહિલા સહિત પાંચને માલવીયાનગર પોલીસે પકડી લીધા હતાં. દારૂ જૂગારની પ્રવૃતિ અટકાવવા માલવીયાનગર પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી.

આ બાતમી પરથી આંબેકડરનગર-૫માં રહેતાં લક્ષ્મીબેનના ઘરમાં દરોડો પાડી લક્ષ્મીબેન વાલજીભાઇ ગોહેલ તથા પ્રભાબેન વસંતભાઇ રાખોલીયા (રહે. લક્ષ્મી સોસાયટી-૧, રાજનગર ચોક), સંગીતાબેન વિનેશભાઇ બથવાર (રહે. આંબેડકરનગર-૨), હસુ ચનાભાઇ પરમાર (રહે. આંબેડકરનગર-૫) અને મયુરસિંહ કનકસિંહ સેલારા (રહે. દ્વારકાધીશ સોસાયટી-૩, ગોકુલધામ પાસે)ને તિનપત્તીનો જૂગાર રમતાં પકડી લઇ રૂા. ૨૬૮૦૦ની રોકડ ગંજીપાના કબ્જે કર્યા હતાં. માલવીયાનગરના ઈન્સપેકટર જે. એમ. કૈલાના માર્ગદર્શનમાં પીએસઆઇ કે. ડી. મારૂ, એએસઆઇ કેતનભાઇ શેખલીયા, હેડકોન્સ. અલ્કાબેન ટીલાવત, કોન્સ. જયદિપસિંહ ભટ્ટી સહિતે આ દરોડો પાડ્યો હતો.

કરોડોના ખર્ચા છતાં પરિણામ હતું 'શૂન્ય': અગાઉ ગાંડીવેલ દૂર કરવામાં મનપા રહ્યું'તુ સુપર-ફ્લોપ?

# ગાંડીવેલને કાબુમાં લેવા Thrash Barrier ટેકનોલોજીનો ઉપયોગ

## ચુનારાવાડ પુલ હેઠળ લેવાયું ટ્રાયલ : નદી-તળાવોને જળકુંભીના આતંકમાંથી મુક્તિ અપાવવા આધુનિક ટેકનોલોજીનો પ્રયોગ


રાજકોટ, તા..૭

રાજકોટ શહેરના જળાશયો અને નદીઓમાં વર્ષોથી માથાનો દુખાવો બનેલી 'ગાંડીવેલ'ની સમસ્યાનો કાયમી અને સ્માર્ટ ઉકેલ શોધવા માટે રાજકોટ મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે એક જબરો નુસખો અપનાવ્યો છે.

ચોમાસાની સિઝનની શરૂઆત સાથે જ પાણીના પ્રવાહમાં તણાઈ આવતી અને ઝડપથી ફેલાતી ગાંડીવેલને રોકવા માટે શહેરમાં સૌપ્રથમવાર 'થ્રેશ બેરિયર' ટેકનોલોજીનો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. આ આધુનિક નુસખાથી હવે ગાંડીવેલના આતંક પર સરળતાથી કાબુ મેળવી શકાશે તેવો તંત્રનો દાવો છે.

સામાન્ય રીતે ચોમાસા દરમિયાન નદી કે નાળામાં ગાંડીવેલ જામી જવાને કારણે પાણી આગળ વધી શકતું નથી અને આજુબાજુના વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાય છે. થ્રેશ બેરિયરના કારણે કચરો અને વેલ એક જ સ્પોટ પર ફિલ્ટર થઈ જશે, જેથી પાણીનો નિકાલ ઝડપથી થશે અને શહેરમાં પાણી ભરાવવાની સમસ્યામાં પણ મોટી રાહત મળશે.

રાજકોટ મનપાનો આ સ્માર્ટ અને નો-કોસ્ટ આઈડિયા જો સફળ રહેશે, તો આગામી દિવસોમાં આજી નદીના અલગ-અલગ ફેઝમાં આ પ્રયોગ વ્યાપક સ્તરે લાગુ કરવામાં આવશે. મનપાના આ જબરા નુસખાને સ્માર્ટ સિટી રાજકોટના નાગરિકો પણ બિરદાવી રહ્યા છે.




આજી નદીને ગાંડીવેલ (જળકુંભી) ના આતંકમાંથી મુક્તિ અપાવવાના મહાનગરપાલિકાના તમામ દાવાઓ તદ્દન નાકામ સાબિત થયા છે. આજી નદી અત્યારે નદી ઓછી અને ગાંડીવેલનું લીલુંછમ મેદાન વધુ દેખાઈ રહી છે. દર વર્ષે સફાઈના નામે લાખો રૂપિયા પાણીમાં વહાવી દેવા છતાં પરિણામ 'શૂન્ય' આવતા કરદાતા નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નદીના વહેણમાં કચરો અને વેલ રોકવા માટે મુકાયેલા આ બેરિયર્સ માત્ર શોભાના ગાંઠિયા સમાન સાબિત થયા છે. વેલની પ્રજનન ક્ષમતા એટલી ઝડપી છે કે કિનારેથી થોડી વેલ હટાવ્યાના ગણતરીના દિવસોમાં જ આખી નદી ફરીથી લીલી ચાદર ઓઢી લે છે. તંત્ર પાસે આ સમસ્યાનો કોઈ કાયમી, વૈજ્ઞાનિક કે નક્કર પ્લાન જ નથી, માત્ર ટુકડે-ટુકડે થતા કામોથી બજેટના નાણાંનો ધુમાડો થઈ રહ્યો છે.

હાલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા રામનાથ મહાદેવ મંદિર નજીક આવેલા પુલ હેઠળ થ્રેશ બેરિયર ટેકનોલોજી નો ઉપયોગ શરૂ કર્યો છે અને હાલ પ્રાથમિક ધોરણે તે ગાંડીવેલ કાબુમાં પણ આવી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પ્રજેશ સોલંકી એ માહિતી આપતા જણાવ્યું હતું કે હાલ જે સફળતા મળી છે તેને ધ્યાને લઈ આવનારા દિવસોમાં આજી નદીમાં આ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. જેથી વધતા દુષણને અટકાવી શકાય.

### સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને મળી પ્રાથમિક સફળતાઃ CSR અંતર્ગત ટેકનોલોજીનો ઉપયોગ, આગામી દિવસોમાં આજી નદીમાં થશે પ્રયોગ

### શું છે 'થ્રેશ બેરિયર' ટેકનોલોજી?

થ્રેશ બેરિયર એ પાણીની સપાટી પર તરતું એક મજબૂત અને ખાસ પ્રકારનું નેટ-બેરિયર (મેકેનિકલ ફિલ્ટર) છે. તેને નદી કે ચેકડેમના વહેણ વચ્ચે એવી રીતે ગોઠવવામાં આવે છે કે જેથી પાણીનો કુદરતી પ્રવાહ કોઈ પણ અવરોધ વિના સરળતાથી આગળ વહી શકે. પાણીની સપાટી પર તરતી ગાંડીવેલ, પ્લાસ્ટિકનો કચરો, બોટલો અને અન્ય સોલિડ વેસ્ટ આ બેરિયરમાં આવીને એક જ જગ્યાએ અટકી જાય. એકત્રિત થયેલા આ કચરા અને વેલને મશીનરી અથવા મેનપાવર દ્વારા કિનારેથી જ સરળતાથી બહાર કાઢી શકાય.

### સ્થાનિકોની કઠણાઈઃ બારી-બારણાં બંધ રાખીને જીવવું પડે છે!

રામનાથ પરા, મોરબી રોડ બ્રિજ આસપાસના વિસ્તારો અને આજી નદીના કાંઠે વસતા હજારો પરિવારો નરકાગારની સ્થિતિમાં જીવી રહ્યા છે. ગાંડીવેલના કારણે આખી નદી મચ્છરોની ફેક્ટરી બની ગઈ છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, ''દિવસ-રાત મચ્છરોનો એવો ત્રાસ છે કે ઘરોના બારી-બારણાં ચોવીસ કલાક બંધ રાખવા પડે છે. બાળકો અને વૃદ્ધો માંદા પડી રહ્યા છે. મનપામાં રજૂઆતો કરીએ તો માત્ર ફોગિંગ મશીન ફેરવીને સંતોષ માની લેવાય છે, પણ મૂળ સમસ્યા એવી ને એવી જ છે.

### યુદ્ધના ધોરણે કામ થાય તે જરૂરી

ચોમાસાના પ્રવાહ સાથે જો આ વેલ તણાઈને આગળ નહીં વધે અથવા તેને વહેલી તકે દુર કરવામાં નહીં આવે, તો આજી નદી કિનારાના નીચાણવાળા વિસ્તારોમાં પૂરની માનવસર્જિત આપત્તિ સર્જાઈ શકે છે. વિપક્ષ પણ આ મુદ્દે આક્રમક મૂડમાં છે અને જનતાનો આક્રોશ પણ ચરમસીમાએ છે. હવે જોવાનું એ રહે છે કે મનપા શાસકો અને તંત્ર માત્ર કાગળ પરના 'જબરા નુસખા' બતાવીને હાથ ખંખેરી લેશે કે પછી આજી નદીને સાચે જ શુદ્ધ કરવા કોઈ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરશે?

### 'મૂળ' સમસ્યા પર ઘા કરવાને બદલે માત્ર ઉપરછલ્લી સફાઈ

ગાંડીવેલના ફેલાવા પાછળનું સૌથી મુખ્ય કારણ પાણીમાં રહેલા પોષક તત્વો છે. આજી નદીમાં આજુબાજુની ફેક્ટરીઓનું કેમિકલયુક્ત પાણી અને શહેરની અનેક ડ્રેનેજ લાઈનોના ગંદા પાણી સીધા ભળે છે. આ ગંદા પાણીમાં રહેલું નાઈટ્રોજન અને ફોસ્ફરસ ગાંડીવેલ માટે 'સુપર-ફૂડ'નું કામ કરે છે. તંત્રએ ક્યારેય આ ગંદા પાણીના જોડાણો કાયમી બંધ કરવા કે તેને ટ્રીટ (જીડડ દ્વારા શુદ્ધ) કરીને નદીમાં છોડવાનું નક્કર આયોજન કર્યું જ નથી. જ્યાં સુધી વેલને મળતું આ ગંદુ પાણી બંધ ન થાય, ત્યાં સુધી ગમે તેટલી સફાઈ કરો તો પણ વેલ ઉગતી જ રહેવાની છે.

### તંત્રની નિષ્ફળતાના ૪ મુખ્ય કારણો

**દૂરંદેશીનો અભાવ**

માત્ર ચોમાસું આવે ત્યારે જ જાગવાનું, આખું વર્ષ કોઈ કાયમી મેઈન્ટેનન્સ પ્લાન નહીં.

**મશીનરીની અછત**

આજી નદીના વિશાળ પટ સામે મહાનગરપાલિકા પાસે પૂરતા પ્રમાણમાં પાણીની વેલ કાપવાના ખાસ મશીનો) ઉપલબ્ધ નહોતા. અગાઉ મહાનગરપાલિકાએ કરોડો રૂપિયાના ખર્ચે બે મોટા મશીન વસાવ્યા છે પરંતુ યોગ્ય ઉપયોગ ન કરવાને બદલે હાલ જે દૂષણ છે તે અકલ્પનીય પ્રમાણમાં વધી ગયું છે જેનો નિકાલ કરવો મહાનગરપાલિકા માટે પણ અત્યંત કફરો અને મુશ્કેલ સાબિત થઈ શકે તેમ છે.

**જડબેસલાક મોનિટરિંગનો અભાવ**

કોન્ટ્રાક્ટરો ખરેખર કેટલા ટન વેલ કાઢે છે તેના વજન અને નિકાલની પ્રક્રિયામાં મોટા પાયે આળસ અને ગેરરીતિની આશંકાઓ સેવાતી રહી છે.

**બાયોલોજીકલ ઉપાયોની ઉપેક્ષા**

દુનિયાભરમાં ગાંડીવેલને રોકવા માટે ખાસ પ્રકારના કીટકો અથવા અન્ય કુદરતી રીતો અપનાવાય છે, જેનો રાજકોટમાં ક્યારેય ગંભીરતાથી પ્રયોગ જ નથી થયો.

રાજકોટના સળગતા પ્રશ્નનો ક્યારે આવશે અંત

# પે એન્ડ પાર્કિંગ લોકો માટે પરેશાનીનું ઘર

## સ્માર્ટ સિટી રાજકોટ માત્ર કાગળ પર સ્માર્ટ બનવાને બદલે પાર્કિંગ જેવી પાયાની સુવિધામાં પારદર્શિતા લાવે તે જરૂરી

### સુવિધા શૂન્ય, વસૂલાત ફુલ!

નિયમ મુજબ પે એન્ડ પાર્કિંગના સ્થળો પર વાહનો વ્યવસ્થિત પાર્ક થાય, તડકા-વરસાદથી રક્ષણ મળે, સીસીટીવી કેમેરાની દેખરેખ હોય અને વાહન સુરક્ષિત રહે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. પરંતુ વાસ્તવિકતા તદ્દન અલગ છેઃ

**રોડ પર જ દબાણઃ**

મોટાભાગના પે એન્ડ પાર્કિંગ જાહેર રોડની સાઈડમાં જ ઊભા કરી દેવાયા છે, જેના કારણે ટ્રાફિક વધુ વકરે છે.

**મનસ્વી ભાડાઃ**

કોર્પોરેશન દ્વારા નક્કી કરાયેલા દર કરતાં બમણા-ત્રણગા વ્યાજબી-ગેરવ્યાજબી ચાર્જ વસૂલવામાં આવતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે આ અંગે નિષ્પક્ષ તપાસ હાથ ધરાય તે ખૂબ જરૂરી છે.

**કોઈ સુરક્ષા નહીંઃ**

વાહનમાંથી પેટ્રોલ ચોરી થાય કે સ્કેચ પડે તો કોન્ટ્રાક્ટરના માણસો હાથ ઊંચા કરી દે છે. 'વાહન પોતાના જોખમે પાર્ક કરવું' એવું બોર્ડ મારીને તેઓ જવાબદારીમાંથી મુક્ત થઈ જાય છે.

**'રસીદ' વગરનો રોકડો વહીવટઃ**

સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે ૮૦% સ્થળોએ ડિજિટલ પેમેન્ટ લેવાતું નથી. જો વાહનચાલક ઉતાવળમાં હોય, તો તેને રસીદ આપ્યા વગર જ રૂ. ૧૦ કે ૨૦ રોકડા લઈ વાહન પાર્ક કરવા દેવાય છે. આ બ્લેક મની સીધું કોના ગજવામાં જાય છે?

### ભૂતકાળમાં મેયર નેહલ શુક્લે આપી'તી સત્તાધીશોને ચેલેન્જ

મેયર નેહલ શુક્લે ગત ટર્મમાં જ્યારે પે એન્ડ પાર્કિંગની દરખાસ્ત આવી તે સમયે સત્તાધીશોને ચેલેન્જ કરતા કહ્યું હતું કે, પે એન્ડ પાર્કિંગ મને સોંપી દ્યો. હું સુપેરે સંચાલન કરાવીને તમામ પે એન્ડ પાર્કિંગ મફત કરી દઈશ. ત્યારે હવે પ્રશ્ન એવો ઊભો થયો છે કે હવે નેહલ શુક્લ પોતે મેયર પદ પર આવેલા છે જેથી તેમના દ્વારા જે દાવો કરવામાં આવ્યો હતો તે કેટલો સાર્થક પુરવાર થશે તે હવે જોવાનું રહ્યું. મહાનગરપાલિકા દ્વારા પે એન્ડ પાર્કિંગની ઘણી ખરી સાઈટ હજુ સુધી પરિપૂર્ણ થઈ નથી અને કોઈએ રસ પણ દાખવ્યો નથી ત્યારે રાજકોટમાં પાર્કિંગની સુવિધા અંગે ભૂતકાળમાં પણ ઘણા ખરા પ્રશ્નો ઉભા થયેલા છે જેથી આવનારા દિવસોમાં આ પ્રશ્નનું નિવારણ આવે તે હેતુસર ખાસ પગલાં લેવાનો નિર્ણય મહાનગરપાલિકાના મેયર દ્વારા લેવાય તેવું હાલ ચર્ચાઈ રહ્યું છે.



રાજકોટ, તા. ૭

રંગીલું શહેર રાજકોટ હવે ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાથી 'પરેશાન' શહેર બની ગયું છે. મહાનગરપાલિકા દ્વારા ટ્રાફિક નિયમન અને સુવિધાના નામે શહેરમાં ઠેર-ઠેર 'પે એન્ડ પાર્કિંગ'ના કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ પે એન્ડ પાર્કિંગ અત્યારે રાજકોટવાસીઓ માટે માથાનો દુખાવો અને ભારે આક્રોશનો વિષય બન્યા છે. સુવિધાના નામે મીંડું અને ઉઘાડી લૂંટના નામે કરોડોનો વેપલો ચાલી રહ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

નાગરિકોની સૌથી મોટી ફરિયાદ એ છે કે પે એન્ડ પાર્કિંગના કોન્ટ્રાક્ટરોના માણસોનું વર્તન અત્યંત તોછડું અને ગુંડાગીરીભર્યું હોય છે. જો કોઈ નાગરિક નિયમ મુજબની રસીદ કે દર (ચાર્જ) બાબતે સવાલ પૂછે, તો તેની સાથે સીધી ગાળાગાળી અને ઝઘડા કરવામાં આવે છે. મધ્યમવર્ગીય પરિવારો ખરીદી કરવા નીકળે ત્યારે આ 'પાર્કિંગ માફિયાઓ'ના ડરથી માનસિક તણાવ અનુભવે છે. સ્માર્ટ સિટી રાજકોટ માત્ર કાગળ પર સ્માર્ટ બનવાને બદલે પાર્કિંગ જેવી પાયાની સુવિધામાં ટ્રાન્સપરન્સી (પારદર્શિતા) લાવે તે અત્યંત જરૂરી બન્યું છે. જો વહેલી તકે આ 'પે એન્ડ પાર્કિંગ'ના નામે ચાલતી ઉઘાડી લૂંટ બંધ થાય તેવી લોકમાંગ ઉઠી રહી છે . રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જે હેતુથી 'પે એન્ડ પાર્કિંગ'ની નીતિ અમલમાં મૂકવામાં આવી હતી, તે હેતુ સંપૂર્ણપણે ફ્લોપ સાબિત થયો છે. આ વ્યવસ્થા ટ્રાફિક હળવો કરવાને બદલે ભ્રષ્ટાચાર અને તોડબાજીનું મોટું એપીસેન્ટર બની ગઈ છે. પ્રજાના ખિસ્સામાંથી દરરોજ લાખો રૂપિયા ખંખેરતી આ સિસ્ટમ પાછળ કયું મોટું નેક્સસ કામ કરી રહ્યું છે કે કેમ ? મેયર નેહલ શુકલે માહિતી આપતા જણાવ્યું હતું કે હાલ જેટલા પણ પે એન્ડ પાર્કિંગ કાર્યરત છે તે તમામના કોન્ટ્રાક્ટ પૂરા થવાને હજી છ મહિના જેટલો સમય લાગશે ત્યાર બાદ જ યોગ્ય નિર્ણય લઈ શકાશે.

### શું રાજકોટ ખરા અર્થમાં સ્માર્ટ ?

**– ડિજિટલ ઈકોનોમીનો ઉડ્યો છેદઃ**

સ્માર્ટ સિટીમાં તમામ વ્યવહારો કેશલેસ (ઉશલશફિંહ) હોવા જોઈએ. જ્યારે રાજકોટના પે એન્ડ પાર્કિંગમાં આજે પણ 'ઓન્લી કેશ'નો આગ્રહ રાખવામાં આવે છે જે અયોગ્ય

**– ઈન્ટિલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટનો ફિયાસ્કોઃ**

સ્માર્ટ સિટીમાં સ્માર્ટ પાર્કિંગ એપ્લિકેશન હોવી જોઈએ, જેનાથી વાહનચાલકને અગાઉથી ખબર પડે કે કયા લોકેશન પર જગ્યા ખાલી છે. અહીં તો જગ્યા ન હોવા છતાં વાહનો ખડકી દેવાય છે અને રોડ બ્લોક કરાય છે.

**– નાગરિક સુરક્ષા પર પ્રશ્નાર્થઃ**

જ્યાં સીસીટીવી કેમેરાની કનેક્ટિવિટી સ્માર્ટ સિટી કમાન્ડ સેન્ટર સાથે હોવી જોઈએ, ત્યાં પાર્કિંગમાં વાહન ચોરી કે તોડફોડ થાય તો સીસીટીવી ફૂટેજ પણ મળતા નથી.

### સાંપ્રત પરિસ્થિતિમાં શું તંત્ર કરી શકે

મેયરના આ '૬ મહિનાના વાયદા' વાળા નિવેદન બાદ રંગીલા રાજકોટની જનતા તંત્ર સામે લાલચોળ થઈ ગઈ છે અને સવાલો ઉઠી રહ્યા છેઃ

– કાયદાનું પાલન કરાવવા ટેન્ડર પૂરું થવાની રાહ જોવાય? કોન્ટ્રાક્ટરો અત્યારે નિયમભંગ કરે છે, ડબલ ચાર્જ વસૂલે છે અને ગુંડાગીરી કરે છે. શું આ ગુનાઓ રોકવા માટે ટેન્ડર પૂરું થવાની રાહ જોવી પડે?

– બ્લેક લિસ્ટ કેમ નહીં? જો કોઈ કોન્ટ્રાક્ટર શરતોનો ભંગ કરે, તો કોર્પોરેશન પાસે તેનું ટેન્ડર તાત્કાલિક રદ કરવાની અને ડિપોઝિટ જપ્ત કરવાની સત્તા હોય જ છે, તો પછી મ્યુનિસિપલ કમિશનર અને મેયર કયા દબાણ હેઠળ લાચાર છે?

– ૬ મહિનામાં કેટલા કરોડ સ્વાહા? રાજકોટની જનતા આગામી ૧૮૦ દિવસ સુધી દરરોજ ખિસ્સા ખાલી કરતી રહેશે અને તંત્ર માત્ર ફાઈલોની મુદતો ગણતું રહેશે?

### તંત્રની મીલીભગત કે રાજકીય આશીર્વાદ?

શહેરીજનોમાં ચર્ચાતી વિગતો મુજબ, આ પે એન્ડ પાર્કિંગના મોટાભાગના કોન્ટ્રાક્ટરો કાં તો સ્થાનિક નેતાઓના સગા-સંબંધીઓ છે અથવા ડમી નામોથી ચાલતા માથાભારે તત્વો છે. છખઈના વેસ્ટ ઝોન, સેન્ટ્રલ ઝોન કે ઈસ્ટ ઝોનના અધિકારીઓ ક્યારેય આ સ્થળોની રૂબરૂ મુલાકાત લેતા નથી. ટ્રાફિક પોલીસ ક્રેન લઈને સામાન્ય નાગરિકનું વાહન નો-પાર્કિંગમાંથી ઉપાડી જાય છે, પરંતુ પે એન્ડ પાર્કિંગવાળાઓએ રોડ રોકી રાખ્યો હોય ત્યાં આંખ આડા કાન કરે છે. આ બેધારી નીતિ પાછળ 'મંથલી હપ્તાખોરી' જવાબદાર હોવાના ખુલ્લેઆમ આક્ષેપો થઈ રહ્યા છે.